ફેબ્રુઆરી, ૨૦૧૭

વાર્ષિક લવાજમ રૂ.૧૫૦/-

પાવન હૃદય

# દૂત



## જળપ્લાવિત વિસ્તારઃ સુરક્ષિત ભવિષ્ય

# આભારસ્તુતિ



**દેવના અનિવાર્ચ્ય દાનને માટે તેની સ્તુતિ થાઓ.**






**આરવ**

**જન્મઃ ૧૫-૦૮-૨૦૧૪**

**સુનિલ - નિલ્પા**



**રાયન**

**જન્મઃ ૧૪-૦૧-૨૦૧૫**

**ભાવેશ - મારિયા**



**ખુશી**

**જન્મઃ ૨૦-૧૧-૨૦૧૬**

**ઉમંગ - બોસ્કી**

પ્રભુએ આપેલ આ સંતાનોની ભેટ બદલ અમે આનંદ ઉલ્લાસ સાથે પરમપિતા તેમજ માતા મરિયમનો અનહદ આભાર માનીએ છીએ. જીવન ઝંઝાવાતમાંથી અમને બહાર લાવી સુખમાં સંગત અને દુઃખમાં દિલાસો દેનાર, હિંમતથી આગળ વધવાની પ્રેરણા આપવા બદલ સતત અમારી પડખે રહી, હૂંફ અને વાત્સલ્ય પૂરું પાડનાર, પૂરી શ્રદ્ધાથી પ્રભુમાં વિશ્વાસ રાખી પગલે પગલે ચાલવાની શક્તિ આપનાર સૌ સગાં-સંબંધી સ્નેહીજનો, મિત્રો તથા અમારા પાડોશીઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અમારા સ્વધામે પહોંચેલા અમારા ઘરના મોભી ઈશ્વરભાઈ તથા દીકરી કલ્પનાબેનના પુણ્ય પ્રતાપે પ્રભુએ સૌ પૂરું પાડ્યું છે. પુનરુત્થાનની પ્રભાતે સૌ સાથે મળી આનંદ કરીએ એજ પ્રાર્થના.

**રેગીનાબેન આઈ. મેકવાન તથા પરિવાર**

***૧૫, ઈશ્વરકૃપા સોસાયટી, નૂતન વિદ્યાલય સામે, મણિનગર(પૂર્વ) - ૮***

*“જિંદગી તારલિયાનું તેજ*
*સોય ભલે ન પરોવાય*
*અજવાળું તો મળશે.”*

# 51 Wedding Anniversary




**Chauhan Paulbhai** **Chauhan Savitaben**

Date of Marriage : 02/02/1966 – 02/02/2017

Mummy & Pappa,
We can not begin to describe how blessed
We are to have amazing parents in our life!
Seeing true love through both of you, make our hearts happy.
As your children, we see perfection in both of you.
We love you.

Your Loving Children

Sunita - Sunil Chauhan
Sunidhi - Swapnil

Jyoti - Jastin Chauhan
Spandan - Saumya

Shelly - Rajesh Chauhan
Rijul - Prahchi

# ગૌરવન્વિત શુભેચ્છા સહ અભિનંદન


















ઝળહળતા દીવડાઓથી સમગ્ર ખ્રિસ્તી સમાજ ઉજાગર થઈ રહ્યો છે. ત્યારે અમારો કુળદિપક અંકુર "સરદાર પટેલ યુનિવર્સિટી" વિદ્યાગનર દ્વારા બી.એસ.સી. તેમજ એમ.એસ.સી. ફિઝિક્સમાં કુલ "સાત ગોલ્ડ મેડલ" સાથે યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે આવી ખ્રિસ્તીસમાજનું, કુટુંબનું તેમજ બોરીઆવી ગામનું ગૌરવ વધારી સમાજના અન્ય વિદ્યાર્થીઓ માટે દીવાદાંડી રૂપ સિદ્ધ થયેલ છે. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા તેની PHYSICAL RESEARCH LABORATORY, DEPARTMENT OF SPACE, GOVERNMENT OF INDIAમાં SCIENTIFIC ASSISTANT તરીકે નિમણૂક મેળવેલ છે. તારી આવી જવલંત સિદ્ધિ માટે તેમજ આવનાર વર્ષોમાં જીવનમાં ખૂબ સારી પ્રગતિ કરે તેવી પરિવારની અઢળક શુભેચ્છા સાથે માતા મરિયમ તથા પ્રભુઈસુનો "આભાર."

**શુભેચ્છા સહ**

**જોનભાઈ - મીનાબેન (મમ્મી-પપ્પા)** — **અજય - અનુજ (ભાઈ)**

**અશોક - શોભના (કાકા-કાકી)** — **નિલેશ - નિલુ (કાકા-કાકી)**

**દિવ્યા** — **શેનન**

**સ્વ. વિલ્યમભાઈ એન. ડાભી તથા માર્થાબેન(મા)નો સમગ્ર પરિવાર**

"ઈડન ગાર્ડન" આમ્રકુંજ સોસાયટી પાછળ, બોરીઆવી (મો. ૮૭૩૪૮ ૭૮૭૭૦)

**Publisher's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
માર્ટિનભાઈ એમ. મેકવાન

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન



# અનુક્રમણિકા

**તંત્રીલેખ**
ખ્રિસ્તીજીવન ✧ જસવંત મેકવાન ૦૭

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૦૯
શૈલેષ વાણિયા ✧ રમેશ મેકવાન ✧ સૂર્યકાંત ડી. પરમાર
✧ શૈલેષ આઈ. પરમાર ✧ દિનેશભાઈ પાટિલ 'દિનું-રિકુંજ'

**તમારો પત્ર** ૧૦
ફ્રાન્સિસ ગાલ્લુસ મેકવાન

**લેખો**
સમાજસુધારક ઈસુ ✧ અનિલભાઈ વાઘેલા ૧૧
દીનદરિદ્રોમાં ઈશ્વરની ઓળખ ✧ બ્રધર કિશોર ગાવિત એસ.જે. ૧૨
મિરાત (લઘુકથા) ✧ ઈન્દુરાવ ૧૩
જળપ્લાવિત વિસ્તારો..... ✧ સુશીલા રાઠોડ ૧૪
મશાલ (નવલિકા) ✧ ગાબ્રિયેલ પી. ચૌહાણ ૧૬
યુવાનેદનાની સંવેદના ✧ જયંતીભાઈ મેકવાન ૧૮
સંતાનોને પત્ર ✧ સુશીલા મેકવાન ૨૦
દયા: ધરમ કા મૂલ ✧ પોલ મેકવાન ૨૨
સોહામણો દિન (નવલિકા) ✧ અલ્પેશભાઈ પરમાર ૨૪

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૨૭-૩૦

પ્રેમનું પર્વ ✧ ડેવિડ પીટર ક્રિશ્ચિયન ૩૨
જતું કરીએ... ✧ શૈલેષ રાઠોડ 'અભિધેય' ૩૩
એરિયલ (નવલિકા) ✧ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન ૩૪
સાચો મિત્ર ✧ બ્રધર પ્રિતેશ દેવાંશી ૩૬
પુસ્તક પરિચય ✧ ફ્રાન્સિસ ડાયર્સ / વિલિયમભાઈ પરમાર ૩૭
દેવળમાં જવાનું પ્રયોજન ✧ અમિત ચૌહાણ ૩૮
નમ્ર પરમસુખી ✧ મથુર વસાવા ૩૯
પરમસખા દુ:ખ ✧ રાજેશ ચૌહાણ ૪૦
પંચાયતી રાજ ✧ શૈલેષ ક્રિસ્ટી ૪૨

**પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી )** ૪૯


**આવરણ:** 'સંપૂર્ણ બાઈબલ'ના ઉત્પતિના ગ્રંથથી માંડી વડાધર્મગુરુ ફ્રાન્સિસના વૈશ્વિક પરિપત્ર 'લાઉદાતો સી'- 'તારી સ્તુતિ હો, મારા પ્રભુ' માં 'ધરતી આપણા સહિયારા ઘર' ની સંભાળ અંગે અનેક પ્રેરક વાત છે. 'દૂત' પણ પ્રકૃતિ અને માનવના અભિન્ન વિકાસ માટે કર્તવ્યનિષ્ઠ છે ત્યારે જળપ્લાવિત વિસ્તારની સુરક્ષા માટે જનચેતના માટે પ્રયાસ કરે છે.

કવરપેજ: પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધના હિતાર્થે વેબસાઈટ www.ramsor.org ના સૌજન્યથી




"પ્રત્યેક માનવ હંમેશા અને સ્વના જ અધિકાર માટે લડત આપે ત્યાં સુધી સાચી શાંતિ શક્ય નથી, પરમાર્થનો વિચાર કરવો એટલો જ અનિવાર્ય છે."

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✝ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✝ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✝ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧



## તંત્રીલેખ...



# ખ્રિસ્તીજીવન

ખ્રિસ્તીજીવન શું છે? કોણ ખ્રિસ્તીજીવન જીવી શકે? ખ્રિસ્તીજીવન જીવવાનું પ્રયોજન શું હોઈ શકે? ખ્રિસ્તીજીવન કેટલાં વર્ષનું હોઈ શકે? ખ્રિસ્તીજીવન જીવવા માટે કંઈક સમર્પણ જરૂરી છે? જેવા કે એથી વધારે પ્રશ્ન આપણા મનમાં જાગ્યા હોય અથવા ખ્રિસ્તીજીવન વિશે અજાણ્યા લોકો ક્યારેક કે અવારનવાર કરતા હોય છે, ત્યારે આપણો પ્રત્યુત્તર શો હોઈ શકે?

ખ્રિસ્તીજીવન શ્રધ્ધા આધારિત જીવન છે. ખ્રિસ્તને આધીન જીવન છે, એમ આપણે કહી શકીએ. ખ્રિસ્તનું અનુકરણ કરતાં, ખ્રિસ્તને અનુરૂપ જીવન જીવવાની અહીં હાકલ છે, સાંપ્રત વિશ્વમાં ખ્રિસ્તાનુકરણ અને દુન્વયી જીવનમાં મોટાભાગે એકબીજાથી ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલો વિરોધાભાસ જોવા મળે છે.

જીવન વિશે વિચારી શકે એવા દશમા કે બારમા ધોરણના વિધાર્થીઓ ખ્રિસ્તયજ્ઞ, પવિત્ર ગુલાબમાળાની ભક્તિ કે ધર્મશિક્ષણના વર્ગથી મહદ્અંશે દૂર રહે છે, ઘણીવાર માબાપ પણ તેમને પ્રાર્થનાના બદલે વાંચન કે ટ્યુશન ક્લાસમાં જવા પ્રોત્સાહન આપતાં હોય છે.

એક સભાપુરોહિતે દશમા ધોરણના એક વિધાર્થીને સૂચન કર્યું : 'દીકરા રવિવારના ખ્રિસ્તયજ્ઞમાં આવવાનું રાખો. અન્ય વિધાર્થીઓ સાથે ધર્મશિક્ષણના વર્ગમાં હાજરી આપો. ધર્મસભા દ્વારા આયોજીત પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું રાખો, અભ્યાસ સાથે આ પણ જરૂરી છે.' વિધાર્થીએ પ્રત્યુત્તર વાળ્યો: 'ફાધર મારી પાસે સમય જ નથી. સવારે વાંચવાનું, શાળામાં જવાનું, શાળાથી વળી ટ્યુશનમાં જવાનું! દેવળમાં જવાનો સમય જ નથી!' વિધાર્થીની વાત પણ વાસ્તવિક લાગે છે. વિધાર્થીના માબાપનો ફાધરે સંપર્ક કર્યો ત્યારે માબાપનો પણ લગભગ આ જ જવાબ હતો! 'અત્યારે જો તે ભણવામાં ધ્યાન ન આપે તો... તેનું ભવિષ્ય કેવું બનશે? પરીક્ષા પછી ખ્રિસ્તયજ્ઞ કે ધર્મસભાની પ્રવૃત્તિઓમાં જરૂરથી હાજરી આપશે.ધર્મશિક્ષણના પ્રમાણપત્રથી શો ફાયદો થશે?'

બોર્ડની પરીક્ષાને એકાદ અઠવાડિયું બાકી હતું ત્યાં જ પેલો વિધાર્થી મોટરસાયકલ પર જતાં અકસ્માતનો ભોગ બન્યો અને હવે તે પરીક્ષાખંડને બદલે હોસ્પિટલમાં દાખલ થયો! મા એ રડતાં રડતાં સભાપુરેહિતને દુર્ઘટનાના સમાચાર આપ્યાઃ 'મારો દીકરો રાતદિવસ તનતોડ મહેનત કરતો હતો. પરીક્ષા માટે બરાબર તૈયારી કરી હતી પણ જુઓને... હોસ્પિટલમાં છે, હવે પરીક્ષા નહીં આપી શકે!' સભાપુરોહિતે વિધાર્થીની મુલાકાત કરી અને સાંત્વન આપતાં કહ્યું : 'કેવળ ભણભણ કરવાથી શું? પ્રભુની કૃપા પણ આવશ્યક છે.' પ્રત્યેક માબાપને પોતાનાં સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે સ્વપ્ન હોય છે, વિધાર્થીને પણ સર્વોત્તમ કારકિર્દીની મહત્ત્વકાંક્ષા હોય છે, પણ પરમેશ્વર આપણા સર્જનહારે પણ, પ્રત્યેક માટે એક યોજના બનાવી છે, એટલે પ્રભુના સાંનિધ્યમાં બેસીએ, સઘળું પ્રભુના શરણમાં મુકીએ, પ્રભુની ઈચ્છા જાણીએ, જીવન સફળ-સાર્થક કરીએ.

'તમારે માટે મેં જે વિચારેલું છે તે હું જાણું છું, મેં તમને સુખ-શાંતિ આપવા વિચાર્યું છે, તમને આફતમાં ઉતારવા વિચાર્યું નથી. તમે ભાવિ માટે જે આશા સેવી છે તે પૂરી કરવાનું મેં વિચાર્યું છે, ત્યારે તમે મારી પાસે આવી મારી પ્રાર્થના કરશો, તો હું તે સાંભળીશ.'ઈર્મિયા ૨૯:૧૧-૧૨) પ્રભુનાં વચન પર વિશ્વાસ રાખીને પ્રાર્થના કરીએ, આપણું ભવિષ્ય ઉજ્જવળ બનશે જ. એટલે જ વિશ્વાસ એ ખ્રિસ્તીજીવનની બુનિયાદ છે. ખ્રિસ્તના પ્રત્યેક અનુયાયીએ દઢપણે ભરોસો કરવો જ રહ્યો કે, પ્રભુ પરમેશ્વર એકમાત્ર ઈશ્વર છે, જે પોતાનાં સંતાનોની દરેક વાતે સંભાળ રાખે છે.

ખુદ ઈસુએ શિષ્યોને આદેશ આપ્યો હતોઃ 'ઈશ્વર પર શ્રધ્ધા રાખો, મારા ઉપર પણ શ્રધ્ધા રાખો.'(યોહાન ૧૪:૧) હિબ્રુઓ પરના પત્ર (૧૧:૧-૩૯)માં સંત પાઉલ 'શ્રધ્ધાવીરોને પગલે ચાલીએ' પ્રકરણમાં શ્રધ્ધાની સંકલ્પના આપે છેઃ 'શ્રધ્ધા એટલે જેની આપણે આશા રાખીએ છીએ તેની ખાતરી અને જે નજરે જોયું નથી તેનો પુરાવો.' અને પછી જૂના કરારના શ્રધ્ધાવીરોએ દાખવેલી શ્રધ્ધા અને તેના કારણે પ્રાપ્ત આશીર્વાદના એક પછી એક ઉદાહરણ આપે છે.

ખ્રિસ્તીજીવનનું બીજું અને મહત્ત્વનું લક્ષણ છે- આજ્ઞાપાલન, આજ્ઞાધીનતા જોકે આજ્ઞાઓ પાળવી (પરમેશ્વરની દસ અને ધર્મસભાની પાંચ)એ ખ્રિસ્તજીવનની પૂર્વશરત છે. 'દિવ્યરૂપ દર્શન'(માથ્થી ૧૭:૧-૯) પછી ઈસુ, પીતર, યાકોબ અને તેના ભાઈ યોહાન સાથે પર્વત પરથી નીચે ઉતરતા હતા ત્યારે ઈસુએ તેમને આજ્ઞા કરી કે, 'માનવપુત્ર ફરી સજીવન થાય ત્યાં સુધી તમને થયેલા દર્શનની કોઈને વાત કરશો નહીં.' પોતાના જાહેર જીવનના આરંભમાં જેમને પણ ઈસુએ સાજાપણું આપ્યું તે તમામને "જો જો, કોઈને આની ખબર ન પડે." એવી ચેતવણી ઈસુ આપતા હતા, એ જ ઈસુ પુન્રુત્થાન પછી અગિયાર શિષ્યોને દર્શન આપતાં આદેશ આપે છેઃ 'તમે દુનિયામાં બધે જઈ આખી સૃષ્ટિને શુભસંદેશ સંભળાવો.'(માર્ક ૧૬:૧૫) ભગવાન ઈસુએ એક વખત સત્યને ગુપ્ત રાખવાની આજ્ઞા આપી હતી, તે જ હવે જાહેરમાં ઘોષણા કરવાનો આદેશ આપે છે.

સ્વર્ગારોહણ સમયે પણ ખ્રિસ્તે શિષ્યગણને અંતિમ આદેશ આપ્યો હતો : 'એટલે તમે જાઓ, બધી પ્રજાના લોકોને મારા શિષ્ય બનાવો. તેમને પિતા અને પુત્ર અને પવિત્ર આત્માને નામે સ્નાનસંસ્કાર કરાવો, તમને મેં જે જે આજ્ઞાઓ આપી છે, તેનું પાલન કરવાનો ઉપદેશ આપો.'(માથ્થી ૨૮:૧૯-૨૦)

પવિત્ર આત્માના અવતરણ વખતે લોકોએ પીતરને પૂછ્યું હતું: 'ભાઈઓ અમે શું કરીએ?' પીતરે જવાબ વાળ્યો હતો: 'હૃદયપલટો કરો, તમારા પાપની ક્ષમા માટે તમે એક એક જણ સ્નાન સંસ્કાર લો, તો તમને પવિત્ર આત્મારૂપી વરદાન મળશે.'(પ્રેષિતોનાં ચરિતો ૨: ૩૮) સંસ્કાર અંગીકારથી પણ આગળ આદેશ સંત યાકોબ (૧:૨૨)ના પત્રમાં છે, 'એ વાણીને આચરણમાં ઉતારજો, માત્ર સાંભળીને સંતોષ ન માનશો, એ તો જાતને છેતરવા બરાબર છે.' 'ઈશ્વરનાં આજ્ઞાંકિત બાળકો બનો... પવિત્ર બનો, કારણ હું પવિત્ર છું.' એવી શિખામણ રોમન સામ્રાજ્યના ઈસુપંથીઓને સંત પીતરે (૧ પીતરઃ ૧:૧૩-૧૬) પ્રભુને નામે આપી હતી.

સાંપ્રત જીવનમાં પ્રભુની મુક્તિ યોજનાને ગુપ્ત રાખવા કરતાં જાહેર કરવાની વધારે આવશ્યકતા છે. દુનિયામાં બુરાઈનો વ્યાપ વધતો જ જાય છે ત્યારે રોજબરોજના જીવનમાં ખ્રિસ્તીજીવનની સાક્ષી અનિવાર્ય છે. આધુનિક જીવનમાં ઉપદેશ આપવા કરતાં પ્રભુવાણીને આધાર બનાવી તદ્નુસાર જીવન જીવવાનું બહેતર છે.

સેંટ ઈસિદોર(૧૦૭૦-૧૧૩૦) સામાન્યપણે દરરોજ સવારે ખ્રિસ્તયજ્ઞમાં હાજરી આપતા અને અવારનવાર ખેતરમાં મોડા પહોંચતા. તેઓ ખેડ મોડી શરૂ કરતા છતાંયે દેવદૂતોના સંગાથમાં ત્રણવાર ખેડ કરી હોય એવી ખેડ કરી શકતા હતા! અન્ય ખેતમજૂરો અને ખેતરના માલિક પણ આ સત્ય જાણતા હતા અને સંતનો આદર કરતા હતા. સંત ઈસિદોર ગરીબ લોકો અને પશુપક્ષીઓને ચાહતા હતા. ભૂખ્યા પક્ષીઓને ચણ નાખતા અને ભિખારીઓ વચ્ચે પોતાનું ભાણું વહેંચી આપતાં 'અક્ષય રોટી'નો ચમત્કાર શક્ય બન્યો હતો. આજે ધર્મસભા સંત ઈસિદોરને ખેડૂતો અને શ્રમજીવીઓના રક્ષક સંત તરીકે સન્માને છે! ધર્મસભા ૪ એપ્રિલના રોજ સંતનો તહેવાર ઉજવે છે.

ખ્રિસ્તીજીવન એટલે શુધ્ધતા. ખ્રિસ્તીઓ આ દુનિયામાં છે પણ ઈસુ પોતે આ દુનિયા(સંસાર)ના નથી! સંત પાઉલે, તિતસ(૨:૧૧-૧૨)ને જણાવ્યું હતું: 'કારણ, સર્વ માનવોને મુક્તિ અર્પનારી ઈશ્વરની કૃપા પ્રગટ થઈ છે અને આપણને એવો બોધ આપે છે કે અધર્મ અને સાંસારિક વાસનાઓનો ત્યાગ કરીએ.'

ખ્રિસ્તીજીવન એટલે સમર્પિત સેવાયજ્ઞ. ખ્રિસ્તનો અનુયાયી દરરોજ પોતાનો ક્રૂસ ઉપાડીને ખ્રિસ્તની પાછળ ચાલે છે.(લૂક:૧-૨૩) સંત પાઉલ(૧કરિંથ ૧૫:૫૮) કરિંથવાસીઓને યાદ અપાવે છે : 'પ્રભુને અર્થે ઉઠાવેલો શ્રમ વ્યર્થ જતો નથી, એમ જાણીને દઢ રહેજો અને પ્રભુના કાર્યમાં નિરંતર મથ્યા રહેજો.' અને છેવટે ખ્રિસ્તીજીવન એટલે ભરપૂર આશીર્વાદ. ખ્રિસ્તીજન ખ્રિસ્તની સેવાપૂજા કરે છે, ખ્રિસ્તના સહકાર્યકર બને છે અને આધ્યાત્મિક બક્ષિસ પ્રાપ્ત કરે છે, શાશ્વતજીવનની આશા આપે છે.

આજે ચોતરફ અંધકારનું સામ્રાજ્ય છે. સત્ય અને ભલાઈનું અવમૂલ્યન થઈ રહ્યું છે, ધાર્મિકતા અને ન્યાયનો હ્રાસ થાય છે ત્યારે નીડરતાથી સત્યની ઘોષણા કરવાની અને ઈસુના સાક્ષી બનવાનો પડકાર છે.

પ્રેષિતો લોકોને ઉદ્દેશીને બોલતા હતા એવામાં પુરોહિતો, મંદિરના રક્ષકદળનો વડો અને સદૂકીઓ ત્યાં આવી ચડ્યા. ઈસુના નામના પ્રતાપે ઉપદેશ આપતાં, ઘણા ઈસુ પર શ્રદ્ધા ધરાવતા થયા હતા. લોકોમાં ઈસુની વાત ફેલાતી અટકાવવા તેમણે ચેતવણી આપી પણ પીતરે અને યોહાને સામેથી કહ્યું: 'અમે તો જે જે જાતે જોયું છે અને સાંભળ્યું છે તેને વિશે બોલ્યા વગર રહી જ શકીએ એમ નથી.'(પ્રેષિતોનાં ચરિતો ૪:૨૦) નીડરતાથી સાક્ષી આપવી એ પ્રત્યેક ખ્રિસ્તીનું જીવન કર્તવ્ય છે.

જેમણે ઈસુને જાણ્યા છે, ઓળખ્યા છે, તે સત્યની ઘોષણા કરે, પોતાના ખ્રિસ્તીજીવનને ખ્રિસ્તની સાક્ષીરૂપ બનાવે. જો આપણે સાક્ષીરૂપ જીવન જીવતા ન હોય તો આપણે અપરાધી છીએ કારણ અનેકને દીવારૂપ બનવા માટે જ ખ્રિસ્તે આપણી પર મહોર મારી છે. આપણે ખ્રિસ્તીજીવનના મૂલ્યોથી પરિચિત છીએ, એટલે ખ્રિસ્તીજીવન મૂલ્યોથી વિમુખ જીવનથી નાશ નોંતરનાર માટે પ્રભુ આપણને પ્રશ્ન પૂછી શકે ખરા! આપણી સામે જ કોઈ ખરાબ કામ થતું હોય, અન્યાય કરવામાં આવતો હોય તો તેના અટકાવની અને તેના હૃદય પરિવર્તનની જવાબદારી પ્રત્યેક ખ્રિસ્તીની બની શકે છે. ઉપદેશ, ઉપવાસ,તપ અને પ્રાર્થના દ્વારા ખ્રિસ્તના સાચા અનુયાયી, આપણે બની શકીએ છીએ.

ઘર, બહાર, સમાજ, ધર્મસભા જ્યાં પણ આપણે, ત્યાં આપણી ખ્રિસ્તીજીવનની સાક્ષી. યાદ રાખીએ ઘણીવાર મૌન દૂષણની વૃદ્ધિ કરે છે. ખ્રિસ્ત દરેક વખત આપણી પડખે ઉભો હોય છે, આપણને સહાય કરે છે. પયગંબર યશાયા(૪૩:૧૦) મારફતે પ્રભુ જણાવે છેઃ 'તમે જ મારા સાક્ષી છો, તમને મેં પસંદ કર્યા છે, જેથી તમે મને જાણો, મારામાં વિશ્વાસ મૂકો અને સમજો કે હુ જ એકમાત્ર ઈશ્વર છું.'

જીવન વિશે કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શબ્દો પણ પ્રેરક છે. 'Life is given us, we earn it by giving'

અર્થાત્ 'જીવન પ્રભુનું વરદાન છે, એ બીજા માટે અર્પીને તેના હકદાર બનાઓ.' (અનુ. જયંત મેઘાણી)

ભગવાન ઈસુનું વચન, જે સંત ઈગ્નાસ મારફતે, સંત ફ્રાન્સિસ ઝાવિયેરને સંભળાવવામાં આવ્યું હતું, જેણે ફ્રાન્સિસને સંત બનાવ્યા હતા; તેનું સ્મરણ આપણી ખ્રિસ્તીજીવનની આધ્યાત્મિકતાને ઉર્ધ્વગામી બનાવશે. 'કોઈ માણસ આખું જગત જીતે પણ પોતાનું સાચું જીવન ખોઈ બેસે તો એ ખાટ્યો શું?' (માર્ક ૮:૩૬)

એટલે ખ્રિસ્તીજીવન એક પડકારરૂપ જીવન છે, ભરપટ્ટે જીવન છે, અન્ય જીવનની સરખામણીમાં અદ્ભુત જીવન છે. સંસારના દૂષણથી બહાર આવવા તેને સહાય કરે છે. જે સારું છે તેનો વિકાસ કરે છે. ખ્રિસ્તીજીવન બીજાને માટે જીવવા અને પ્રાણ પાથરવા આદર્શ આપે છે. ખ્રિસ્તીજીવન જાણવા, જીવવા, ઘોષિત કરવા આપને આમંત્રણ છે. હળ પર હાથ મૂકીને પાછળ જોશો તો નહી ને...! હાર્દિક શુભેચ્છાઓ.

— જસવંત મેકવાન

# કાવ્યધારા



## પાછા મળીશું

સંબંધ બંધાશે તારો ને મારો
હતા એવા એંધાણ, પાછા મળીશું!

વાણી વર્તન ને વિચારો હતા મળતા
તે જોતાં પાછા મળીશું!

આંખમાં ઉજાગરા ને હોઠે મૌનના તાળા,
અભિલાષાઓ એટલી કે મૃગજળ પ્યાસા!
હાસ્યના ઉપવનમાં, ફરવાની આશા,
... કે પાછા મળીશું!

પ્રેમની ભાષા શીખું છું, ને શીખતો રહીશ,
આંખોની ભાષા, કે પાછા મળીશું!

*— શૈલેષ વાણિયા*

## જોયું જશે

માર્ગમાં અવરોધ આવી જાય તો જોયું જશે,
સ્થિર દરિયે આંધીઓ સર્જાય તો જોયું જશે.

હું જીવ્યો છું પ્રેમથી ને પ્રેમથી પામ્યો છું ઘણો,
પામું સ્વર્ગ કે નર્ક આતમ જાય એ જોયું જશે.

એ ખુદા તારી રચનાઓ ન સમજી શક્યો,
તુજને મારું દર્દ ના સમજાય તો જોયું જશે.

એની આંખોમાં મેં જોયું સ્વર્ગ ને ડૂબી ગયો,
મારો એનો સાથ ના સચવાય તો જોયું જશે.

ચાર દિનમાં ઝંખનાઓ કૈં હતી ને સાથ પણ,
મુજ વિદાયની વેળ ના જળવાય તો જોયું જશે.

*— રમેશ મેકવાન*

## સફળતા

મેદાન આ છોડી સંઘર્ષનું,
ભાગી ન જશો આમ,
છે સફળતા તો સંઘર્ષ પછી...

મોજાંઓની થપાટોથી ડરીને,
નાવડી પાર નથી થતી,
દરિયો ખેડો તો મળે સફળતા!

નિંદર ત્યાગવી પડે-
આળસથી ના મળે સફળતા!

નસીબના કૂવામાં ડૂબકી ના મારો,
મહેનતના વહેણમાં તરતા રહો!
ઝઝૂમતા રહેનારા હાથમાં
છે સફળતા!

*— સૂર્યકાન્ત ડી. પરમાર*

## તારા નામથી...

દિલની વાત લખી દો તારા નામથી,
શું કરું? સૌ સારું થશે તારા નામથી!

જિંદગીના રણમાં અટવાયો છું હું,
લીલુડી વાડી ખીલશે તારા નામથી!

રાહ જોઉં છું ક્યારેક આવશે એ,
જિંદગી વીતી જશે તારા નામથી!

કંઈક સારું કરી મરવાની છે ઈચ્છા
પગલું પ્રથમ ભરાશે, તારા નામથી!

ફૂલો બિછાવી તૈયાર કરશે 'શૈલેષ'
નામ કબર તણું હશે તારા નામથી!

*— શૈલેષ આઈ. પરમાર*

## દુનિયા

અંધ છું પણ જોઈ શકું છું આ દુનિયા,
ચઢતી પડતી ઉથલતી આ દુનિયા!

'મારું તારું તેનું', કહી કરે મારામારી,
બંધ આંખે જોઈ શકું છું કપટી દુનિયા!

ભાઈભાંડું સગાંસાથી કરે લાતાલાતી,
'સંપકુસંપ ઈર્ષ્યા' કરી જીવે આ દુનિયા !

બંધ પણ ખુલ્લી આંખે જોઉં છું દુનિયા,
ના સ્નેહ કે ભાવો કે લાગણીની ભીનાશ!

આંખના અજવાળે જીવતી આ દુનિયા,
અંધ પણ શરમાય એવી આ દુનિયા!

શું ફર્ક છે 'દિનું' અંધકાર ને ઉજાશમાં?
અંધ છું પણ જોઈ શકું છું આ દુનિયા!

*— દિનેશભાઈ પાટિલ 'દિનું-રિકુંજ'*

**વિશેષ નોંધઃ** આપની કાવ્યકૃત્તિ ગુજરાત સાહિત્ય પ્રકાશમાં મોકલવાને બદલે કાવ્યધારાના સંપાદક ડૉ. સિલાસ પટેલિયાને નીચેના સરનામે અથવા ઈ-મેલ પર મોકલવા વિનંતી.
Email: silaspatelia@gmail.com

સરનામુંઃ



To,
**ડો. સિલાસ પટેલિયા**
**૨૦૧-સેફ્રોન ક્લાસિક**
SBS Colony, **ડિલક્ષ ચાર રસ્તા**
**નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨**
**મોઃ ૯૩૭૭૨૬૬૮૨૮**



# તમારો પત્ર



### (૧)

ડિસેમ્બર ૨૦૧૬ના 'દૂત'નું વાંચન કર્યું. મુખ્યપૃષ્ઠ પરનું ચિત્ર નિહાળતાં લાગ્યું જેણે જગતના તારણ માટે જન્મ લેવાનો છે. એવા મસિહબાળને જન્મ લેવા માટે ઉતારામાં ક્યાંય જગ્યા ન મળી! આખરે ગામ બહાર ખુલ્લી જગ્યામાં ભરવાડોના ઝોકની વચ્ચે મસિહા જન્મ ધારણ કરે છે. કેવી બલિહારી! નવલિકા 'શમણા લીલાછમ' માં સુજ્ઞશ્રી સ્નેહલતા ભાટિયા લિખિત વાર્તા હૃદયને સ્પર્શી ગઈ. કોઈ પણ સમાજમાં એચ.આઈ.વી. ગ્રસ્તો માટે કેવી યાચનાઓ વેઠવી પડતી હોય છે એની તાદશ દૃશ્ય બહેનશ્રીએ રજૂ કર્યું છે. આવા એચ.આઈ.વી ગ્રસ્ત માણસો કુટુંબ અને સમાજથી તરછોડાયેલા હોય છે પરંતુ ઈશ્વરથી તરછોડાયેલા નથી હોતા. પ્રભુ તો સદાય એવા નિરાધારોની સાથે જ રહે છે.

નવલિકામાં સૂર્યા અને તેની દીકરી દીયા એચ.આઈ.વી. ગ્રસ્ત હોવાથી ઘરથી તરછોડાયેલાં છે. સંજોગો અને નસીબથી તેમને એક ગંદી ઝૂપડપટ્ટીમાં આશરો મળે છે. મુમતાજ નામની દયાળુબાઈના સહારે સૂર્યા અને તેની દીકરીને નવું જીવન મળે છે. સંસ્થાની સારવારથી બંનેને સારુ થઈ જાય છે. અંતમાં તેઓ પોતાના ઘરે પાછા ન જતાં એચ. આઈ.વી. ગ્રસ્ત છોકરા-છોકરીઓની સારવાર માટે સંસ્થામાં જ કાયમ રહી જાય છે અને પોતાની સેવા આપે છે. આના દ્વારા આપણને કંઈ શિખવાનું મળશે ખરું?

'દિવ્યાંગોની મૈત્રી' માં સમાજના વિકલાંગ ગણાતાં બાળકોને સ્વમાનભેર જીવન જીવી શકે એમાટે પ્રયત્નો યથાયોગ્ય છે. ધન્યવાદ. 'જુગ જુગ જીવો સ્પેનીશ ધર્મગુરુઓ'માં શ્રી આમબ્રોસભાઈએ શરૂઆતની ધર્મસભાની ખૂબ જ સારી એવી જાણકારી ધર્મજનોને આપી છે. એ પુરાણા ધર્મગુરુઓની સેવા આજે પણ ભૂલાય એમ નથી. ધન્યવાદ. 'તબેલાનો તારણહારો' માં શ્રી ગાબ્રિયેલભાઈ ખ્રિસ્તીએ પ્રભુઈસુના જન્મ દ્વારા નમ્રતાનો સંદેશો જગતને પાઠવ્યો છે. ધન્યવાદ.

શ્રી ડેવિડ પીટર લિખિત 'નાતાલ-સમાનતાનો અવસર'માં નાતાલની સાચી ઓળખ કરાવી છે. આજે પણ પ્રભુ ઈસુ રોજે રોજ આપણે આંગણે દરિદ્ર, ભિખારી, નાગા-ભૂખ્યા, બિમારો, રોગીઓના વેશમાં આવે જ છે. જો પ્રભુઈસુને અનુસરવા હોય તો આંગણે આવેલા આવાઓને પ્રેમથી નવાજીએ. એજ નાતાલનો સંદેશ છે. અભિનંદન. ઉપરાંત અન્ય લેખો અને કાવ્યો પણ પ્રેરણાદાયી અને માહિતી સભર લાગ્યા. સર્વ લેખક મિત્રો તથા કવિઓને ધન્યવાદ.

*– ફ્રાન્સિસ ગાલુસ મેકવાન, ચાવડાપુરા*


શું આપ આપના સ્વજનને-મિત્રને નવા વર્ષની ભેટ આપવા ઈચ્છો છો? તો ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ, પ્રકાશિત 'બાઈબલ ડાયરી-૨૦૧૭' થી વધારે ઉત્તમ શું હોય શકે?

નૂત્તનવર્ષ, જન્મદિવસ, લગ્નતિથિ કે કોઈપણ પ્રસંગને યાદગાર બનાવવા આપના સ્વજનને 'બાઈબલ ડાયરી-૨૦૧૭'ની અચૂક ભેટ આપો.

ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ

**નોંધઃ પાકું પુંઠું ૧૮૦/- અને કાચું પુંઠું ૧૩૦/-**


## એપ્રિલ - ૨૦૧૭

**મહત્ત્વના દિવસો :**

૦૧ એપ્રિલ : એપ્રિલફૂલ દિન
૦૭ એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિન
૧૨ એપ્રિલ : વિશ્વ ઉડ્ડયન અને અવકાશ દિન
૧૩ એપ્રિલ : જલિયાંવાલા હત્યાકાંડ દિન
૧૪ એપ્રિલ : અગ્નિશમન સેવા દિન
૧૫ એપ્રિલ : મહિલા બચત દિન
૧૮ એપ્રિલ : વિશ્વ સંસ્કૃતિ દિન
૨૨ એપ્રિલ : વિશ્વ ભૂમિ દિન
૨૩ એપ્રિલ : વિશ્વ પુસ્તક દિન
૨૪ એપ્રિલ : માનવ એકતા દિન
માનવ અધિકાર દિન
૨૮ એપ્રિલ : વિશ્વ પ્રાણી આરોગ્ય દિન
૨૯ એપ્રિલ : વિશ્વ નૃત્ય દિન
૩૦ એપ્રિલ : બાળ મજૂરી વિરોધ દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો**

૦૯ એપ્રિલ : તાડપત્રનો રવિવાર
૧૩ એપ્રિલ : પુણ્ય ગુરૂવાર
૧૪ એપ્રિલ : પુણ્ય શુક્રવાર
૧૫ એપ્રિલ : પ્રભુના પુનરુત્થાનની પ્રતીક્ષામાં
૧૬ એપ્રિલ : પાસ્ખા પર્વ
૨૩ એપ્રિલ : દિવ્યદયાનો રવિવાર
૨૫ એપ્રિલ : શુભસંદેશકાર સંત માર્ક

**૫ માર્ચ ૨૦૧૭ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

# સમાજસુધારક ઈસુ

✍ અનિલભાઈ વાઘેલા

*લેખક અને સામાજિક કાર્યકર, નડિયાદ*

અત્યારે સ્થિતિ એવી થઈ ગઈ છે કે કોઈને સાચી વાત પણ કહી શકાતી નથી, જરા જરા વાતમાં તરત જ ખોટું લાગી જાય છે. યાત્રાએ જનારને કોઈ કહે કે, મનોવૃત્તિ ના બદલાય ત્યાં સુધી યાત્રાઓ કરવાનો કોઈ અર્થ નહિ. આટલામાં તેઓનાં ભવાં ચડી જાય છે, કહે કે, શું અમારી મનોવૃત્તિ ખોટી છે ને તમારી સારી છે? સામાન્ય બાબતમાં પણ લાગી આવે છે ને સંબંધ સુધ્ધાં તોડી નાખે છે!

પણ ઈસુએ તો શાસ્ત્રીઓ કે ફરોશીઓ ઉપર પ્રહાર કર્યે રાખ્યા હતા, જાહેરમાં તેમના પર ફટકાર વરસાવ્યો, કેમકે તેઓનુ દંભી વર્તન તેમણે ખુલ્લું પાડ્યુ. શિષ્યોને તેમણે કહ્યું, 'તે લોકો કહે તે પ્રમાણે કરજો પણ કરે તે પ્રમાણે કરશો નહીં, કારણ એ લોકો કહે છે કંઈ ને કરે છે કંઈ. તેઓ કમર તોડી નાખે એવા બોજાની ગાંસડીઓ બીજાની ખાંધ પર લાદે છે. પણ પોતે એક આંગળી પણ હલાવવા તૈયાર નથી, તેઓ વિધવાઓની મિલ્કત ઓહિંયા કરી જાય છે'(લૂક:૨૦:૪૫:૪૭)

હવે શાસ્ત્રીઓ અને ફરોશીઓ કોઈ સામાન્ય વ્યક્તિઓ ન હતા, પ્રભાવશાળી સ્થાન ધરાવતા હતા, ફરોશીઓ શાસ્ત્રોના જાણકાર હતા. પરંપરાગત પ્રણાલિકાઓના રક્ષક હતા. તેઓની જનતા પર પક્કડ હતી. તેમ છતાં પોતાને જે કહેવાનું છે તે કહ્યા વગર ઈસુ રહેતા નથી. શુભસંદેશની સાથે લોકોમાં વ્યાપી ગયેલી રૂઢિઓ અને અંધશ્રધ્ધાને પણ દૂર કરવાનાં હતાં.પરંતુ લોકો યહુદી આગેવાનોની દોરવણીથી જૂની રૂઢિઓ તરફ સરી પડ્યા. ઠાલો બાહ્યાચાર, શ્રધ્ધાને ભક્તિનુ સ્થાન લેવા લાગ્યો,(માર્ક:૭:૫-૭) નિયમોને વિધિ વિધાનો વધતા રહ્યા ને એ બધાનું પાલન કરી શકનારા સામાન્ય લોકોનો તિરસ્કાર કરતા, પોતે જ ધર્મપરાયણને પુણ્યશાળી છે એમ તેઓ માનતા.

જન સામાન્ય એવો પણ વિચાર આવે કે એ તો ખુદ ઈશ્વરપુત્ર હતા તેથી એમને ડરવાની શી જરૂર? પણ ઈસુને પ્રત્યક્ષ મદદ પિતાએ આપી ન હતી. આંધી તોફાન આવે તો પણ તેમણે અડગ રહેવાનું હતું. બીજો પણ વિચાર આવે કે તેમણે મરવાનું આવશ્યક ના હોત ને ફક્ત આપણી જેમ શુદ્ધ માનવ હોત તો એ ભયંકર શિક્ષા શી રીતે સહન કરી શક્યા હોત! પણ ઈસુનામાં ને આપણામાં જે ફર્ક છે તે અહી સમજાય છે. છતાં ઈસુ પૂર્ણ માનવ હતા. રક્ષણઅર્થે ઈશ્વરી કવચ પહેરેલું ન હતુ. પરમપિતાએ બધુ તેમના પર છોડી દીધુ હતું.(યોહાન:૧૩:૩)

પૂર્ણ માનવ હોઈ માનવસહજ એમને પણ માનસિક કષ્ટ થતું. સંવેદનશીલ હતા, બીજાનું દુ:ખ જોઈ દુ:ખી થતા, વેદના ક્રોધ પણ હતાં, દંભી આગેવાનો પર ફટકાર વરસાવતાં અચકાતા નહોતા, નીડર નેતા હતા.

તેઓ શાસ્ત્રીઓના દંભી જીવન પ્રત્યે આક્રોશ બતાવે છે ત્યારે આપણને એમ નથી લાગતું કે ઈસુ વિનાસંકોચ આ સમાજના પીઢને સામાજિક આગેવાનોને કેવી રીતે આકરાં વેણ કાઢી શક્યા હશે? તેમને તો ડગલેને પગલે ભયનું વાતાવરણ ઉભુ થતું હતું. પણ એ લોકોને ભય એ હતો કે ઈસુ જે માનવ કલ્યાણનાં કાર્યો કરતા હતા તેથી લોકોમાં તે પ્રિય હતા, તેથી ઈસુને હાથ અડાડી શકતા નહોતા. ઈસુ પોતે આ ભય સાથે બોલવાનુ બંધ કર્યુ નહિ.

પણ આપણાથી તો સાચી વાત પણ કોઈને કહી શકાતી નથી, ત્યારે ઈસુ તો છડેચોક સંભળાવતા હતા. ત્યારે શાસ્ત્રીઓના અભિમાનનુ શું થતુ હશે? તેમના સ્વમાનને કેવા ઘા વાગતા હશે? આ સાધારણ કુટુંબનો છોકરો વળી આપણા જેવાને પાઠ ભણાવે છે, તેને તો હણી જ નાખવો જોઈએ!ને એ સિવાય પણ તેમણે બધા ઉપાલંભો અને કટાક્ષો કર્યા કે તેઓ ઉભાને ઉભા સળગી જાય. માણસ એ સાંભળીને જ રાતોપીળો થઈ જાય, તેમનુ ચાલે તો મુઠીમાં ઈસુને કચડી નાખે, કારણ એમની સત્તા પર કાપ મૂકાતો હતો.વળી ઈસુના ચમત્કારોથી લોકો તેમના તરફ ખેચાયા હતા, એ એમનાથી સહી શકાતુ નહોતુ. આ છોકરાની આટલી બધી હિંમત? આજકાલનુ છોકરૂ અમારી સામે બાથ ભીડે? ઈસુનું એક એક વચન ગરમ કરેલા સળિયાની જેમ તેમને ડામતું હતું, 'તેઓ શાસ્ત્રવચનોનાં મોટાં મોટાં તાવીજો રાખે છે ને વસ્ત્રોની ઝૂલ પણ મોટી રાખે છે...'(માથ્થી:૨૩:૫)

બીજો એક પ્રશ્ન. ઈસુએ લોકોના દંભી આચરણ જોયા વગર એકલી માનવસેવા કર્યે ગયા હોત તો ના ચાલત? કોઈને આવાં કટુવચનો કહીને દુભવવાની શી જરૂર? શુ તેઓ આમ કહેવાથી સુધરી જવાના હતા? તેઓ તો ઈસુની વાત સાચી છે, એમ માનીને હૃદયપરિવર્તન કરતાં નહોતા, તો પછી નકામી મહેનત એ લોકો માટે કરવાની શી જરૂર હતી? શક્તિનો વ્યય જ ને? ઉલ્ટુ મોતને નોતરી રહ્યા હતા.પણ સામાન્ય લોકો એમની ખોટી વાતોથી ભરમાઈ ન જાય, લોકોને એ તરફથી પાછા વાળવા હતા કે જેથી તેઓની વાતોને કરણી સાચી માની જાય, એટલે ઈસુ અહીં એક પ્રખર સમાજસુધારક તરીકે ઉભરી આવે છે.

એક ફરોશી યજમાનને ત્યાં ઈસુ જમવા બેઠા હતા ત્યાં પણ ઈસુએ તેને લજાવ્યો ને કહ્યુ, 'તમે ફરોશીઓ થાળી લોટા બહારથી સાફ કરો છો પણ તમારી અંદર લોભને દુષ્ટતા ભર્યા છે' (લૂક:૧૭:૧૭) સત્યને આજન્મ વળગી રહી, મોતના ડરને ધરતીમાં ધરવી દઈને ઈસુએ પરમપિતાને આપેલું વચન પાળ્યુ, સત્યની તાકાત રૂપે તેમનુ બલિદાન માનવજાતની મુક્તિમાં પરિણમ્યું.પણ કાચી માટીના માનવીથી સાચી વાત પણ જીરવાતી નથી, ઉલ્ટા એને દંડવાનો પ્રયાસ કરે છે. ઈસુએ એવા લોકોને દંડવાનો વિચાર સુધ્ધા કર્યો નથી, એમાં જ તેમના ઈશ્વરત્વનાં દર્શન થાય છે. ●

(Mo. : 9428152416)

**ગુજરાતી અને અંગ્રેજી કેલેન્ડર ખલાસ થઈ ગયાં છે. હવે ૨૦૧૮નું કેલેન્ડર મળી રહે તે માટે ઉતાવળ રાખજો.**

– ગુજરાત સાહિત્ય પ્રકાશ, ગામડી-આણંદ

# દીનદરિદ્રોમાં ઈશ્વરની ઓળખ

## (ફેબ્રુઆરી મહિનાનો પ્રાર્થના હેતુ)

✍ બ્રધર કિશોર ગાવિત એસ.જે.

*ગુજરાત વિદ્યાદીપ-સેવાસી, વડોદરા*

**વૈશ્વિક જરૂરિયાતમંદનું સ્વાગતઃ** અસરગ્રસ્તો, ખાસ કરીને ગરીબ, શરણાર્થીઓ, તરછોડાયેલાંને સન્માનભેર આવકાર આપીએ, શોષિતપીડિતો પોતાનું જીવન સહજ રીતે જીવે એ માટે પ્રયત્નશીલ બનીએ.

“રાજકર્તાઓને એણે સિંહાસન પરથી ગબડાવી પાડ્યા છે અને દીનદરિદ્રોનું એણે ગૌરવ કર્યું છે. ભૂખ્યાંને એણે સુખસૌભાગ્યથી ભરી દીધાં છે અને તવંગરને એણે ખાલી હાથે પાછા કાઢ્યા છે.”(લૂક ૧:૫૨-૫૩). માતા મરિયમના મુખે ગવાયેલા આ સ્તોત્રમાં ઈશ્વર ગરીબોને પોતાની નજરમાં એક વિશેષ સ્થાન આપે છે. વડાધર્મગુરુ ફ્રાન્સિસ ફેબ્રુઆરી મહિનામાં, જરૂરિયાતમંદ ગરીબ, શરણાર્થીઓ, શોષિતો-પીડિતો વગેરે લોકો માટે કાર્ય કરવાની વિશેષ હાકલ કરે છે. આજના યુગમાં લોકો ધનદોલત અને પોતાની નામના કમાવવા આંધળી દોડધામ કરી રહ્યા છે. તેઓ સ્વાર્થ વગર બીજાની સેવા કરી શકતા નથી. તેમની સેવામાં પણ છુપો સ્વાર્થ સમાયેલો હોય છે. ઘણી વખત આવા પીડિત લોકો તેમની ધ્યાન બહાર રહી જાય છે અને તેઓ દુન્યવી મોજ મઝામાં રાચેલા હોય છે. લોકો પ્રભુ પાસે પણ પોતાની નામના અને સફળતાની માંગણી કરતા હોય છે અને ધર્મનું સાચું હાર્દ ખોઈ બેસે છે. આવા સમયે વડાધર્મગુરુ આપણું ધ્યાન આવા ગરીબ લોકો તરફ દોરે છે.

એક રીતે જોવા જઈએ તો વિશ્વની મોટાભાગની વસ્તી ગરીબી રેખા નીચે જીવે છે. ધનવાનો વધુને વધુ ધનવાન બનતા જાય છે અને ગરીબ વધુને વધુ ગરીબ બનતા જાય છે. આપણા દેશમાં ગરીબ લોકોની દશા કફોડી છે. આવા લોકો ઘણી સમસ્યાઓના શિકાર બનતા આવ્યા છે. સરકાર વિકાસના કાર્યો હાથ ધરે છે પરંતુ એમના સુધી કોઈ સહાય પહોંચી શકતી નથી. ઘણી વખત બીજા ઉચ્ચ વર્ગના વિકાસ માટે આવા નાના લોકોને શિકાર બનવું પડે છે. તેમની જમીન લઈ લેવામાં આવે છે અને યોગ્ય વળતર કે વસાહત પણ પૂરી પાડવામાં આવતી નથી. ઘણી આંતરરાષ્ટ્રીય કંપનીઓને કારણે નાના ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા છે અને એમને રોજી રોટી માટે સ્થળાંતર કરવું પડે છે. ઘણા લોકો કુદરતી આફતનો ભોગ બન્યા છે તો ઘણાં યુદ્ધના કારણે સ્થળાંતર કરી રહ્યા છે. તેમને પોતાના ભવિષ્યની કોઈ ખબર નથી. તેઓ પોતાના બાળકોને લઈને અહીંતહીં ભટકી રહ્યાં છે. આવા તમામ લોકોને કોઈને કોઈ સહારાની જરૂર છે.

બાઈબલમાં ઈશ્વર ગરીબોને સહાય કરવાની આજ્ઞા આપે છે. તેઓ ગરીબોનું વિશેષ ધ્યાન રાખે છે. “દેશમાં હંમેશા કોઈને કોઈ તો ગરીબ હોવાના જ, તેથી મારી તમને આજ્ઞા છે કે, તમારા જે કોઈ દેશભાઈઓ ગરીબ કે મુશ્કેલીમાં આવી પડેલા હોય તેમને છુટે હાથે મદદ કરજો.”(અનુ. ૧૫:૧૧). મદદ માટે આપણે ઘરઆંગણે આવેલ આવાં ભાઈભાંડુની શું આપણે મદદ કરીએ છીએ? ઘણી વખત આપણે આપણાં કામકાજમાં એવા તો વ્યસ્ત બની જઈએ છીએ કે આવાં જરૂરિયાતમંદ આપણી ધ્યાન બહાર રહી જાય છે! અનુસંહિતાના ગ્રંથના ચોવીસમા અધ્યાયમાં પ્રભુ લોકોને આજ્ઞા કરે છે કે, જો કોઈ માણસે તમારી પાસે ડગલો ગીરે મૂક્યો હોય અને તે ગરીબ હોય તો સાંજ સુધીમાં પાછો આપવો. કોઈ ગરીબને તમે મજૂરીએ રાખો તો તેમની રોજની મજૂરી સૂર્યાસ્ત પહેલાં ચૂકવી દેવી. આમ પ્રભુ ગરીબ લોકોની જરૂરિયાતની કાળજી રાખે છે અને આજ વાત ઉપદેશમાળાના ચોથા અધ્યાયની પહેલી અને બીજી કડીમાં પણ કરવામાં આવી છે.

પ્રેમ અને સેવા એ ખ્રિસ્તી ધર્મના પાયા છે. એના વગર આપણી શ્રદ્ધા નકામી ગણી શકાય.સાચો ધર્મ એટલે દેવળમાં જઈ ઈશ્વરના ગુણગાન ગાવાં એટલું જ નહિ, ઈશ્વરની આજ્ઞા માથે ચડાવી જીવનમાં એનો અમલ કરવાની છે. ઈશ્વરની સૌથી મોટી આજ્ઞા છે તું તારી જાત પર જેટલો પ્રેમ રાખે છે તેટલો જ પ્રેમ તારા જાતભાઈ પર રાખવાનો છે અને તારો જાતભાઈ એટલે જે જરૂરિયાતમંદ છે તે. આ વાત ઈસુએ ભલા શમરૂનીની વાર્તામાં સરસ રીતે કહી છે. આપણે ઓળખતા હોઈએ કે નહિ પરંતુ આપણા સંપર્કમાં આવનાર દરેક જરૂરિયાતમંદ આપણો જાતભાઈ છે. ઈશ્વર ઉપરનો આપણો પ્રેમ આપણા કાર્ય દ્વારા સિદ્ધ કરવાનો છે. પ્રભુ ઈસુ આ જ સંદેશો આપણી આગળ એમનાં કાર્ય દ્વારા રજૂ કરે છે. તેમણે જીવનમાં તરછોડાયેલા વર્ગને વધારે પ્રાધાન્ય આપ્યું છે. પોતાની ઓળખ આવા ગરીબ વર્ગ સાથે જોડી દીધી છે. જ્યારે એક શાસ્ત્રીએ આવીને ઈસુને કહ્યું કે, “ગુરુજી આપ જ્યાં જશો ત્યાં હું આપની પાછળ પાછળ આવીશ.” ત્યારે ઈસુએ જવાબ આપ્યો, “શિયાળવાને બખોલ હોય છે અને આકાશના પંખીઓને માળા હોય છે, પણ માનવપુત્રને માથુ મેલવાનોય ઠામ નથી.”(માથ્થી ૮:૨૦). ઈસુ પોતાને ગરીબ-પીડિત, શરણાર્થીઓ સાથે સરખાવે છે જેમની પાસે કોઈ આશ્રય નથી અને જેમને આવતીકાલના ભોજનની પણ ખબર નથી.

ફેબ્રુઆરી મહિનાના પહેલા રવિવારના શાસ્ત્રપાઠો પણ આજ સેવા ભાવના ઉપર વધારે ધ્યાન આપે છે. પહેલા શાસ્ત્રપાઠમાં જેમને



# મિરાત

✍ ઈન્દુ રાવ

'દૂત' તંત્રીમંડળ સભ્ય

આજે સવારથી આસીત બેચેન બની ગયો હતો. સ્વપ્નમાં દેખાયેલી પેલી ફુગ્ગાવાળી છોકરીની પ્રેમભરી, દયામણી અને આર્જવભરી આંખોએ તેની રાતની ઊંઘ વેરણ બનાવી દીધી હતી! એણે ઉઠતાંવેંત નક્કી કરી દીધું હતું કે, આજે મારે કોઈપણ હિસાબે પાંજરાપોળ ચાર રસ્તાનો રસ્તો લેવો જ રહ્યો. ભલે હું ઓફિસ મોડો પહોચુ. પેલી ફુગ્ગાવાળી દીકરીને મળીશ તો જ મારા બેચેન મનને ટાઢક વળશે. આસીત ઝટપટ તૈયાર થઈને ઓફિસ જતાં પહેલાં ઉલટી દિશામા ગાડી હંકારીને પાંજરાપોળ ચાર રસ્તે આવ્યો, રેડ સિગ્નલે થોભ્યો પણ પેલી દીકરી ન દેખાઈ એ નિરાશ મને પાછો ફર્યો. આજે ઓફિસના કામમાંય એનુ મન ચોંટતુ નહોતુ, સાંજે ઓફિસથી ઘરે જવા નીકળ્યો ત્યારે ફરી, એણે એની ગાડીને પાંજરાપોળ ચાર રસ્તા બાજુ લીધી. દૂરથી ગ્રીન સિગ્નલ દેખાતા તેણે ગાડીને ધીમી હંકારી, રેડ સિગ્નલે ગાડી થોભતા તેણે વ્યાકુળતાથી આસપાસ નજર નાખી ત્યાં તો વ્યવસ્થિત કપડાં ને બે સુંદર ચોટલા વાળેલી પેલી છોકરી હાથમા રમકડાંઓ સાથે આવીને ઉભી રહીને હસીને બોલી, "આપ બહુ દાડે દેખાયા, મારે ખુશીના સમાચાર આપવાના સે હવે હુ નિશાળે જાઉ છુ. આમ તમારી ઈચ્છા પુરી કરુ સુ, આપ રમકડાં લેસોને..." આસીત એના નવા રૂપને જોઈ રહ્યો ને બોલ્યો, "હા બેટા આજે તુ મને બધા રમકડા આપી દે. ખૂબ ભણજે. તારા કુટુંબને મદદ કરજે." આસીતે ખિસ્સામાંથી બે પાંચસોની નોટ કાઢી હાથમાં મૂકી, છોકરી બોલી, "ના સા'બ આટલા બધા પૈસા મારાથી ના લેવાય, મારી મા વઢે."

"બેટા, હું ઘણા લાંબા સમય પછી તને મળવા આવ્યો એટલે તારા રમકડાની કિંમત સાથે મારો દંડ ભરપાઈ કરુ છું." આસીત પ્રેમથી હસીને બોલ્યો, ને ગ્રીન લાઈટ થતા ગાડી ઝડપભેર હંકારી મૂકી ! એનુ મન બોલી રહ્યું હતું : " આવા નિર્દોષ, સમજદાર બાળકોને લોકો... ભીખરડાં કહીને કેમ ધુત્કારતા હશે ? ભિખારી કોણ કહેવાય....!"

---

જરૂરિયાત છે તેવા લોકોની મદદે આવવાનું આહવાન કરવામાં આવ્યું છે. આવા લોકો તરફ આંખ આડા કાન ન કરતાં આપણાથી બનતી મદદ એમને કરવી જોઈએ. અને શુભસંદેશમાં પણ આજ વાતનો પડઘો પાડે છે. આપણી ખરી ઓળખ આપણા કાર્યો દ્વારા થાય છે. આપણા સારાં કાર્યો જોઈને બીજા લોકોને આપણા પરમપિતાની ઓળખ થશે. સેવા અને પ્રેમ જ આપણા ધર્મની ખરી ઓળખ છે.

ઈસુના સાચા શિષ્યો આપણે ત્યારે જ બનીએ જ્યારે આપણે એમના વચનો અનુસાર ચાલીએ. ઈશ્વરને પ્રાપ્ત કરવા કઠોર સાધના કરવાની જરૂર નથી કે નથી જરૂર તપ અને ઉપવાસ કરવાની. સામાન્ય કાર્યો દ્વારા આપણે ઈશ્વરને પામી શકીએ છીએ. ઈસુએ કહ્યું છે કે જે કોઈ મને પ્રભુ પ્રભુ કહે છે તે બધા ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ પામવાના નથી, પરંતુ પરમપિતાની ઈચ્છા અનુસાર ચાલશે તેને જ પ્રવેશ મળશે. ઈશ્વરની ખરી સેવા તો માનવસેવામાં રહેલી છે. ઈસુ પોતાને આવા ભૂખ્યા-તરસ્યા જોડે ઓળખાવે છે અને કહે છે કે જ્યારે હું ભૂખ્યો હતો ત્યારે મને ભોજન આપ્યું, જ્યારે હું તરસ્યો હતો ત્યારે પાણી પાયું, હું નવસ્ત્રો હતો ત્યારે તમે મને પહેરણ આપ્યું. તમે આ અદનામાં અદના માટે જે કર્યું છે તે મારે માટે જ કર્યું છે અને તેથી જ તમને સ્વર્ગનો વૈભવ પ્રાપ્ત થયો છે.

આમ ગરીબ, તરછોડાયેલા, અસરગ્રસ્ત લોકોની જ્યારે આપણે દિલથી સેવા કરીએ છીએ ત્યારે જ ખરા અર્થમાં આપણે પ્રભુની સેવા કરીએ છીએ. જન સેવા એજ ખરા અર્થમાં પ્રભુ સેવા છે એ મનમાં રાખી આપણે આપણા ગરીબ ભાઈભાંડુની અને ખાસ કરીને જેમને આપણી મદદની જરૂર છે તેવા શોષિતપીડિતોની સેવા કરી ખરા અર્થમાં પ્રભુ સેવાનો લ્હાવો લઈએ. ●


## પુણ્યભૂમિની ૧૭મી યાત્રા, એપ્રિલ - ૨૦૧૭

| દેશો | સમય | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ઈઝરાયેલ-ઈજિપ્ત-જોર્ડન-દુબઈ | એપ્રિલ - ૨૦૧૭ | રૂા. ૧,૨૦,૦૦૦ |
| યુરોપ યાત્રા<br>ઈટાલી, વેટિકન, સ્વિટ્ઝરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ | મે - ૨૦૧૭ | રૂા. ૨,૧૦,૦૦૦ |



**કોકિલાબેન એ. પરમાર** મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪
*ક્રિશ્ચિયન સ્ટ્રીટ, લાંભવેલ - ૩૮૭૩૧૦ જિ. આણંદ*

સંપર્ક

**રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે.**
મો. ૭૮૧૮૦ ૫૪૦૦૬

# જળપ્લાવિત વિસ્તારોઃ સુરક્ષિત ભવિષ્ય

✍ સુશીલા રાઠોડ (ગાંધીનગર)

'વિશ્વ જલપ્લાવિત દિવસ' શું છે?

સને ૧૯૭૧માં ઈરાનમાં રામસરમાં એક આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. જેને 'રામસર કન્વેશન' કહેવાય છે. જે જળપ્લાવિત વિસ્તારના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય ધોરણે પ્રયાસો કરે છે. જેનો મુખ્ય હેતુ જલપ્લાવિત વિસ્તારોમાં થતાં ઘટાડાને રોકવાનો અને તેની જૈવિક વિવિધતાના સંરક્ષણ અને જાળવણી કરવાનો છે.

દર વર્ષે બીજી ફેબ્રુઆરીએ સમગ્ર વિશ્વ 'વિશ્વ જળપ્લાવિત દિવસ'ની ઉજવણી કરે છે. જે 'વર્ડવેટલેન્ડ ડે'(World Wetland Day) તરીકે પણ જાણીતો છે. આ એક પર્યાવરણલક્ષી દિવસ છે.

સામાન્ય લોકોમાં હજુ એના અસ્તિત્વ અને મહત્વ અંગે જ્ઞાનનો અભાવ છે. લોક જાગૃતિ માટે આવા દિવસોની ઉજવણી અને તેનો પ્રચાર ખૂબ જ અગત્યનાં છે. સમગ્ર જીવસૃષ્ટિને પર્યાવરણ સાથે સીધો સંબંધ હોવાથી એનાથી માહિતગાર હોવું પણ એટલું જ જરૂરી છે.

'વિશ્વ જળપ્લાવિત દિવસ'ની ઉજવણી કરવાથી એનું મહત્ત્વ, મૂલ્ય અને તેનાથી થતા ફાયદા અંગે લોક-જાગૃતિ કેળવી શકાય. 'વિશ્વ જળપ્લાવિત દિવસ'ની સૌપ્રથમ ઉજવણી ૧૯૯૭માં થઈ હતી.

જળપ્લાવિત વિસ્તાર એટલે શું?

જળપ્લાવિત વિસ્તાર એટલે નીચાણવાળી એવી જગ્યા જે મોટા ભાગે જળથી આચ્છાદિત હોય. કળણ, ભેજ, વરસાદી પાણી, મીઠું પાણી કે દરિયાઈ ભરતીના પાણી વગેરેથી જળપ્લાવિત વિસ્તારો બને છે. આ પાણી ૬ મીટરની ઉંડાઈ ધરાવતું હોય છે. આ પાણી સ્થિર કે વહેતું હોઈ શકે. જલપ્લાવિત વિસ્તારો કાયમી કે હંગામી બંને પ્રકારના હોય શકે. પૃથ્વી પર ૬ % જેટલા જળપ્લાવિત વિસ્તારો છે. તળાવડી, સરોવર, ખારાગાર, દરિયાઈ ખાડી, નદીનો મુખ ત્રિકોણ પ્રદેશ(Delta) ડેલ્ટા, તિવારના જંગલો (Mangrove)મેનગ્રોવ પરવાળા(Coral Reef) કોરલ રીફ વગેરેનો સમાવેશ જળપ્લાવિત વિસ્તારોમાં થાય છે.

અગત્યના જળપ્લાવિત વિસ્તારો :

ભારતમાં ઘણા જળપ્લાવિત વિસ્તારો છે. કેઓલાદેવ, ચિલ્કા, સાંભર, વુલર વગેરે. ગુજરાતને સ્ટેટ ઓફ વેટલેન્ડ 'State Of Waterlands' કહેવાય છે. નાના-મોટા ૮૩૦ જેટલા જળપ્લાવિત વિસ્તારો ગુજરાતને મળ્યા છે. જેમાં પરિએજ, થોળ, વધવાના, ગોસાબારા, પીરોટન, બેટ-દ્વારકા,નાની કાકરડ, નરારા, નળ સરોવર વગેરેનો સમાવેશ થાય છે. જેમાંથી મોટા ભાગનાને હજુ સરકાર દ્વારા 'સંરક્ષિત વિસ્તાર' જાહેર કરવામાં આવ્યા નથી. ભારતમાં આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી ૨૬ જેટલી રામસર સાઈટ પણ છે. ગુજરાતમાં નળ સરોવર એક માત્ર 'રામસર સાઈટ' છે.

જળપ્લાવિત વિસ્તારોનું મહત્ત્વ :

ઘણીવાર જળપ્લાવિત વિસ્તારો ખરાબાનો વિસ્તાર છે.(Wetlands Are Wastelands) એવું પણ કહેવાય છે. લોકો એને બિનઉત્પાદકીય તરીકે જુએ છે પરંતુ એવું નથી. વેટલેન્ડ વિશ્વ કક્ષાએ પરિસ્થિતિ તંત્ર તરીકે ખૂબ જ ઉત્પાદકીય હોય છે.

તે વનસ્પતિ અને પ્રાણીઓને નિવાસસ્થાન પૂરું પાડે છે. તે જલજ વનસ્પતિ, જળચર, પક્ષીઓ, પશુઓ, સરિસૃપો, પૃષ્ઠવંશી વગેરેને એક જ સ્થાને જોડી રાખી પોષણકડીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

શિયાળામાં ઘણાં યાયાવર પક્ષીઓ માઈગ્રેટરી બર્ડસ (Migratory Birds)આવા વેટલેન્ડ પર શિયાળો ગાળવા આશ્રય લેતા હોય છે. શિયાળામાં દરેક વેટલેન્ડનું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ હોય છે. તે વિદેશી પ્રવાસીઓ, પક્ષીવિદો બર્ડ વૉચર્સ (Bird Watchers) માટે આકર્ષણનું કેન્દ્ર હોવાથી વિદેશી હૂંડિયામણનો લાભ મળે છે. Pink celebration, Bird Festival, Flamingo City વગેરે જેવા ઉત્સવો વેટલેન્ડને આભારી છે.

વેટલેન્ડ જલચક્રનું નિયમન કરે છે. ચોમાસામાં વધારાના પાણીના સંગ્રહ માટે ઉત્તમ છે અને પૂર સામે રક્ષણ પૂરું પાડે છે. ઉનાળામાં પાણીની અછત કે દુકાળ હોય ત્યારે પાણી પુરું પાડે છે.આજુબાજુની સૂકી જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખે છે. તે થકી વનસ્પતિને સૂકા વાતાવરણમાં તાજગી અને જીવન મળે છે. તે ત્સુનામી સામે રક્ષણ પુરું પડે છે. પરવાળાને લીધે ૨૦૦૪માં ત્સુનામી વખતે શ્રીલંકાને રક્ષણ મળ્યું અને ઓછું નુકસાન થયું હતું. આમ તે ખેતી, ભૂગર્ભ જળ, જળસંગ્રહ, ઈમારતી લાકડું, ઔષધિ, પૂર નિયંત્રણ, દરિયા કિનારાની જાળવળી, પાણીનું શુદ્ધિકરણ અને ફરવાના સ્થળ તરીકે ઉપયોગી છે.

-: મત્સ્ય ઉધોગ જલપ્લાવિત વિસ્તારોને આભારી છે.

જળપ્લાવિત વિસ્તારો કેમ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે?

જળપ્લાવિત વિસ્તારો તેમાં વસતી જીવસૃષ્ટિ અને જૈવિક વિવિધતાને લીધે આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે. આપણે છાપામાં પૂર, ચક્રવાત, દુકાળ, ત્સુનામી વગેરે વિશે વાંચ્યું જ છે પણ ક્યારેક એના મૂળભૂત કારણો જાણી શક્યા નથી. સને ૧૯૦૦ પછી ૬૪% જેટલા જલપ્લાવિત વિસ્તારો નકશામાંથી ગાયબ થઈ ગયા. સાથે સાથે છેલ્લાં ૩૫ વર્ષમાં કુદરતી આફતોનું પ્રમાણ પણ બમણું થઈ ગયું છે. ૯૦% જેટલી કુદરતી આફતો પાણી સાથે સીધી રીતે સંકળાયેલી છે. IPPC_ Intergovermental Panel On Climate Change એ જાહેર કર્યું છે કે આવી હોનારતોનું પ્રમાણ ભવિષ્યમાં હજુ વધવાની શક્યતા છે. જળપ્લાવિત વિસ્તારોમાં ઘટાડો થવાથી ઘણા જળચર, પક્ષીઓ, સરિસૃ

પો, પૃષ્ઠવંશી જીવો વિનાશને આરે આવીને ઊભા છે. કુદરતમાં એક જીવનો નાશ એટલે એના પર નભતા દરેકનો નાશ. એટલે જ રામસર કરાર જળપ્લાવિત વિસ્તારોનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા પર ભાર મૂકે છે અને એના સંરક્ષણ અને બચાવ માટે પણ પ્રયત્નો કરે છે.

બધા જ સજીવો માટે પર્યાવરણ સંતુલિત હોવું જરૂરી છે. પર્યાવરણ પોષક સોર્સ (Source)અને શોષક સિન્ક(Sink)એવા બન્ને અગત્યનાં કામ કરે છે. રોટી, કપડાં, મકાન, હવા વગેરે પોષક આપણને માત્ર પર્યાવરણ જ આપી શકે છે. આ બધાના ચયન પછીની ગંદકીનો સ્વીકાર પણ પર્યાવરણ જ કરે છે. કુદરતના નિયમ અનુસાર આ પોષક સોર્સ (Source) અને શોષક સિન્ક(Sink) ખલેલ વગર ચાલે તો જ સંતુલન જળવાય અને બધા જ સજીવો પોતાનું જીવન સારી રીતે જીવી શકે.

વિકાસ નામનું એક નવું શસ્ત્ર આ બંને અગત્યના પાસામાં ગરબડ કરી રહ્યું છે. એનાથી ઘણી સમસ્યાઓ ઉભી થઈ છે. શહેરીકરણ, ઔધોગીકરણની આંધળી દોડ એને માટે બેરહેમીથી થતો વૃક્ષ-વિચ્છેદ અસંતુલન તો કરશે જ. પર્યાવરણને ખલેલ પહોંચાડી કરેલો વિકાસ એ વિનાશ જ છે. આ સત્ય બને તેટલું જલ્દી સમજવાની કોશિષ કરીએ

:: ૨૦૧૭ માટેનો વિષય ::

**‘જળપ્લાવિત વિસ્તારો : કુદરતી દુર્ઘટનાનું જોખમ ઘટાડવા માટે.’**

E-mail : sushila.rathod@gmail.com

SUMMONS BY EDICT
Marriage Case
Mahendrakumar Shantilal Parmar – Petitioner
Bhairavi Paul Shah – Respondent

Since the present whereabouts of Bhairavi Paul Shah, Respondent, in the above-mentioned marriage case are not known, she is, hereby summoned by this Edict to appear in person before the undersigned Judge in the Office of the Inter-Diocesan Ecclesiastical Tribunal, Diocesan Pastoral Centre Campus, Nirmal Nagar, Old Dumral Road, Nadiad - 387 002 on Monday, 6 March, 2017, at 9.00 a.m. to give evidence in the above case presently being heard before the Inter-Diocesan Ecclesiastical Tribunal. Anyone knowing about the whereabouts of Bhairavi Paul Shah in the measure possible should duly apprise her of this summons.

Similarly, anyone knowing of Bhairavi Paul Shah is kindly requested to inform this Office of the same.

Sr. Rashmi LD, Notray — Fr. Appathurai S, Judge

**NA / NOC ટાઈટલ ક્લીયર**
**મકાનોનું વેચાણ ચાલુ છે.**

(બુકિંગ ચાલુ છે.)

**દિપ રેસીડેન્સી**

**2BHK Luxurious Row Houses**



**સાઈટ:**
સેંટ ઝેવિયર્સ સ્કૂલ પાછળ
પ્રાર્થના પાર્કની બાજુમાં
ચાવડાપુરા, જિંટોડીયા
આણંદ

**સંપર્ક:**
સવજીભાઈ પ્રજાપતિ
**મો. ૯૮૭૯૩ ૩૪૩૦૪**
પ્રકાશભાઈ પ્રજાપતિ
**મો. ૯૯૨૫૬ ૮૯૮૭૬**

આયોજક: **દિપ ડેવલોપર્સ**

**પોર્ટુગલના ફાતિમા મા મારિયા દર્શન**
**શતાબ્દી મહોત્સવ**

**:: વિશેષ યુરોપ યાત્રા પેકેજ ::**
(મુંબઈ થી મુંબઈ)

**સ્થળ:** ઈટાલી, વેટિકન, સ્વિત્ઝરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ

**દિવસ :** ૧૫ **પ્રવાસ :** પ્રથમ પખવાડિયું મે-૨૦૧૭

**અંદાજિત ખર્ચ :** રૂા. ૨,૧૦,૦૦૦
(ફેરફારને આધીન)

**પવિત્ર ભૂમિ ઈઝરાયેલ યાત્રા પ્રવાસ**
(અમદાવાદ થી અમદાવાદ)

**સ્થળ:** ઈઝરાયેલ, ઈજિપ્ત, જોર્ડન, દુબઈ

**દિવસ :** ૧૨ **પ્રવાસ :** બીજું પખવાડિયું મે-૨૦૧૭


**અંદાજિત ખર્ચ:** રૂા. ૧,૧૦,૦૦૦
(ફેરફારને આધીન)

:: સંપર્ક ::

**પ્રવીણભાઈ કે. મેકવાન** – ૯૩૨૭૫ ૧૪૨૧૪
*શ્રદ્ધાદીપ સોસાયટી, મરિયમપુરા પેટલાદ*

**તરૂલત્તા આર. ક્રિસ્ટી** (આણંદ)
૭૪૦૫૨ ૦૯૨૭૩
૦૨૬૯૨-૨૬૧૪૨૨

**રમેશભાઈ મેકવાન** (વડોદરા)
૯૪૨૮૪ ૯૯૧૫૨
૦૨૬૫-૨૭૫૦૧૫૪



# મશાલ

✍ ગાબ્રિયેલ પી. ચૌહાણ

*મ.શિ. આંકલાવ હાઈસ્કૂલ, આંકલાવ*

દૂર ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં પ્રકૃત્તિનાં રંગરૂપ સર્જાયેલા છે. નદી પાયલિત કન્યાની જેમ પદરવ કરે છે. રળિયામણા ડુંગરો ગામની ચોકી કરી રહ્યા છે અને ઊંચા અને ઘેઘુર વૃક્ષો ગામને વાયરો ઢોળી રહ્યાં છે. એવા મનોહર વિસ્તારે ફાધર સેબાસ્ટિયન લોકપ્રિય એવા કેથોલિક આશ્રમનું સંચાલન સફળતાથી કરી રહ્યા છે. ગામમાં એમના કાર્યો મહેકી રહ્યાં છે. અવિકસિત એવા વિસ્તારને પોતે જ પસંદ કરી ધર્માધ્યક્ષશ્રીને પોતાની ઈચ્છા જણાવી હતી. તેમના ઉત્સાહને તરત જ મહોર વાગી ગઈ હતી. એ ઉત્સાહ સાથે છેલ્લા પંદર વર્ષથી ફાધર અહીંનો જીવ બની ગયા છે. ચર્ચ, શાળા અને છાત્રાલય સ્થાપી અહીંના વાતાવરણને તેમણે જીવંત બનાવ્યું છે.

આ વિસ્તારને પસંદ કરવાનું એક મુખ્ય કારણ અહીંના યુવાનો છે. આ ગામમાં ફાધરે જોયું હતું કે યુવાનોની સંખ્યા વધારે હતી અને ફાધરે કોણ જાણે કેમ યુવાનોને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હોય પૂરાં ખંતથી યુવાનોમાં ઓતપ્રોત થઈ ગયાં હતા. અને યુવાનો પણ ફાધરનો પડ્યો શબ્દ ઝીલી લેતા. ફાધર સેબાસ્ટિયનનો એક નિત્યક્રમ હતો. સાંજના સાત વાગ્યે તેઓ અચૂક ચર્ચમાં જઈ ઈસુ સમક્ષ પૂરા દિવસ માટે આભાર માનતા અને આત્મિક વાતોમાં પરોવાતા. લગભગ એક કલાક આ રીતે પસાર કર્યા બાદ જ તેઓ ભોજન લેતા. પોતાના આ ક્રમને જાળવતા એક સાંજે તેઓ ચર્ચમાં જઈ રહ્યા હતા. ત્યાં જ દોડતા આવીને સૂરજે ફાધરને ઉતાવળા ઉતાવળા શું કહ્યું તે ફાધરને પહેલી વાર પોતાના નિત્યક્રમને તોડવાની ઈચ્છા થઈ. તેમ છતાં કશાકથી પ્રેરાઈને તેમણે આવનારને ઊભા રાખી ઝડપથી ચર્ચમાં ગયા. ઈસુને કહ્યું : આજે મારી નહી પણ તારી પરીક્ષા છે. મારા હેતુને સફળ બનાવવાનું તારા હાથમાં છે. જો હું નિષ્ફળ જઈશ તો તે નિષ્ફળતા તારી જ થશે. મારી સાથે તારે આવવું જ પડશે.

ઝડપથી બહાર આવી પોતાની મોટરસાઈકલ પર સૂરજને બેસાડી સૂરજે બતાવેલા માર્ગે હંકારી મૂકી તેમના ચહેરા પર ચિંતાના વાદળો ઘેરાયા હોવા છતાં ઈસુ પર અતૂટ શ્રદ્ધાના રટણથી તેમની નજર કોઈક યુવાનને શોધી રહી હતી. ગામ વટાવ્યા પછી સીમાડો શરૂ થયો. ખાસુ અંતર વટાવ્યા બાદ સૂરજ બોલ્યો, ''ફાધર મોટરસાયકલ આપણે અહીં જ ઊભા રાખીએ તો કેવું ? નહી તો લાઈટ અને અવાજથી તે ચેતીને સંતાઈ જશે.''

ફાધરને પણ તેની વાત વાજબી લાગી. ત્યાં જ મોટરસાયકલ થંભાવી દીધી. બન્નેએ ચોર પગલે સાવધ બની અંધારામાં ચાલવા માંડ્યું. લગભગ પંદરેક મિનિટના અંતરે સૂરજે કોઈકનો અણસાર સાંભળ્યો. ફાધરના કાન પણ સરવા થયા. આશાનો તંતુ સળવળ્યો. બન્નેએ માની લીધું ચોક્કસ એ એ જ હશે. ચાલમાં ઝડપની સાથે સાવચેતી પણ વધારી. પૂરી તકેદારીથી છેવટે બન્નેએ તેને પાછળથી પકડ્યો. તેના ખભે પ્રેમથી હાથ મૂકતા ફાધર બોલ્યા, ''પ્રકાશ ભાઈલા આમ ક્યાં ?'' અચાનક ખભા પર હાથ અને પ્રકાશ સાંભળતાં જ તે સુમ મારી ગયો. શું બોલવું તે ના સમજાયું, ''અ...રે...ફાધ...ર..ત...મે હું....તો આમ.... તમે આ બાજુ... અને ... અત્યારે ...'' તે સૂરજની સામે અવાચક ભાવે જોઈ રહ્યો.

ફાધર બોલ્યા, ''બધી વાતો ઘરે. અહીં કશું નહીં, ચાલ અમારી સાથે પાછો, જો તને ઈસુ બોલાવે છે. તારા દિલના દ્વાર ઈસુ ખટખટાવીને તને કશુંક કહેવા માંગે છે.''

ઈસુના નામની જાદુઈ અસર થતાં જ પ્રકાશ વશમાં થઈ ગયો. તેને પોતાની મોટર સાઈકલ પર બેસાડી ફાધર અને સૂરજ આશ્રમમાં આવ્યાં.

વાત એમ હતી કે પ્રકાશ તેનાં માબાપનો એકનો એક દીકરો હતો. ઉંમર હતી બાવીસ વર્ષ. ભણેલો સારું પણ નોકરીની ઉણપ. માબાપની છૂટક મજૂરી. પોતે થોડું ઘણું કામ કરી લેતો. સખળડખળ ઘર ચાલતું. પાછો દેખાવે સોહામણો, પરિણામે ગામની સુખી કુટુંબની કિરણ જોડે દિલનો નાતો જોડાયેલો. બન્નેની પ્રેમકથા ગ્રામજનોમાં વિકસવા માંડેલી. જન્મોજન્મ સાથે રહેવાના કોલ દઈ દીધેલા એ પાછું અલગ પણ... આ વાત જ્યારે છોકરીના બાપને કાને આવી ત્યારે ખંધા બાપે છોકરીના મગજમાં એવી તે કઈ ભૂરકી નાંખી તે છોકરી પ્રકાશને છોડી બીજા યુવકને પરણવા તૈયાર થઈ ગઈ ! અને એ પણ પાછા ઘડિયાં લગ્ન. કોઈ કાંઈ વિચારી જ ન શકે ! કિરણના શમણાંઓથી બનેલો પ્રકાશ, આ આઘાત ક્યાંથી સહી શકે ? પાછા ભાઈ પણ પોચા અને લાગણીશીલ હૃદયના, 'હવે જીવવાનો શો અર્થ !' 'જીવવું તો કોના માટે ?' નાસીપાસ તેના મને છેલ્લો માર્ગ ચૂંટી લીધો. કિરણની વિદાય પછી પોતે આ ફાની દુનિયા....!

ફાધર પણ આ વાત જાણતા, તેમને કાંઈક અંદેશો આવેલો. સૂરજ પ્રકાશનો ખાસ દોસ્ત. ફાધરે સૂરજને પ્રકાશ પર વિશેષ રીતે ધ્યાન રાખવાની જવાબદારી સોંપેલી. સૂરજે જોયેલું કે કિરણની વિદાય સુધી પ્રકાશના ચહેરા પર વ્યથાના કોઈ ભાવ નહોતા. સૂરજને પણ નવાઈ લાગે એમાં કોઈ શક નહોતો. અંધારે સૂરજ પ્રકાશ પરથી છૂપો જાપ્તો હઠાવી ઘરે આવ્યો. ઘરમાં આવ્યે માંડ પંદરેક મિનિટ પણ નહી થઈ હોય ને તેણે ઝડપથી પસાર થતા પરિચિત પડછાયાને જોયો. ચબરાકીથી પીછો કરી તેણે ખાતરી કરી જ લીધી કે તે પ્રકાશ જ છે. અને એટલે જ મારતે ઘોડે તે ફાધર પાસે આવ્યો હતો.

ઈસુને સાથે લઈ નીકળેલા ફાધરને સફળતા લાધી હતી. આશ્રમમાં આવીને ફાધરે આ વાત કોઈને પણ નહીં જણાવવાની સૂરજને વિનંતી કરી, પોતાના ખાસ રૂમમાં પ્રકાશને લઈ આવ્યા. ફાધરના કહેવાથી પ્રકાશે હાથ-મ્હોં ધોયાં. પોતાને હાથે જ પાણી પાયું. તે કશુંક કહેવા ગયો પણ ફાધરે તેને અટકાવ્યો. નાનકડા રૂમમાં દિવ્ય શાંતિ ફેલાઈ રહી. ફાધરે અઢળક વાત્સલ્ય વરસાવી તેને જમાડ્યો. લગભગ ત્રીસેક

મિનિટના આંતરે ફાધર પ્રકાશની સાથે સાક્ષાત ઈસુની સમક્ષ આભાર સ્તુતિમાં તલ્લીન બન્યા. કોઈપણ જાતના સંવાદ વગર પ્રકાશ પીગળી રહ્યો હતો એ તેમણે નોંધ્યું. ઈસુનો પ્રભાવ ઘરમાં છાઈ રહ્યો હતો. બનેલી ઘટના વિશે ફાધર એક હરફ સુદ્ધા ઉચ્ચારતા નહોતા. માત્ર મૌનની ભાષા ચાલી રહી હતી. થોડીક વેળા વીતી ત્યાં તો પ્રકાશની આંખો ટપકવા માંડી. ફાધરે તેના ખભે હાથ મૂક્યો ત્યાં તો તે રીતસરનો રડવા મંડ્યો. ફાધરે તેને મુક્ત મને રડવા દીધો. મનના નિર્ણયો આંસુ સાથે વહી ગયા. ખાસી વારની શાંતિ પછી ફાધર બોલ્યા : "પ્રકાશ, તારો નિર્ણય ખોટો હતો ને ?"

અંતે પ્રકાશને સાચા માર્ગે પાછો વળેલો જોઈ ફાધરની સુખની ઝોળીમાં ઉત્તમ સુખનો ઉમેરો થયો હતો.

બીજે દિવસે ફાધરે બધી ગોઠવણ કરીને અચરજમાં મૂકી દીધા. ગઈકાલ રાતથી માબાપની સાથે પ્રકાશને શોધી વળેલું આખું ગામ ફાધરની જોડે પ્રકાશને જોતાં સાચે જ અચંબામાં મૂકાઈ ગયું હતું. સિવાય કે ફાધર અને બીજો સૂરજ. બધાની આંખો આનંદથી છલકાઈ ઊઠી હતી. માબાપના આનંદનું તો પૂછવું જ શું ? ઘર તરફ પાછા વળતાં બે ચાર જણા તો કહેવા પણ લાગ્યા કે ફાધર તો સાચે જ જીવનદાતા છે. 'જીવનદાતા' શબ્દ ફાધરના કાનમાં ગૂંજી રહ્યો. ઓફિસમાં આવી બેઠા. ચશ્માના કાચને સાફ કરી પહેર્યાં. 'જીવનદાતા' શબ્દ ફરી ફરી સંભળાવા લાગ્યો. અને ...... ચશ્માના ચોખ્ખા કાચમાંથી ચોવીસ વર્ષના નિજ અતીતને સમીપથી નિરખવા માંડ્યા.

કાચી માટીનું ખોરડું. જેમાં ગરીબ મા અને પોતે એમ બે જ જણનો પરિવાર. મજૂરી પર જીવનનો ગુજારો. મા સાજી ઓછા દિવસ, બીમાર જ ઝાઝા દિવસ રહેતી. મા ને પોતાનો દીકરો જબરો વ્હાલો ! હૈયે સદાય ચિંતા રહ્યા કરે. નિત પ્રભુને દીકરાના સુખ માટે વિનવ્યા કરતી. ખાટલામાં પડી પડી પણ દીકરાના સુખનાં જ શમણાં જુએ. ગામમાં ગણ્યાગાંઠ્યા જણ જ ભણેલા. જેમાં સેબાસ્ટિયનની ગણતરી તો ખરી જ. આ ગામમાં રીટાનો પરિવાર પણ ખરો. સુખી પરિવાર. બન્ને પાછા સહાધ્યાયીઓ, પરિણામે એકમેકની નજર મળી ગયેલી, તેથી હૈયાં અલગ અલગ ના રહેતાં એક બની ગયેલાં. જો કે આની જાણ કોઈને નહોતી. 'સમય આવ્યે બધું થશે,' ના વિશ્વાસે દિવસો ગુજારતાં. ઓતપ્રોતતા તો એવી કે એકબીજા વગર જરા પણ ના ચાલે.

સમાજમાં માબાપને દીકરા કરતાં દીકરીની ચિંતા વધારે. એ ચિંતા રીટાના બાપના ચિતમાં પણ સળવળી. એ સળવળાટને દૂર કરવા રીટાને યેનકેન પ્રકારે મનાવી લીધી.

અને..... આમ... જ્યારે રીટાના નવા જીવનની સાક્ષી પૂરતો દેવળનો ઘંટ ગુંજી રહ્યો હતો ત્યારે ગામથી દૂર આવેલી ઊંડી નહેરમાં કોઈકે સેબાસ્ટિયનને પડતા જોઈને વાતને વહેતી પણ કરી દીધી હતી. એ વાતે સેબાસ્ટિયનની મા ના અસ્તિત્વને પણ ખતમ કરી દીધું હતું. જો કે જોનારે જોયું થોડું હતું પણ કલ્પ્યું ઝાઝુ હતું.

સેબાસ્ટિયન અલૌકિક યાત્રાએ જ નિકળ્યો હતો અને એ પણ નહેરના માર્ગે જ. પણ જ્યારે તે નહેરે પહોંચ્યો ત્યારે એક મા ને તેણે ત્યાં મોટેથી રઘવાઈ બની રડતા જોઈ. તેની પાસે પહોંચતા તેણે જ્યાં બતાવ્યું ત્યાં તેણે જોયું. જોયું એવો જ વગર વિચારે કૂદી પડ્યો. ઝપાટાબંધ વહેતાં અગાધ જલપ્રવાહમાંથી તેણે મા ના એક સાત વર્ષના દીકરાને હેમખેમ બહાર કાઢ્યો હતો. રડતી મા સેબાસ્ટિયનને દીકરાનો જીવનદાતા બોલી પડી. એ શબ્દ તેને સાંભળવો ગમ્યો. નિર્ણય બદલાઈ ગયો. પોતાની મા ની ચિંતા થઈ. ઝડપથી ઘેર આવ્યો. ઘેર આવ્યો તો આંસુ સિવાય કશું જ બચ્યું નહોતું. જો કે, જીવન દેવાનો આનંદ તો તેને નહેર પરથી મળી જ ચૂક્યો હતો. આવતાં આવતાં તેણે પોતાના જીવનની નવી રાહ પસંદ કરી લીધી હતી.

પોતાના એ જીવન દેવાના - જીવન બચાવવાના નિર્ણયને કારણે આજે 'જીવનદાતા ફાધર' તરીકે તાબામાં લોકપ્રિય બન્યા હતા.

ફાધરે ચશ્મા ઉતારી આંખો લૂંછી ચશ્માને ફરી પહેરી ચહેરા પર દિવ્ય સંતોષ સાથે ઈસુ સાથે મૌનમય વાતોએ વળ્યા. ●


**મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

**પ્રવાસ ૧: મુંબઈ**
**પ્રવાસ તા.:** ૧૭-૦૩-૨૦૧૭ થી ૨૦-૦૩-૨૦૧૭ પરત **ટિકિટ દર: રૂા. ૨,૦૦૦/-**

**પ્રવાસ ૨: દીવ - સોમનાથ - દેવલિયા (સાસણગીર)**
**પ્રવાસ તા.:** ૩૧-૩-૧૭ થી ૦૩-૦૪-૧૭ સવારે પરત **ટિકિટ દર: રૂા. ૨,૦૦૦/-**
*- રહેવા તથા જમવા સાથે*
*- વડોદરા - આણંદ - નડિયાદ - અમદાવાદ ઉપરથી બસ ઉપડશે.*

**આયોજક: મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)**
**મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧, ૮૩૨૦૧ ૫૦૭૩૮**

## લગ્નસંસ્કારની સુવર્ણજયંતીએ હાર્દિક શુભકામનાઓ




**મેકવાન વિલ્યમભાઈ પીટરભાઈ સંગ મેકવાન પુષ્પાવતી વિલ્યમભાઈ**
**લગ્ન સંસ્કાર : તા. ૦૫-૦૨-૧૯૬૭**
**સુવર્ણજયંતીનો પ્રેમાળ સંગાથ : તા. ૦૫-૦૨-૨૦૧૭**

લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક અભિનંદન. પિતા પરમેશ્વર આપ બન્નેને આવનાર વર્ષોમાં સારી તંદુરસ્તી અને દીઘાર્યુ બક્ષે એવી પ્રભુને પ્રાર્થના અને આપને શુભેચ્છા.

**ભાઈ: સુરેશભાઈ - ઉપાસના, દિનેશભાઈ - સુહાસીની, કિરીટભાઈ - શિલ્પાબેન, મુકેશભાઈ - દક્ષા, સુનીતાબેન - અનિલભાઈ**
**બાળકો: તેજશ - વિલીસ, શાલીની - સૈલ્વીન, ક્રિશ - કીશલ, સ્તુતિ - મેક, એલેક્ષ - એન્જેલા**
*બી-૮૩, સંતોકનગર, રોઝીસ ગાર્ડન સામે, નવાયાર્ડ, વડોદરા*

# યુવાવેદનાની સંવેદના

✍ જયંતીભાઈ મેકવાન

*ઉપસચિવ (નિ.) ગાંધીનગર*

દરેક કાળમાં યુવાવર્ગને જુદા જુદા પ્રશ્નોનો સામનો કરવો પડ્યો છે. પરંતુ દેશના ઈતિહાસમાં સાંપ્રત કાળમાં પ્રથમ વખત યુવાવર્ગ વિશિષ્ઠ પ્રકારના પ્રશ્નોનો સામનો કરી રહ્યો છે. જેના કારણે યુવાવર્ગ મુંઝાયેલ અને હતાશ જોવા મળે છે. કેટલીક જગ્યાઓએ તોફાનોમાં સામેલ તો, ક્યાંક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ જોવા મળે છે. કેટલાક યુવાનો ગંભીર સમસ્યાઓથી ઘેરાયેલા છે. જેમને માર્ગદર્શન અને તકની જરૂર છે. વડીલાએ તેમના તરફ સહાનુભૂતિ રાખી તેમના પ્રશ્નોમાંથી બહાર લાવવાની જરૂર છે તેમના પ્રશ્નોના મુળમાં જઈ કારણો શોધી તેનો નિકાલ કરવાની જરૂર છે.

યુવાનોના પ્રશ્નોનું ઉદ્‌ગમ સ્થાન ઘર છે. આ દિવ્ય જગ્યાનું મહત્ત્વ હાલ ઓછું અંકાઈ રહ્યુ છે. આ એવી જગ્યા છે જે સલામતી, પ્રેમ, આયોજન, માર્ગદર્શન, શિસ્ત, મિત્રતા અને સહાનુભૂતિ પૂરાં પાડે છે. પણ આજે આ જગ્યામાં જ વિરૂદ્ધ બાબતો જોવા મળે છે. માબાપને માન આપવામાં આવતુ નથી કારણ તે માટેની લાયકાત તેમણે ગુમાવી હોય એમ લાગે છે! કુટુંબનાં મૂલ્યો ત્યજી પૈસા કમાવામાં જ તેઓ કાર્યરત છે. આજના સમયમાં માતૃત્વનું મહત્ત્વ અને અર્થ બદલાયાં છે. સ્ત્રીઓએ પોતાના કેરિયરને મહત્ત્વ આપી બાળકોનો ઉછેર આયાઓના હાથમાં સોંપેલ છે. આની દુરોગામી અસરો બાળઉછેર પર પડી છે. પરિણામે યુવાવર્ગ તેના માઠાં પરિણામ ભોગવી રહ્યો છે. બાળઉછેરની ખામીઓના કારણે તેણે સંવેદના ગુમાવી છે. જેના કારણે કૌટુંબિક ભાવના અને સામાજિક સંબંધો પર ઘેરી અસરો પડી છે. સ્ત્રી માટે ઘરની સંભાળ એક ઉમદા કામ છે એ ખ્યાલ વિસરાઈ રહ્યો છે. જેના ઘેરા પ્રત્યાઘાતો દેખાઈ રહ્યા છે!

યુવાનોમાં 'છૂટાછેડા' એ જે પ્રશ્નો ઊભા કર્યા છે તેનું નિવારણ મુશ્કેલ છે. જે ઘરમાં માતાપિતા અને બાળકો સાથે મળી પ્રભુમય જીવન જીવે છે ત્યાં આ પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ નહિવત્ છે. વિભાજિત કુટુંબમાં બાળકો દુઃખ, ગૂંચવણ, બિનસલામતી, ધિક્કાર અને હતાશાની લાગણીથી પીડાય છે. ગુનેગારોના સર્જન માટે પણ તેઓ જવાબદાર છે. શાળામાં આપવામાં આવતું શિક્ષણ પણ ઘણું મહત્ત્વનું છે. આજે પણ સારા માણસ તરીકે જીવન જીવવા માટે નહીં પરંતુ વધુ કમાણી કરવા માટેના શિક્ષણ પર વધુ ભાર મુકાય છે.

ટેલિવિઝન, મોબાઈલ, ઈન્ટરનેટ આ બધા આધુનિક ઊપકરણોના નકારાત્મક ઊપયોગે યુવામાનસ પર ઘેરી નુકસાનકારક અસરો પાડી છે. સતત ટી.વી જોવાની આદતના કારણે વિચારશક્તિ ખતમ કરી છે.

શિક્ષણક્ષેત્રે ખાનગીકરણના કારણે ભણતર આર્થિક રીતે ખૂબ જ મોંઘુ થયેલ છે. બીજી બાજુ સરકારી સંસ્થાઓ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિધાર્થીઓની મુળભૂત જરૂરિયાતો પણ પૂરી પાડી શકતી નથી. સરકારી શિક્ષણનુ સ્તર ઊંચુ લઈ જવાની સાથે તેની ઊપલબ્ધિ સરળ અને વિપુલ બનાવવાની જરૂર છે. સાથોસાથ ખાનગી સંસ્થાઓના ફી નાં ઊંચા ધોરણો પર પાબંધી લગાવવાની પણ જરૂર છે.

ભારતની વસ્તીના ૭૦ ટકા વસ્તી ૪૦ વર્ષની વય નીચેની છે. વસ્તીના ૪૦ ટકાની ઊંમર ૧૩ થી ૩૫ વર્ષની વયની વય વચ્ચે છે. નેશનલ યુથ પોલિસી મુજબ જેની ગણના યુવાવર્ગમાં થાય છે. આ યુવાવર્ગ-સ્પર્ધા, બેકારી, રોજગારી માટેની જરૂરી આવડત વિગેરે પ્રશ્નોને કારણે તીવ્ર દબાણ અનુભવી રહેલ છે. આવનાર સમયમાં દર વર્ષે ૮૦ લાખ જેટલો લેબર ફોર્સ વધશે તેવું અનુમાન છે. જેમાં વધુને વધુ યુવાનો લેબર માર્કેટમાં ઊમેરાતા જશે. જે આયોજનકર્તાઓ માટે પડકાર સાબિત થશે. જેને લઈને આ વર્ગ માટે પૂરતા પ્રમાણમાં રોજગારી ઊભી કરવાની જરૂર પડશે.

યુવાવર્ગ માટે શિક્ષણ એ પ્રથમ અને ખૂબ જ અગત્યની બાબત છે. આ યુવાવર્ગ વધુ સારા શિક્ષણ, રોજગારલક્ષી તાલીમ અને ઊજ્જવળ ભવિષ્યની અપેક્ષા રાખે છે. દરેક પ્રકારનુ શિક્ષણ એવું હોવુ જોઈએ કે જે તેને રોજગારી પૂરી પાડી શકે. યુવાનોએ કેરિયર ઓરિયેન્ટેડ કોર્સ પર લક્ષ આપવું જોઈએ. પ્રાથમિક શિક્ષણ મેળવવાનું જેના નસીબમાં નથી તેવા યુવાનોની સંખ્યા ઘણી મોટી છે. તેઓ અભણ હોવાના કારણે બાળમજૂરીમાં ધકેલાય છે. નાની ઊંમરે, મોટી વયના માણસોએ કરવાનાં કામ કરવા પડતાં હોય છે. જેમાં અકસ્માતે ક્યારેક પોતાનાં અંગ કે જીવન પણ ગુમાવવાં પડતાં હોય છે. જાતિવાદ, ધર્મવાદ, લિંગભેદ વગેરેને કારણે માનસિક સંતુલન ગુમાવે છે અને સમાજ વિરોધી પ્રવૃત્તિઓમાં જોડાય છે. ક્યારેક ત્રાસવાદીઓના હાથા પણ બને છે, ક્યારેક ડીપ્રેશનમાં આવી જઈ આત્મહત્યા પણ કરે છે!

લાંચરુશ્વતનો પ્રશ્ન યુવાવર્ગ માટે ચિંતાનો વિષય બન્યો છે. સરકારી નોકરી મેળવવા માટે જરૂરી તૈયારી કરતા યુવાનોને હતોત્સાહ બનાવે છે. લાંચરુશ્વત વિરૂદ્ધ દરેક નાગરિકે લડત આપવી જોઈએ. યુવાવર્ગને આ માટે પ્રેરિત કરવામાં આવે તો આ દિશામાં ઘણું થઈ શકે, નૈતિક મૂલ્યો અંગે બચપણથી જ તેમને પ્રેરિત કરવા જોઈએ. જેથી પ્રમાણિકતા તેમની જીવનરાહમાં જ વણાઈ જાય.

યુવાનો અને વડીલો વચ્ચેની વિસંવાદિતા પણ એક માટો પ્રશ્ન છે. એક બાજુ અંગત કે સામાજિક નિર્ણયો માટે વડીલો પોતાને જ સક્ષમ સમજે છે. જ્યારે બીજી બાજુ યુવાવર્ગ જવાબદારીઓમાંથી દૂર ભાગે છે. જે બન્ને વચ્ચે વિસંવાદિતાનું કારણ બને છે. આજ્ઞાધીનતાનો સદંતર અસ્વીકાર અને વડીલોના અનુભવનો લાભ લેવા બાબત યુવાનોનો નકારાત્મક અભિગમ સંઘર્ષનું કારણ બને છે.

'લગ્ન વિચ્છેદ' અંગે અત્યાર સુધીમાં ઘણું લખવામાં આવેલ છે. સમાજનો આ એક સળગતો પ્રશ્ન બની ગયો છે. આશરે ૩૦૦ થી ૪૦૦

જેટલી સંખ્યામાં છૂટાછેડાના પ્રશ્નો ઊપસ્થિત થયેલ છે. આમાં ૪૯૮ની આઈ.પી.સી. ની કલમે બળતામાં ઘી હોમ્યુ છે. સ્ત્રીની ભલાઈના હક્કમાં તેનો ઊપયોગ થવાને બદલે તેનો દૂરોપયોગ વધુમાં વધુ થઈ રહેલ છે. લગ્ન ભંગાણની દિશામાં પ્રશ્ન ૪૯૮ની કક્ષાએ પહોંચી જાય છે ત્યારબાદ સુલેહ સમાધાનના માર્ગ સદંતર બંધ થઈ જાય છે. અને લગ્નવિચ્છેદની બાબત અંતિમ કક્ષાએ પહોંચી જાય છે. આના મૂળમાં પોલિસ/કોર્ટના ધક્કા, નાણાંનો વ્યય અને જે માનસિક પરેશાની થાય છે તે સલાહ/સમાધાનમાં ખૂબ જ અવરોધક બને છે. આથી ૪૯૮ની કલમની કક્ષાએ જતાં પહેલાં ખૂબ જ વિચારપૂર્વક નિર્ણય લેવાવો જોઈએ. આ બાબત સામાજિક કક્ષાએ કે ચર્ચ લેવલે કોઈ કમિટિની રચના કરવી જોઈએ કે આવા પ્રશ્નોના નિરાકરણ માટે પ્રથમ તેનો સંપર્ક કરી શકાય.

સમાજ દ્વારા જીવન પસંદગી મેળાઓ યોજવામાં આવે છે. તેમાં હજી જોઈએ તેવી સફળતા મળતી નથી. ભૂતકાળમાં લગ્નોની ગોઠવણીમાં જે ‘મીડલમેન’ ની ભૂમિકા ભજવતાં તેવા માણસો નામશેષ થઈ ગયેલ છે. વચેટિયાની ભૂમિકા ભજવતાં પહેલાં લોકો હવે સો વાર વિચાર કરે છે કારણ તે કાર્યની સરાહના કરતાં બદનામી કે ઊપેક્ષાનો ભોગ બનવાની ટકાવારી વધારે છે. લગ્નજીવનમાં બે બાબતો ખૂબ જ મહત્ત્વની છે. એક તો બન્ને વ્યક્તિની વૈચારિક સમાનતા તેમના સ્વભાવનું મેચિંગ અને બીજુ તેમના જાતીય સુખની સમરસત્તા. મોટાં ભાગનાં લગ્ન વિચ્છેદના ઊંડાણમાં આ બે બાબતો મોટો ભાગ ભજવે છે. આજે સમાજમાં એક જ સમુદાયમા ન રહેતા હોય તેવી વ્યક્તિઓની સંખ્યા ઘણી છે. આથી તેમના વિશેના અભિપ્રાયો મેળવવા દુષ્કર બન્યા છે. વળી સગાઈબાદ લગ્ન વચ્ચેનો ગાળો લાંબો રાખવો પણ હવે જોખમી બનેલ છે જેથી વ્યક્તિઓ એકબીજાને પૂરી રીતે જાણી શકતી નથી.

છેલ્લે રોજગારી મેળવવા બાબતે એક વિપુલ સંખ્યામાં આવતી સરકારી નોકરીઓની જાહેરાતો પરત્વે આપણા યુવાનોએ સજાગ બનવાની તાતી જરૂર છે. આ જાહેરાતો માટે ઈન્ટરનેટ પર ‘ઓજસ’ નામની વેબસાઈટ પર ચાંપતી નજર રાખવાની જરૂર છે કારણ કે સમાચાર પત્રોમાં આવતી જાહેરાતોનો બહોળો પ્રચાર કરવામાં આવતો નથી. જુદા જુદા ક્ષેત્રોમાં કયા પ્રકારના રોજગારની માંગણીનુ પ્રમાણ વધુ છે તે જાણી તે પ્રકારની વ્યવસાયલક્ષી તાલીમ લેવાથી ઝડપથી નોકરી મેળવી શકાય છે તે બાબત અભ્યાસલક્ષી બનવું જરૂરી બન્યુ છે. પર્યાવરણક્ષેત્રે પણ હવે રોજગારી વધી રહેલ છે. આ દિશામાં પણ યુવાનોએ તૈયાર થવું જોઈએ. ●

*Courtesy : Internet*


**શેરોન** વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૫૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો,
બાકરોલ, તા.જિ. આણંદ

**પરવીન એસ.:** ‘ઈવાઝ’ના સ્પેશ્યલ કારીગર
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

**પવિત્ર ભૂમિની યાત્રા – મે ૨૦૧૭**

ઈઝરાયેલ, ઈજીપ્ત, જોર્ડન અને દુબઈ – ખર્ચ: ૧,૨૦,૦૦૦/-

**યુરોપ યાત્રા – મે ૨૦૧૭**

ઈટલી, વેટીકન, સ્વીઝરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, સ્પેન અને પોર્ટુગલ
ખર્ચ: ૨,૧૦,૦૦૦

**સંપર્ક :- ફાધર પીટર ડીસા મો. ૯૪૨૭૫ ૨૨૨૮૪**
હોલી ફેમીલી ચર્ચ, રાજપુર - ગોમતીપુર, અમદાવાદ - ૨૧

**ચાલો... કચ્છ ચાલો...**

**નડિયાદથી - અંજાર - ભૂજ - માંડવી - નારાયણ સરોવર - કોટેશ્વર મહાદેવ - માતાનો મઢ - કાળો ડુંગર - સફેદ રણ.**

**તારીખ:** ૨૪-૦૨-૨૦૧૭ થી તા. ૨૬-૦૨-૨૦૧૭ **દિન:** ૦૩
**ટિકિટ:** રૂા. ૨,૫૦૦/- (રહેવા જમવા સાથે)
**બસ ઉપડવાની તારીખ :** ૨૩-૦૨-૨૦૧૭, ગુરુવાર **સમય:** ૯.૩૦ કલાકે
**બસ ઉપડવાનું સ્થળ :** એલિમ મેથોડિસ્ટ ચર્ચ, મિશન રોડ, નડીઆદ

**સંપર્ક: વિનુભાઈ એસ. મકવાણા (મો. ૯૮૨૪૩ ૧૫૯૫૭)**

## લગ્ન વિષયક

*ગુજરાતી મેથોડિસ્ટ યુવક, ઉંમર ૨૮, ઉંચાઈ ૬’૦૦”, M.A., B.ed., M.Phil ગવર્નમેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલમાં શિક્ષકની નોકરી કરતા યુવક માટે કુટુંબની કન્યાઓના વાલીઓએ સંપર્ક કરવો.

*ગુજરાતી મેથોડિસ્ટ યુવક, જ.તા. ૮૭, ઉંચાઈ ૫’૩”, વજન ૪૯ કે.જી. B.com, M.com, M.B.A.(Fin) દેખાવડા યુવક માટે સંસ્કારી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૧૩૯ ૨૧૩૮૭ / ૯૫૩૭૦ ૫૨૩૨૮** (વોટ્સઅપ)

* * *

*Alliance is invited for MBA girl working for Government Organisation. Age: 30 yrs, Height; 4’11”, Weight: 50 kgs.

**Contact : 072278 28237**

* * *

*We are looking for appropriate & well qualified mater for our daughter – M.Pharm; (Ph.D. Running) working as Asst. Professor (Govt.). Sep. 1986 birth, Height 5’2”. Interested parents may kindly contact

**Mob. 82388 14236**



# સંતાનોને પત્ર

✍ સુશીલા મેકવાન

લેખિકા, વડોદરા

પ્રિય, સંતાનો,

આજે તમે લગ્ન જેવો અતિ મહત્ત્વનો સંસ્કાર પામી ધન્યતા અનુભવી રહ્યાં હશો. સંસ્કાર શબ્દ જ મનમાં પૂણ્ય ભાવ જાગૃત કરે છે, કેમ ? આજે તમે બંનેએ ધારણ કરેલાં વસ્ત્રો, આભૂષણો ઘણાં કિંમતી હતાં અને તમારી ચોપાસ વાતાવરણ જાણે મઘમઘતું હતું, સર્વત્ર આનંદનો પહેરો હતો. એ આનંદમાં મદહોશ બની તમે એ તો નથી ભૂલી ગયાં ને કે, તમને શોભાવતાં મૂલ્યવાન (અલંકારો), સુગંધીત પુષ્પમાળાઓ કે રેશમી વસ્ત્રો કરતાં યે અગત્યના અને આવશ્યકતા સંસ્કારી વાણી તથા વર્તનની હશે.

લગ્નસંસ્કારના સ્વીકાર સાથે તમારા બંન્નેના હૃદય મંદિરની ભીંતે તમારે એક વાક્ય કોતરવું પડશે કે,

(૧) ''સંસારની ઈમારત વિશ્વાસ અને ભરોસાની એવી માટીથી ચણાવી જોઈએ કે વહેમના સાગર ઉમટે, શંકાના પ્રચંડ વાવાઝોડાં આવે કે આફતની આંધી એને જમીનદોસ્ત કરવા મથે તો પણ પ્રેમની એ પવિત્ર ઈમારતને ઊની આંચ પણ નહીં આવે.''

આવું ત્યારે જ શક્ય બનશે જ્યારે તમે પરસ્પર એકબીજાની કદર કરતાં શીખશો. જે પોતાની જાત માટે માન ધરાવે છે તે આપોઆપ અન્યની કદર કરે જ. ખરું ને ? તમારાં બંન્નેનાં મન પ્રભુ એવી સમજણથી ભરી દે કે, તમને સામા પાત્રમાં સારી બાબતો નિહાળતાં આનંદ થાય, સામા પાત્રની ખામીઓ શોધી તમને દૂષિત મનના સાબિત થતાં ઈશ્વર બચાવે એવી પ્રાર્થના. એકબીજાની નબળાઈઓ તરફ આંગળી ચીંધી એને અશાંતિનું કારણ ન બનાવવા જેટલી સમજ તમે કેળવશો એવી શ્રદ્ધા.

(૨) તમારા જીવનમાં શાંતિ અનુકૂળ પરિસ્થિતિઓ દ્વારા નહીં પરંતુ આંતરિક પરિવર્તન દ્વારા જ આવશે. તમારે આંતરિક પરિવર્તનના પંથના સહયાત્રી બનવાનું છે. સ્વયંથી સુધારણાની શરૂઆત કરનાર જ સાચો સુધારક ગણાય, સ્વયંને સુધારવાની હામ ભીડજો.

તમારી સંસારયાત્રા તમને હરદમ આનંદના પ્રસંગોની જ ભેટ આપશે તે શક્ય નથી. વળી જીવનનો પ્રારંભિક તબક્કો તો નાનામોટા સંઘર્ષોથી ભરપૂર હશે એ સંજોગોમાં સહનશક્તિ અને ધીરજ જાળવી રાખજો. તમારા જીવનના પ્રત્યેક સારા માઠા પ્રસંગોને પુખ્ત સમજણથી સ્વીકારી તેનો સામનો કરવાનું સામર્થ્ય પ્રભુ પાસે માંગતા રહેજો.

(૩) તમે સાંભળ્યું જ હશે કે, જીવનને જે ચાહે છે, તેને તે મનોરમ્ય લાગે છે. અને જે જીવનની ઉપેક્ષા કરે છે તેને માટે તે દુઃખકર બને છે, તમે તમારી જીવનઆરસી સામે મલકાટ પાથરતાં શીખજો, કારણ તો જ તમે મોહક પ્રતિબિંબ પામી શકશો અન્યથા જિંદગી વિરૂપ લાગશે.

લગ્ન તમારા બંન્નેના આત્માઓનું અદ્વૈત મિલન છે. જીવન માર્ગની આંધી કે અંધારું તમને ડરાવી શકે પણ નોખા ન પાડી શકે, એવું મજબૂત બંધન તમારી વચ્ચે રચાવું જોઈએ. તમારા જીવનની તડકી-છાંયડી તમને વધુ સમીપ લાવી એકસૂત્રતામાં બાંધે એવી કૃપા સતત યાચતા રહેજો. ઉગતા સૂરજની શાખે તમે આશાવાદી વલણ ધરાવતાં શીખજો પણ નિરાશાની પળોમાં તમારી જીવનનૈયાનો સુકાની તમે પ્રભુને બનાવજો. શ્રદ્ધાના હલેસે તમે સામા પૂરે પણ તરી શકશો. વિપરિત સંજોગોમાં હતાશાના બોજ તળે દટાઈ જવાને બદલે તેને જીવનનો પડકાર સમજી તેનો સામનો કરજો.

(૪) તમે ઈચ્છશો તો પણ ટૂંકાગાળામાં તમારુ ંજીવન તમારા ભૌતિક સુખસગવડોથી સમૃદ્ધ બની જાય તેવું શક્ય નથી. તમારી આસપાસનાં સ્નેહી કે મિત્રો કરતાં તમારી પાસે ઓછી સુખ સુવિધાઓ હોય તો ઓછું ન આણતાં, ભૌતિકતા જ સુખનું પરિમાણ તો નથી ને ? તમારી જાત-મહેનત અને આયોજનથી ક્રમશઃ થતી વસ્તુઓની પ્રાપ્તિ તમને અનેરો આનંદ આપશે. તમારા જીવનના ખટ-મીઠા પ્રસંગો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તમારું હિત સંકળાયેલું હશે એવી શ્રદ્ધા કેળવજો.

(૫) દાંપત્યજીવનની સફરને સુહાની બનાવવી હશે તો ક્ષમા અને સહનશીલતા તમારામાં ખીલવવાં પડશે. તમારા મનોજગતમાં આશા, આકાંક્ષા, અરમાનોના વિવિધરંગી ફૂલડાં ખીલશે તે તમામને પૂર્ણરૂપે વિકસાવી તેને રસસભર બનાવવાની જવાબદારી તમારી સહિયારી છે. યાદ રાખજો કે ઉપરવાળો તેની અદ્‌ભૂત પીંછી વડે તમારા સહજીવનમાં રંગપૂરણી કરી તેને મેઘધનૂષી સુંદરતા પ્રદાન કરવા તત્પર જ છે. તમારાં વાણી, વ્યવહારથી તમારી આસપાસના વાતાવરણને સુવાસિત બનાવવાની કળા તમારામાં ખીલવજો.

(૬) એ સર્વવિદિત છે કે, જીવનનાં ઝેર પચાવવાં સરળ બાબત નથી, અરૂચિકર પ્રસંગો કે સંઘર્ષ ટાણે એકબીજા ઉપર દોષારોપણ કરતાં પહેલાં પરિસ્થિતિને પુખ્ત રીતે સમજી તે તરફ સહિષ્ણુતા કેળવવાનો પ્રયત્ન કરજો. પ્રેમના બંધને બંધાઈ, ઐક્ય સાધી રહેતા બે આત્માઓ ગમે તેવા ઝેરને પણ પચાવી શકે છે. નાનકડી તિરાડ મોટા બંધને પણ

તોડી શકે છે, તે તમારા સહજીવનને તો છીન્નભિન્ન કરી જ શકે, તેથી નાની શી તિરાડ પણ તમારા જીવનમાં ન પડવા દેશો. તમારું જીવન નદીના પ્રવાહની જેમ વહેશે તો તમારા મનમાં સર્જાતી તમામ અશુદ્ધિઓ તેમાં તણાઈ જશે અને તમારી નિર્મળતા અને મીઠાશ હંમેશ બરકરાર રહેશે.

(૭) દાંપત્યજીવનના તમે બે મુખ્ય યાત્રીઓ છો પણ તમારી જીવનયાત્રામાં એક ત્રીજા સહયાત્રીનું અસ્તિત્વ હંમેશા જાળવી રાખજો, તમારા સર્જનહારની હાજરીનું સાતત્ય સદા મહેસુસ કરતા રહેજો. તમારા હૃદયમંદિરમાં તેની સ્થાપના સદા રાખજો અને સદ આચરણ તથા શુદ્ધ દિલના શ્વેત પુષ્પોથી તેનું સદા અભિવાદન કરતા રહેશો તો તે સદાય તમારો માર્ગદર્શક બની તમને આશિષ આપતો રહેશે.

(૮) એક મહત્ત્વની વાત યાદ રાખજો કે પ્રેમ તાબેદાર બનાવે પણ નહીં અને તાબેદારી સ્વીકારે પણ નહીં. તમે પ્રેમની એવી ઊંચાઈને પામજો કે જે પરસ્પરને મુક્તિનો શ્વાસ લેવાની મોકળાશ આપે. તમારા વિચારો, માન્યતાઓ, ગમા કે અણગમા એકબીજા ઉપર ન થોપતાં અન્યોન્યના ભિન્ન રસ-રૂચિનું સુંદર આયોજન કરતાં શીખી પૂર્ણ સમજણના ઘરમાં સંયુક્તપણે પ્રવેશવા લાયક બનજો.

તમારા જીવનમાં પ્રભુ હંમેશા પુષ્પો પાથરે એવી મનોકામના કરતાં નહીં પરંતુ પથમાં ચૂંભનાર કંટકોની તીક્ષ્ણતા સહન કરવાની શક્તિ માંગજો. મધુર ધ્વનિ જ તમારા કાન શ્રવણ કરે તેવું નહિ પરંતુ કર્કશ અવાજ સહન કરવાની ક્ષમતા ખીલવજો. કંટકો મધ્યે પણ ખીલેલું ફૂલ કેવું તાજગીસભર હોય છે, તેમજ જીવનની હાડમારી કે અભાવો વચ્ચે પણ પ્રસન્ન રહેતાં શીખજો.

તમારી આ સફરમાં તમારા થકી આકાર ધરનાર ચૈતન્યઅંશો ઈશ્વરની તમારા ઉપરની શ્રદ્ધાની સાબિતી ગણી તેને સાચા અર્થમાં સ્વીકારજો. તેમને પૂર્ણપણે ખીલવવાની શક્તિ તથા ચારિત્ર્ય તમારામાં ખીલવજો. તમારા જીવનરૂપી બાગમાં ખીલેલાં બાળપુષ્પો તમારી મનવાંછિત ડિઝાઈન ધરેલાં ના પણ હોય, તેમને પરમપિતાનો પ્રસાદ ગણી તેમનું જતન કરજો.

છેલ્લે, ઈશ્વરે તમને આપેલ સ્વસ્થ તન-મન અને સાથી માટે તેના ઓશિંગણ રહેજો. તમારી ઉપર શ્રદ્ધા ધરી તેણે તમને સહયાત્રામાં જોડ્યાં છે ત્યારે તેમના અને અમારા ભરોસાને ખરો ઠેરવજો. એટલી જ આશા અને અભ્યર્થના. ●


**સરજીલભાઈ** **મો. ૯૫૭૪૯ ૫૪૭૮૯ ૯૯૦૯૪ ૧૫૧૮૦**

**MAA સ્ટીલ ફર્નિચર**

**દરેક પ્રકારના દીવાલગોખલાના ડ્રેસિંગ કબાટ, અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.**

***વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.***

## મકાન વેચવાનું છે

ક્રિસમસ પાર્ક સોસાયટીમાં, સેંટ ઝેવિયર્સ રોડ, સેંટ ઝેવિયર્સ સ્કૂલની નજીક, ૧૧૩ ચો.વારના પ્લોટ ઉપર ૪૯.૫૦ ચો.વાર બાંધકામવાળું, ચાર રૂમ વાળું (ટેનામેન્ટ) સંપૂર્ણ સુવિધા, હવા ઉજાસવાળુ મકાન વેચવાનું છે.

**મો. ૯૮૨૦૨ ૨૦૩૬૩૬**

## મકાન વેચવાનું છે

આણંદ જીવન જ્યોત સોસાયટીમાં મકાન વેચવાનું છે.

**:: સંપર્ક કરો ::**

**પ્રકાશ આર. પરમાર - વડોદરા (૭૮૭૪૫ ૧૩૫૪૬)**

**માર્ટિન એમ. મેકવાન - આણંદ (૯૯૭૮૦ ૭૮૬૬૭)**

## બંગલો વેચવાનો છે

સંપૂર્ણ સુવિધાઓ, ૨૩૦૦ Sq Ft.

પ્લોટ એરિયા ૨૯૦૦નું બાંધકામ,

*ઈશિતાપાર્ક, સેંટ ઝેવિયર્સ રોડ, ચાવડાપુરા-આણંદ.*

**મો. ૯૧૫૭૪ ૩૧૩૧૬ / ૭૩૮૩૬ ૧૧૨૨૧**


# 1st Anniversary of Birth in Heaven

**8th February, 2017**



**Satish J. Christie**

09-05-1965 to 08-02-2016

Rest in the arms of angels,
In a place of peace and love.
Watch over us always,
From Heaven up above.

Guide us through our worries,
Be our strength through each day.
Every moment your presence we feel,
You never went away.

You are there in our hearts,
Your memory truely never departs.
You really never went away,
You are right beside us each and every day.

Fondly remembered by Dad - Mr. J.I. Parmar
your wife and children - Vadodara



# દયા : ધરમ કા મૂલ

✍ પોલ મેકવાન (કેનેડા)

સપ્ટેમ્બર મહિનાની ચોથી તારીખે વેટિકનના પ્રાંગણમાં જેઓને સંતોની પંક્તિમાં અધિકૃત રીતે બિરાજમાન કરાયાં તેવાં મધર થેરેસાના અંતરમાં ગરીબો, ત્યજાયેલાં અને નિરાધાર લોકો માટે દયા અને પ્રેમની સરવાણી સદા વહેતી રહેતી. તેરમી સદીમાં ઈટાલીમાં થઈ ગયેલા આસીસીના સંત ફ્રાન્સિસ, 'શ્રીમંતી ગરીબાઈ'ને વરેલા સંત હતા અને ધનવાન પિતાના પુત્ર તરીકેનો પોતાનો સમગ્ર વારસો એક દિવસમાં તેમણે ગરીબોમાં વહેંચી દીધો હતો. તેમનું નામ ધારણ કરનાર વડાધર્મગુરુ ફ્રાન્સિસે પણ ભપકાદાર વસ્ત્રોને બદલે સાદા કપડાં અને ભવ્ય રહેઠાણના બદલે બે રૂમનું સાદું નિવાસસ્થાન પસંદ કરીને ગરીબો પ્રત્યે શરૂઆતથી જ હમદર્દી જતાવી છે. તેઓશ્રીએ જાહેર કરેલ 'દયાના વર્ષ'ની અસાધારણ જ્યુબિલી ૨૦ નવેમ્બરના રોજ પૂર્ણ થયેલ છે.

માંગ અને પુરવઠાના નિયમ મુજબ શ્રમિકો સરળતાથી ઉપલબ્ધ હોવાથી તેમને મળતી આવક અત્યંત સીમિત અને તે પણ અનિયમિત હોય છે. બચતનો કોઈ અવકાશ તેમની પાસે હોતો નથી. થોડી ઘણી બચત પણ સામાજિક પ્રસંગો કે માંદગીના સંજોગોમાં વપરાઈ જાય છે. વૃદ્ધાવસ્થામાં તેમને શારીરિક, સામાજિક તથા લાગણીના પ્રશ્નો તો હોય છે જ. તેમાં આર્થિક પડકારો ઉમેરવાથી આ વૃદ્ધજનો મનથી ભાંગી પડે છે. કેટલાય નિરાધાર વૃદ્ધો આજે પરિસ્થિતિવશ આયુષ્યના અંતિમ પડાવ પર લાચારીભર્યું જીવન જીવે છે. આ મોંઘવારીમાં જેમની કોઈ આવક નથી તેવા નિરાધાર વૃદ્ધો કઈ રીતે જીવન જીવે છે તે સહાનુભૂતિ પૂર્વક વિચારવાની જરૂર છે. વડાધર્મગુરુશ્રી કહે છે કે, 'કોઈ પણ પરિસ્થિતિમાં હોય તો પણ માનવ જીવન અમૂલ્ય છે.'

આજે આપણા સમાજમાં કેટલાય લોકો વિષમ પરિસ્થિતિમાં કષ્ટમયજીવન જીવી રહ્યા છે. એમના પર ઈશ્વરની કૃપા ઓછી છે એમ તો કહી ના શકાય, કારણ ઈશ્વર એવા દુઃખી અને ગરીબ લોકો પર વધારે પ્રેમ વરસાવે છે. આવાં નિરાધાર વૃદ્ધ દંપતીઓ, વિધવાઓ કે વિધુરોને ઓછા નસીબવાળાં કહો અથવા એવા લોકો કહો કે જેમને સંજોગો પોતાની તરફેણમાં કરતાં ના આવડ્યું. બે છેડા ભેગા કરવામાં જિંદગી આખી વીતી ગઈ પણ એમની મહેનત એમને ફળી નથી. વર્ષો પહેલાં હતાં ત્યાં આજેય છે ને હજી એ જ પરિસ્થિતિમાં જીવે છે. આર્થિક પ્રગતિની બીજાઓને જે તક મળી તે કદાચ એમને મળી નથી ને એમાં એમનો તો કોઈ વાંક નથી. એમણે તો એમનાથી થાય એટલું કર્યું. ક્યાંક એમને ખુલ્લેઆમ અન્યાય થયો. ક્યાંક એમનું છૂપું શોષણ થયું. તો ક્યાંક પરિસ્થિતિએ જ અણધાર્યો વળાંક લીધો. એમને નથી મળતું પેન્શન, નથી કોઈ વ્યાજની આવક, નથી નિવૃત્તિના કોઈ લાભ, નથી ખેતીની જમીન કે નથી ધંધાની કોઈ આવક.

આવા નિરાધાર વૃદ્ધો આજે આયખાના આખરી પડાવમાં છે. આજીવિકા માટે કામમાં લઈ શકાય એવું શરીર પણ હવે રહ્યું નથી. સાઈઠ, પાંસઠ કે સિત્તેર વર્ષ લગી એ શરીર પાસેથી કામ લીધું છે. સતત મહેનત અને અપૂરતા પોષણથી વૃદ્ધત્વ ય વહેલું આવ્યું છે. શરીર પૂરતું ઘસાઈ ચૂક્યું છે. એમણે એમની ફરજ બજાવી છે ને પૂરતી નિષ્ઠાથી બજાવી છે. દિલચોરી વગર પ્રમાણિકતાથી તેઓ જીવ્યાં છે. ભગવાનને ભરોસે જીવ્યાં છે. હવે શેષ જિંદગી સન્માન અને ગૌરવથી જીવવાનો એમનો હક્ક બને છે. પણ આ નિષ્ઠુર દુનિયામાં એમનું હવે શું થશે એ સવાલ એક કઠોર વાસ્તવિકતા છે.

ભવિષ્ય વિકરાળ પ્રશ્નો સાથે મોં ફાડીને ઊભું છે. આજે શું ખાઈશું એ પહેલો પ્રશ્ન છે. માંદગીને તો તેડુ આપવા જવું પડતું નથી ને ડોક્ટરની ઉઘરાણીમાં ક્યાંક રહેમ નજર દેખાતી નથી. જીર્ણ થઈ ગયેલા રહેઠાણની મરામત કરાવવાની સગવડ તો નથી જ નથી પણ એક જોડ કપડાનો બંદોબસ્ત કરવોય મુશ્કેલ છે. આર્થિક અસુરક્ષાનો ભય એમને સતત સતાવે છે. એમના જીવનનું પાત્ર કેવળ અભાવોથી ભરેલું રહ્યું છે. એમનાં સ્વપ્નો માત્ર દિવાસ્વપ્નો બનીને રહી ગયાં છે. અસ્ત થઈ રહેલી જિંદગીની ક્ષિતિજે અત્યારે તો કેવળ અંધકાર વ્યાપેલો નજરે પડે છે. સુખનો સૂરજ હવે ઊગે તેવી કોઈ દુરગામી શક્યતાઓ દેખાતી નથી. કેટલાક કિસ્સામાં ઈશ્વરે બાળકો આપ્યાં નથી. ક્યાંક બાળકો નાનાં છે. ક્યાંક પોતાના પહેલાં પોતાનાં સંતાનો ગુજરી ગયાં છે. ક્યાંક ઠેકાણે નથી પડ્યાં. સંતાનોને ઠેકાણે પાડવામાં ય આવડત જોઈએ. ચાલાકી જોઈએ. પણ એ બધું એમની પહોંચ બહાર હતું કે પછી એમને એવું કરતાં ન આવડ્યું. સીધા સાદા છે. ને જીવનની આંટીઘૂંટી સમજવામાં થાપ ખાઈ જાય છે. મોટે ભાગે તો પરિસ્થિતિ જ સાવ પ્રતિકૂળ રહી. નજીવી આવકમાં કુટુંબનું ભરણપોષણ ભરવામાં આયખું વીતી ગયું. હવે આથમતી સંધ્યા ટાણે પગભર ન થઈ શકેલાં સંતાનોની ચિંતાય રાત દિવસ હૃદયને કોરી ખાય છે.

લાચારી અને માત્ર લાચારી. જીવનભર પૂરી પ્રમાણિકતાથી મહેનત કરનાર આજે જીવનના અંતિમ તબક્કામાં ભરપૂર લાચારી અનુભવે છે. પરિસ્થિતિને કોઈ રીતે પોતાના તરફી કરી શકાય એમ હવે નથી. સગાઓય હવે દૂર રહે છે. ને જેઓ મદદ કરવાની ભાવનાવાળાં છે તેમની સ્થિતિય એટલી સારી નથી. કોઈ ઉકેલ, કોઈ રસ્તો દેખાતો નથી. ને આ લાચાર જનો અન્યો પાસે મદદ મેળવવા બધે નજર ફેરવે છે. કોઈ પોતાના તરફ મદદનો હાથ લંબાવે છે ? પોતાના તરફ જુએ છે ? કોઈની આંખોમાં દયા, કરુણા કે સહાનુભૂતિ દેખાય છે ? વધારે નહિ તો પાંચ પંદર દિવસની મદદ પણ કોઈ કરે છે ? આવા વૃદ્ધોની સંખ્યા કેટલી હશે તેના કોઈ સત્તાવાર આંકડા તો છે નહિ પણ ચારેકોર ફેલાઈ રહેલા સમૃદ્ધિના શોરબકોરમાં એમનો આર્તનાદ સંભળાય એ પરિસ્થિતિય નથી.

પણ આવાં નિરાધાર જનો સામે જોવાનો સમય આજે કોની પાસે છે ? સૌ કોઈ પોતપોતાની દોડ દોડી રહ્યા છે. જેથી પાછળ ના રહી જવાય. બધાંની નજર પાછળ રહી ગયેલાઓ પર નહિ પણ પોતાનાથી આગળ દોડતા લોકો પર અને એમને આંબી જવા પર મંડાયેલી છે. કોઈ ગરીબ કે કોઈ જરૂરિયાતવાળી વ્યક્તિઓને ઉદારતાથી અને બદલાની અપેક્ષા વગર મદદ કરી હતી તેવા પ્રસંગો યાદ કરતાં તકલીફ પડે છે ? ક્યારે હૃદયમાં સહાનુભૂતિ અને દયા પ્રગટે તો છે પણ તે નક્કર કાર્યોમાં પરિણમતી નથી એવું પણ બને છે ?

કોઈ વૃદ્ધજનની આંગળી પકડીને વાર્ધક્યનું ગૌરવ કરવાનું છે. કોઈના પેટની ભૂખ ઠારવાની છે. કોઈને પહેરવા એકાદ જોડ કપડાં આપવાનાં છે. કોઈના દવાખાનાના ખર્ચમાં મદદ કરવાની છે. જૂના કરારમાં યોબ પોતાના ભૂતકાળને યાદ કરીને કહે છે, “ગરીબો જ્યારે ધા નાખતા ત્યારે હું એમને મદદ કરતો. જેમનું કોઈ નહોતું એવા અનાથોને હું સહાય કરતો હતો. જેઓ મરવા પડ્યાં હતાં તેઓ મને દુવા આપતાં હતાં. વિધવાઓનાં હૈયાં હું ઠારતો હતો. મેં ધર્મ અને ન્યાય વસ્ત્ર અને મુકુટની જેમ ધારણ કર્યા હતાં. હું આંધળાની આંખ જેવો હતો અને પંગુને માટે પગ સમાન હતો.”

સમસ્ત વિશ્વમાં આવકની અસમાનતા એટલી નિર્લજ્જપણે વધી રહી છે. જાણે એક કુટિલ ષડયંત્ર. સંત જોન કહે છે : “પોતાની વસ્તુઓ ગરીબો સાથે ના વહેંચવી એટલે તેમની લૂંટ કરવી. આપણી વધારાની સંપત્તિના તેઓ હક્કદાર છે.”


ભારતમાં ૧% ધનવાન લોકો દેશની ૫૩% સંપત્તિના માલિક છે. સ્ત્રીઓ, વૃદ્ધો અને ગરીબોને સન્માન પૂર્વક જીવવાની તક મળે તે બંધારણે બક્ષેલો હક્ક હોવા છતાં તે દિશામાં આપણી સરકારો કશું નક્કર કરતી હોય તેવું દેખાતું નથી. વર્તમાન સરકારે તો અગાઉની ઘણી જનકલ્યાણ યોજનાઓને નબળી પાડી દીધી છે એટલું જ નહિ એવા પગલા ભર્યા છે જેનાથી ધનવાન લોકોને જ વધારે ફાયદો થાય. જમીન સંપાદનનો કાયદો આનું એક ઉદાહરણ છે. સરકાર દેશના ગરીબ વૃદ્ધોને ઓછા ખર્ચે અથવા વિના મૂલ્યે દાકતરી સારવાર પૂરી પાડે અને તેમના માટે આવક આધારિત પેન્શન યોજના શરૂ કરે તેવી આશા રાખીએ.

આજ કાલ આપણા દેશમાં ગરીબો પ્રત્યે અમાનવીય વ્યવહાર થવાના આઘાતજનક કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે એ દેશો જેમણે યુદ્ધ ગ્રસ્ત દેશોના શરણાર્થીઓને, ત્રાસવાદીઓ ઘૂસવાનો ભય છતાં, લાખોની સંખ્યામાં પોતાના દેશમાં અને ઘરોમાં આવકાર આપીને ઈસુનો કરુણાનો સંદેશ વિશ્વને આપ્યો છે તેમને સલામ કરવી ઘટે. ●

## ‘પાવન હૃદય દૂત’ને મળેલ દાન

| | | |
|---|---|---|
| શાંતાબેન જોનભાઈ પરમાર | ચાવડાપુરા | ૧૦૦ |
| સ્વ. કાંતીભાઈ છોટાભાઈ મકવાણા | પેટલાદ | ૧૦૧ |
| નટુભાઈ ભીખાભાઈ ચૌહાણ | પેટલાદ | ૧૦૦ |
| વિનોદભાઈ પરસોત્તમભાઈ સોલંકી | અમદાવાદ | ૧૦૧ |
| સ્વ. રેગીનાબેન જોનભાઈ પરમાર | ખાંધલી | ૧૦૧ |
| ઈશ્વરભાઈ વિશ્રામભાઈ મેક્વાન | આણંદ | ૨૦૨ |
| શારદાબેન યોસેફભાઈ પામર | નડીઆદ | ૨૦૦ |
| આલ્બીનાબેન સાયમન ડાભી | મહેમદાવાદ | ૨૦૧ |
| પીયુષભાઈ જોસેફભાઈ | વટવા | ૧૦૧ |
| ધીરજ પરેરા | ગાંધીનગર | ૧૦૧ |
| સુરેશભાઈ તરફથી | ગાંધીનગર | ૧૦૧ |
| પ્રકાશ અંતોનભાઈ | લોટીયાભાગોળ | ૧૦૨ |
| સ્વ. નીતાબેન સાયમન મેક્વાન | વડોદરા | ૧૦૦ |
| એમીન્સ એમ. મેક્વાનના લગ્નપ્રસંગે | આણંદ | ૧૦૦ |
| પાઉલભાઈ વિલિયમભાઈ | વલાસણ | ૧૦૦ |
| સ્વ. ગણેશભાઈ મીઠાભાઈ | નડીઆદ | ૧૦૦ |
| સ્વ. મણીબેન ગણેશભાઈ | નડીઆદ | ૧૦૦ |
| સ્વ. બાબુભાઈ ગણેશભાઈ (મલાતજ) | નડીઆદ | ૧૦૦ |
| દિનેશભાઈ નાનુભાઈ પરમાર | આણંદ | ૧૦૦ |
| કાંતિભાઈ ડાહ્યાભાઈ પરમાર | ખોખરા-મણીનગર | ૧૦૦ |
| ચિ. મર્સીના લગ્નપ્રસંગે | આણંદ | ૧૦૧ |
| સ્વ. શાંતાબેન બાબુભાઈ મેક્વાન | ડભાણ | ૧૦૧ |
| માનુએલ લુકાસ ચૌહાણ | વડોદરા | ૫૦૦ |
| કિરીટ એમ. ક્રિશ્ચિયન (સામરખાવાળા) | વડોદરા | ૫૦૦ |
| શ્વેતાંગીના લગ્નપ્રસંગે | વડોદરા | ૨૫૦ |
| વિપુલના લગ્નપ્રસંગે | વડોદરા | ૨૫૦ |
| ભાનુબેન જોનભાઈ ક્રિસ્ટી | મુંબઈ | ૫૦૦ |
| સ્વ. રૂથબેન મિખાએલ ખ્રિસ્તી | ચાવડાપુરા-આણંદ | ૨૦૦ |
| મયંકકુમાર દિનેશભાઈ પરમાર | આણંદ | ૧૦૦ |
| કોકિલાબેન દિનેશભાઈ પરમાર | આણંદ | ૧૦૦ |
| ડિસોઝા પ્રભાબેન જોનભાઈ | જૂનાગઢ | ૧૦૦ |
| ભાનુભાઈ વટાવવાળા | પેટલાદ | ૧૦૧ |
| સ્વ. વાલીબેન મણીલાલ સેવરીન | સંદેશર | ૧૦૦ |

### પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. મારિયાબેન સ્તાનિસભાઈ વાઘેલા**

જન્મ: ૨૫-૯-૧૯૨૫ ★ અવસાન: ૬-૨-૨૦૧૬

પરમપવિત્ર પરમાત્મા આપના દિવ્ય
આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ. નવદીપ પરિવાર**
*સ્મૃતિ સોસાયટી, મુ. ગામડી, આણંદ*

### દ્વિતીય પુણ્યતિથિ



**સ્વ. કલ્પનાબેન(કોકી) દાઉદભાઈ મેકવાન**

જન્મ: ૨૩-૧૨-૧૯૭૦★ અવસાન: ૬-૨-૨૦૧૫

અંજલિ આપતાં હૈયુ રડે છે, શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો
ખૂટે છે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. દાઉદભાઈ તથા દુઃખી પરિવાર - પેટલાદ**
મો. ૯૮૯૮૮ ૯૧૪૪૩



# સોહામણો દિન

✍ અલ્પેશ પરમાર

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, આણંદ

ગામને પાદર શિયાળાની કડકડતી કાતિલ ઠંડીના માહોલમાં હજી ભોંયભાંખળ પણ નથી થયું ત્યારે વહેલી પરોઢે પોતાના ઘરેથી દેવળ તરફ જઈ પ્રભુને પ્રાર્થના કરી, નરસિંહ માસ્તર પોતાના ખેતર તરફ જવા નીકળ્યા છે. આમ તો નરસિંહ માસ્તરને સરકારી શાળામાંથી નિવૃત થયા બાદ પેન્શનની આવક છે, તેઓનાં ધર્મપત્ની નિલાબહેન બે દીકરા તે સુજીત અને સુનય. સુજીત તે પણ સરકારી નોકરી કરે છે. તેના પત્ની તે દમયંતી, તેણી નોકરી કરતી હોવા છતાંયે ઘરે ઢોરઢાંખર વાસીંદા ભરતાં ખેતરે કામ કરતા સહેજેય શરમાતી નથી. તે મુજબ સુજીત પણ નવરાશની પળોમાં ખેતરની ભાળ રાખે છે. દર અઠવાડિયે શહેરથી ફાધર જયારે ગામડે ખ્રિસ્તયજ્ઞ કરવા આવે ત્યારે તેઓનો ઊતારો આ જ ઘરે રહેતો. સુજીત કોઈ પણ જાતના દંભ વિના,શરમ વિના નોકરી ઉપરાંત ખેતરકામ કે ઘરકામ કરતો. તે ખૂબ જ સાદગીભર્યુ જીવન જીવતો.જયારે સુનય તે તેનાથી સાવ વિપરિત. ભવિષ્યની પરવાહ વિના પોતાનુ જીવન વિતાવે છે. તે અવનવા તુકકા દ્વારા શોર્ટકટથી પૈસા કમાવવાના વિચારોમા વ્યસ્ત રહે છે.

તે ઘરનો સૌથી લાડકો હોવાથી તેને ખિસ્સાં ભરચક રહેતા હોવાથી તેની આસપાસ મિત્રોનુ ટોળુ વીંટળાયેલુ રહેતુ, તેનો ખાસ સખો તે ભીખો.ભીખો એ આઈ.ટી.આઈ. થઈને બેરોજગાર બનીને લોકોને પૈસે મોજમજા કરવામાં વ્યસ્ત રહે છે. તે અવનવા ગોરખધંધા દ્વારા પોતાના દહાડા ટૂંકા કરે છે. સુનયની આ જીવનશૈલીથી તેના ઘરના સર્વેના જીવ પડીકે બંધાયેલા રહે છે. અનેકવાર માતાપિતા તથા ભાઈભાભી એ ઉચ્ચઅભ્યાસ કરી ઠામઠેકાણે પડવા સલાહ તેને આપેલી છે,પરંતુ તોયે પથ્થર પર પાણી રેડો તોયે કોરો ને કોરો.જો ઘરમાં કોઈ ઠપકો આપે તો તે ઘર છોડી ભાગી જવાની કે આત્મહત્યા કરવાની ધમકી દ્વારા સહુને લાચાર બનાવી દે છે. તે તો શહેરની દુનિયામાં કે પોતાના મોબાઈલ પર સોશ્યલ મીડિયા પર ખોવાયેલ રહે છે.દરરોજની જેમ નરસિંહ માસ્તર ખેતરમાં પહોંચીને પોતાની વાડ આગળ ઊભા રહી દાતરડાં વડે તેને સરખી કરી રહ્યા હતા. ત્યાં આગળ થોડી વારમા શનાભાઈ પસાર થાય છે અને નરસિંહભાઈને હરખાઈને હોંકારો દે છે. “જય ઈસુ માસ્તર.” શનાભાઈનો છોકરો શામજી, તે વર્ષોથી પરદેશમાં છે, તે આ વર્ષે નાતાલે ઘરે આવવાનો છે એની માંડીને વાત નરસિંહભાઈને કરે છે. સાંજના સમયે આ પોતાની પર તો મહેણાં-ટોંણા તો નથી ને, એમ વિચારી સુનય ખુન્નસથી ભરેલા ભાણા પરથી ઉભો થઈ જાય છે અને તે ગુસ્સે થઈ ખિજાઈને ત્યાંથી ચાલ્યો જાય છે.

બીજા દિને વ્હેલી સવારે ગામને પાદરે સુનય પોતાના ભેરુ ભીખાને બોલાવીને શામજીની વાત કરે છે અને કહે છે, “અલ્યા ભીખા આપણેય હવે પરદેશ જઈને ધનના ઢગલા ભેગા કરવા છે.. છે તારી ભાળમાં કોઈ એજન્ટ..” ભીખો કોઈપણ જાતની પૂર્વભાળ કાઢયા વગર મિસ શ્વેતાનો સંર્પક સાધી પોતાના કલાયન્ટ સુનયની વિગતવાર વાત તેણીને જણાવી, યોગ્ય કમિશનની શરતે આ કામ કરી આપવા જણાવે છે. ભીખો શહેરની એક થ્રી સ્ટાર હોટેલમાં મિટીંગ ગોઠવે છે.પ્રથમ મીટિંગમા સુનય, મિસ શ્વેતાના આકર્ષક દેખાવ, રંગીન વેશભૂષા, અંગ્રેજી બોલીથી પ્રભાવિત થાય છે. મિસ શ્વેતા નોકરી અંગે જરૂરી દસ્તાવેજો તથા ફી ની રકમની ચૂકવણીની વાત કરે છે, ત્યારબાદ સુનય શહેરથી પાછો ફરીને આ વાત ઘરના સભ્યોને ભેગા કરી જણાવે છે. પરદેશમાં નોકરી કરવા અંગે અને સ્થાયી થવાની આ વાત સાંભળીને નરસિંહ માસ્તરનો રોષ ભભૂકી ઊઠે છે. સુજીત પણ ક્રોધિત છે. ઘરના સર્વે આ બદલ સુનયને ઠપકારે છે.આથી સુનય ગુસ્સે થઈ ઘરની બહાર નીકળી જાય છે અને ગામને પાદરે ભીખાને ભેગો થાય છે તે સુનયને અવળી સલાહ આપે છે.

સુનય ઘરમાં પોતાના હિસ્સાની માંગણી કરે છે ત્યારે ઘરના બધા સ્તબ્ધ બની જાય છે.તેઓ સ્પષ્ટ ના પાડે છે. સુનયને માથે વિદેશ જવાનુ ભૂત સવાર છે આથી તે આત્મહત્યાની ધમકી આપે છે, પરિણામે સહુ ચોંકી જાય છે.નિલાબહેન હળવેથી નરસિંહ માસ્તરને બીજે ઓરડે લઈ જઈ સમજાવે છે “કહું છું સાંભળો છો, આ નખોદયો જુવાનીના જોશમા અવળુ પગલુ ના ભરે... આપણે માથે ભૂંડાશ આવશે મારું માનો તો તેને જોઈતી મૂડી આપી દો, લાગે છે ભગવાન આપણી કસોટી કરી રહ્યો છે, તેના સુખમા આપણે સુખી.” નરસિંહ માસ્તર પોતાના ધર્મપત્નીના બોલ વિરુધ્ધ જઈ શકે તેમ નથી. તે વાત માની સુનયને જોઈતી મુડી આપે છે પરંતુ એ શરતે કે આજ પછી તારે ને અમારે કોઈ.... પરંતુ સુનય પર કાંઈ અસર નથી.

સુનય શહેર જઈ મિસ શ્વેતાને એડવાન્સ ફી પેટે ૮૦% રકમ, જરૂરી દસ્તાવેજો આપે છે બદલામા મિસ શ્વેતા સુનયને વિદેશમા કાયમી કરવાની ખાતરી આપી છુટાં પડે છે. સુનય ઘરે આવી પરદેશ જવાની તૈયારીમાં વ્યસ્ત છે, ઘરમાં સહુએ તેની સાથે અબોલા લીધેલ છે કોઈને તેનો ઉમંગ નથી. અઠવાડિયા બાદ મિસ શ્વેતા, સુનયને ફોન કરીને તેની વિદેશમાં નોકરી પાક્કી થઈ જવાના અને વિદેશના વિઝા મળી ગયાની ખુશખબર આપે છે અને શહેર પહોંચવા જણાવે છે.

બે દિન બાદ વહેલી સવારે ભાડાની કાર કરી ભીખાને તેડી શામજી કરતાં વધુ કમાણી કરી ગામમાં પરત ફરવાનો નિર્ધાર સહ શહેર પહોંચે છે, જયાં મિસ શ્વેતા સુનયને પાસપોર્ટ, જોબલેટર તથા વિઝા સુપરત કરે છે. બીજી તરફ મિસ.શ્વેતાને ફી ની સંપૂર્ણ રકમ ચૂકવતાં તેણી ભીખાને તેના કમિશનની રકમ આપી ગામડે પરત મોકલે છે. ભીખો સુનયને ભેટી છુટ્ટો પડે છે. ત્યારબાદ સાંજના સમયે મિસ શ્વેતા અને સુનય એરપોર્ટ તરફ રવાના થાય છે એરપોર્ટ પર જરૂરી ચકાસણીબાદ સુનય અને મિસ શ્વેતા તેમની ફ્લાઈટમાં સીટ ગ્રહણ કરી લે છે.

સુનય અને મિસ શ્વેતાની ફ્લાઈટ ગગનચુંબી આકાશ અને વાદળોની વચ્ચેથી પસાર થઈ રહી છે.સુનય પોતાના ઉજ્જવળ ભવિષ્યના સપનાં જોઈ રહ્યો છે. ફ્લાઈટ ખૂબ જ તેજ ગતિએ આકાશની ક્ષિતિજને પાર કરી ગલ્ફદેશના એરપોર્ટ પર ઉતરવાની તૈયારીમા છે.

ત્યાં જ ફ્લાઈટ મેનેજર ફ્લાઈટ એક કલાક માટે ઈંધણ ભરાવા રોકાવાની જાહેરાત કરે છે. થોડા યાત્રિકો ફ્લાઈટનુ ઉતરાણ થતા મોલમાં નાતાલની ખરીદી કરવા જઈ રહ્યા છે પરંતુ સુનયને નીચે ઉતરવામાં જરાયે રસ નથી. આથી મિસ શ્વેતા સુનયને અહીં બેઠાં કંટાળો આવશે તેથી ગલ્ફ એરપોર્ટના બજારમા લટાર મારી આવવા જણાવે છે. તે મોલમાં જાય છે પરંતુ તેને તો નોકરીના સ્થળે પહોંચવાની ઉતાવળ હોવાથી જેમ તેમ લટાર મારી એરપોર્ટ ઓથોરીટી દ્વારા ફ્લાઈટ ઉડ્ડયનની જાહેરાત થતાં સહુ યાત્રિકો સાથે તે ફ્લાઈટમાં પરત ફરી સહુ યાત્રીઓ ગોઠવાઈ જાય છે, પરંતુ મિસ શ્વેતા પોતાની સીટ પર નથી, આથી આ જોઈ તે મુંજાઈને તેને શોધવા પ્રયત્ન કરે છે.ફ્લાઈટ ઉડ્ડયન માટે તૈયાર હોવા છતાં તેણી પોતાની સીટ પર પરત ન આવતાં સુનય તેણીને ફોન લગાવે છે, પરંતુ તેનો ફોન કવરેજ ક્ષેત્રની બહાર બતાવતાં તેના હોશકોશ ઉડી જાય છે. તે ગભરાયેલા ચહેરે ફ્લાઈટ મેનેજર દ્વારા સમગ્ર એરપોર્ટ પર જાહેરાત કરાવવા છતાંયે તે પરત ન ફરતાં તે ફ્લાઈટ મેનેજરની સલાહથી ફ્લાઈટ ત્યાં જ છોડી નીચે ઉતરી પડે છે અને ફ્લાઈટ આગળના માર્ગે રવાના થાય છે.

એરપોર્ટ પર નિરાશ ચહેરે તે બેઠો છે, તે પોતાના મિત્ર ભીખાને પણ ફોન લગાવી જુએ છે, તો તેનો પણ ફોન કવરેજ ક્ષેત્રની બહાર બતાવે છે આથી તે સમજી જાય છે કે મિસ શ્વેતા અને ભીખાએ સંગાથ મલી તેને ચૂનો લગાવ્યો છે, એરપોર્ટ ઓથોરીટી પાસે જઈને વિદેશી કંપનીની ભાળ કાઢતાં આવી કોઈ કંપની નથી તેવી વાત સાંભળતાં તેના હોશકોશ ઉડી જાય છે,અને ગમગીન ચહેરે સ્વદેશની ટિકીટ બૂક કરાવી શહેરમાં પરત ફરે છે. સ્વદેશ પરત ફરી શહેરની હોટેલમાંથી ભીખાને અને મિસ.શ્વેતાને ફોન ફરીથી લગાડે છે, પરંતુ તેઓનો કોઈ પતો નથી,તેમના ઠામઠેકાણાય નથી જેથી તેમની ભાળ કાઢી શકાય. તે ચિંતામા છે, હવે શું કરવુ... શહેરમાં થોડા દિવસ સુધી રોકાયા બાદ હવે તેની પાસે હોટેલમા રહેવાના પૂરતા પૈસા નથી રહ્યા. આથી તે હોટેલ છોડી ધર્મશાળામાં રહીને જીવન ગુજારી રહ્યો છે, માંડ માંડ ટંક નીકળી રહી છે હવે તે વિસામણમા છે કરવુ શુ ? ઘરે પાછા જવું તો કેવી રીતે ? તેનું ભવિષ્ય શું હશે, એ અંગે ચિંતિત છે...

બીજી તરફ ગામડે નરસિંહભાઈના ઘરમાં સન્નાટો છવાયેલો છે, સમગ્ર ગામમાં નાતાલની પુર્વ તૈયારીઓ પૂરજોશમા ચાલુ છે. નરસિંહભાઈ અને નિલાબહેન ઈશ્વર ઈચ્છાને માન્ય રાખી ઘરના ખૂણામાં ભરાઈ બેઠાં છે. ભાઈભાભી ચિંતિત છે, નાતાલની કોઈ ખુશી નથી, જોકે સુનયને મિલકત આપ્યા બાદ સંબંધ ન રાખવાની પ્રતિજ્ઞા નરસિંહભાઈએ કરી હતી, પરંતુ માબાપ કોને કહેવાય ?

શહેરની ધર્મશાળામાં રહેલો સુનય શાંતચિતે ભગવાનને યોગ્ય રસ્તો સુઝવવા પ્રાર્થના કરે છે થોડીવાર બાદ તે શુ કરવું તે અંગે વિચારતાં તેને ઘરનો જ રસ્તો દેખાય છે. તે મનોમન નક્કી કરે છે કે ઘરે પરત ફરી સર્વેની માફી માંગી જો ઘરમાં રહેવા દેશે તો ઠીક નહી તો એ નિર્ણય પ્રભુનો જ આદેશ હશે એમ માની લે છે અને પરત ફરે છે.

ગામડે નાતાલને લીધે આનંદનુ વાતાવરણ છે. સમગ્ર ગામમાં જુવાનિયાઓ ગામને રોશની અને સ્ટારથી સુશોભિત કરે છે. ગામમા ખુશીનો માહોલ છે. પરંતુ નરસિંહભાઈ ઘરની બહાર બેઠા બેઠા ઈશ્વરને યાદ કરી વિનવી રહ્યા છે “હે ઈશ્વર મારા સુનયને સદ્બુધ્ધિ આપ અમારા ઘરનો ગોવાળ બની અમારુ રક્ષણ કર”

ત્યાં જ વાવડ આવે છે કે “માસ્તર તમારો સુનય ગામને પાદરે બસમાંથી ઉતર્યો છે” આટલુ સાંભળતા જ નરસિંહભાઈ ગામની પાદર તરફ દોટ મૂકે છે, સુનય પોતાના પિતાના પગે પડે છે અને માફી માગે છે તે ધ્રુસકે ધ્રુસકે રોઈ પડે છે.નરસિંહભાઈને સઘળી માંડીને વાત કરે છે આથી તેઓ પણ રોઈ પડે છે પરંતુ આ તો હરખના આંસુ હતા. તેઓ ભાવવિભોર બની સુનયને ઘરે લઈ જાય છે ત્યાં પણ માતા નિલાબહેન તથા ભાઈભાભીની માફી માંગે છે, પોતાની આપવીતી જણાવી હવેથી આવી ભૂલ નહી કરે તેની ખાતરી આપી સાચા રસ્તે ચાલશે, તેવી હૈયાધારણા આપે છે

નરસિંહભાઈ કહે “સવારનો ભૂલેલો સાંજે ઘરે પરત ફરે તો તે ઘર ભૂલ્યો ન કહેવાય. સોહામણો દિન આપણને આપ્યો છે“ હવે તું રડીશ નહીં ભૂતકાળ ને ભૂલ અને ભવિષ્યના ઉજ્જવળ તકોનુ ઘડતર કર.આ વાતમા ભાઈભાભી એ પણ સૂર પૂરાવ્યો અને કહ્યુ કે આ વર્ષે ભગવાને આપણને પવિત્ર કુટુંબની ભેટ આપી છે. ત્યાં નરસિંહમાસ્તરે હર્ષભર્યો હોંકારો દઈને કહ્યુ કે, હવે આ બધું છોડો અને લાપસીના આંધણ ચઢાવો, મિજબાનીની તૈયારી કરો, આપણુ ખોવાયેલુ ધન આપણને પરત આપ્યુ છે આપણે ભગવાનનો આભાર માનવો જ રહ્યો. સહુ ભગવાનની આભારસ્તુતિ સાથે નાતાલપર્વની સાચા અર્થમા ઉજવણી કરે છે. ●

## આસુંભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મુસાભાઈ ફુલાભાઈ ખ્રિસ્તી**

જન્મ: ૦૧-૦૨-૧૯૪૪

અવસાન: ૦૫-૦૧-૨૦૧૭

આપની અણધારી વિદાય, પરંતુ આપની યાદ હજુ પણ અમારા માનસ ઉપરથી વિસરી શકાય તેમ નથી. જીવનભર અથાગ મહેનત કરી પરિવારને સમૃદ્ધ બનાવી સૌ કોઈને સુખ અને શાંતિ આપતા ગયા. આપની ઉદારતા, નિખાલસતા અને આપના સંસ્કાર, આશીર્વાદ અમારા હૈયામાં અખંડ રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ પ્રદાન કરે તેમજ પુનરૂત્થાનની પ્રભાતે ફરી અચૂક મળવાની આશાએ ખરા અંતઃકરણથી અમ સૌ પરિવારજન વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**આભાર:** *અમારી દુઃખદ પળોમાં અમારી પડખે રહી સાથ-સહકાર અને દિલાસો આપ્યો છે એવા સેંટ ઝેવિયર્સ કૉલેજ અને કોમ્પ્યુટર સેન્ટરના ફાધર લેન્સી, ફાધર વિન્સેન્ટ બ્રેગાન્ઝા તથા સ્ટાફ અને વિદ્યાર્થીઓ તેમજ મહેમદાવાદ ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર અંતોન તેમજ સંત આન્ના મંડળની સાધ્વીબહેનો, સગાંસ્નેહીજનો, સી.ટી.એમ. અમદાવાદ વિસ્તારના સીનિયર સીટીઝનો, રહીશો તથા કેસરા ગામના રહીશો.*

**લિ. તમારી યાદમાં**

**પુષ્પાબેન એમ. ખ્રિસ્તી તથા બાળકો અને કેસરા ગામના દુઃખી કુટુંબીજનો**

*બી-૯, હરિનગર સોસાયટી, સી.ટી.એમ., અમદાવાદ*

'પાવન હૃદય દૂત'

# ગુજરાત સાહિત્ય પ્રકાશ

## 'દૂત'માં જાહેરાત / સાહિત્ય આપવા માટેના નીતિ-નિયમો

- જાહેરાત સુવાચ્ય અક્ષરે લેખિત અથવા ટાઈપ કરેલી, કમ્પ્યુટરાઈઝ તથા ડીઝાઈન (ઓપન ફાઈલ) માં આપવાની રહેશે. **A/4** સાઈઝના પેપરમાં આપવી. જાહેરાત આપનારે પોતાનું પૂરું નામ, સરનામું, ટેલિફોન નંબર અને ઈ-મેઈલ આપવું જરૂરી છે.
- જાહેરાતની સાથે જ જાહેરાતની રકમનો થતો ચાર્જ ચૂકવવાનો રહેશે, અથવા તો અમારા બેંક ખાતામાં જમા કરાવવાનો રહેશે. રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

**A/c Name: Gujarat Sahitya Prakash**
**Name of the Bank: ICICI Bank, Branch: Vallabh Vidyanagar 388120**
**Account No.: 008501008925 IFS Code: ICIC0000085**

- કલર પેજ: દરેક અંકમાં ૩ કલર પેજ હશે, પરંતુ જો વધુ માંગ હશે તો સાત પેજ કે અગિયાર પેજ કરવામાં આવશે. (સાત પેજ કે અગિયાર પેજની પૂરતી સંખ્યા થાય તો જ કલર પેજ કરવામાં આવશે). જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ જે તે મહિનાની પંદરમી તારીખ રહેશે.
- જાહેરાતનું પ્રૂફ જોવા ૨૦મી તારીખે રૂબરૂ ગુજરાત સાહિત્ય પ્રકાશની ઑફિસમાં આવવાનું રહેશે. જો જાતે ના આવી શકાય તો પ્રતિનિધિને મોકલવાના રહેશે. તે પછી કોઈ ફરિયાદને અવકાશ રહેશે નહીં.
- ૨૦મી સાંજના પાંચ વાગ્યા પછી જાહેરાતમાં કોઈ જ સુધારો-વધારો સ્વીકારવામાં આવશે નહીં.
- ફાધર, સિસ્ટર અને સંસ્થાઓ માટે, મેળાઓ, અધિવેશન, ઉદ્‌ઘાટન જેવા પ્રસંગની છેલ્લા કવર પેજમાં જાહેરાત મૂકવા બે મહિના પહેલાં અથવા તે અગાઉ બૂક કરાવવી જરૂરી છે.
- જાહેરાત માટે સારી ક્વોલિટીવાળા ડીજીટલ ફોટોગ્રાફ્સ આપવા.
- જાહેરાતમાં આવતા તમામ લખાણની જવાબદારી જાહેરાતદાતાની રહેશે. પ્રકાશકની કોઈ જ જવાબદારી નથી.
- જાહેરાતનું લખાણ, ડીઝાઈન અને કલર 'દૂત' મેગેઝીનની નીતિ અને ધ્યેયકથનને સુસંગત રહેશે તથા તૈયાર આપેલ ડીઝાઈનમાં સુધારા-વધારા કરવાનો તમામ હક્ક ગુજરાત સાહિત્ય પ્રકાશનો રહેશે.
- વિશેષમાં લેખકો-કવિઓએ પોતાની કૃતિ સાથે પોતાના ઘરનું પૂરું સરનામું, ફોન નંબર, ઈ-મેઈલ આઈ. ડી. અને ફોટોગ્રાફ્સ મોકલવાના રહેશે. લેખ-કવિતા કે સમાચારની જવાબદારી જે તે વ્યક્તિની રહેશે.
- **Subject to Anand jurisdiction only.**

નિયામક: ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ







## ફેબ્રુઆરી ૨૧ - આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન

માતૃભાષાની રક્ષા કાજે વિશ્વભરમાં અનેક લોકોએ લડત લડી છે. માતૃભાષાને બચાવી લેવા આ દિવસની ઉજવણી દુનિયાભરમાં કરવામાં આવે છે.

### ઐતિહાસિક ભૂમિકાઃ

વિશ્વભરમાં ૨૧ ફેબ્રુઆરીનો દિવસ માતૃભાષા દિન તરીકે મનાવવામાં આવે છે. ૧૯૪૭માં ભારત આઝાદ દેશ બન્યો અને દુનિયાના નકશા પર પાકિસ્તાનનું અસ્તિત્વ આવ્યું. પાકિસ્તાન બે ભાગમાં વહેંચાયેલો દેશ હતો. પૂર્વ પાકિસ્તાન અને પશ્ચિમ પાકિસ્તાન(નોંધઃ પૂર્વ પાકિસ્તાન એટલે આજનો બાંગ્લાદેશ). પાકિસ્તાની સરકારે પૂર્વ પાકિસ્તાન પર ઉર્દુ ભાષા ઠોકી બેસાડી. પૂર્વ પાકિસ્તાનનો બહુધા ઈલાકો બંગાળી ભાષી હતો.પરંતુ પાકિસ્તાની શાસકોએ ઉર્દુને રાષ્ટ્રભાષાનો દરજ્જો આપ્યો અને બહુભાષી બંગાળી ભાષાની ઘોર અવગણના કરી. તેમણે પૂર્વ પાકિસ્તાની પ્રજાની બંગાળી ભાષાને રાજ્યની મુખ્ય ભાષાનો દરજ્જો આપવા ઈન્કાર ભણ્યો. પોતાની માતૃભાષાના રક્ષણ કાજે પૂર્વ પાકિસ્તાની લોકોએ આંદોલન છેડ્યું.

પૂર્વ પાકિસ્તાનમાં ૧૯૪૮ થી ૧૯૫૨ સુધી ધીમી ગતિએ ચાલતું આ આંદોલન ૧૯૫૨માં તીવ્ર બન્યું. આંદોલનને તોડી પાડવા સરકારે કલમ ૧૪૪નો આદેશ જાહેર કર્યો. કલમ ૧૪૪ પ્રમાણે એક સ્થળે ચારથી વધારે લોકોને ભેગા થવા પર પ્રતિબંધ હોય છે. માતૃભાષા બચાવ આંદોલન હવે તો જન આંદોલનમાં પરિવર્તિત થઈ ચૂક્યું હતું. લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, રાજકારણીઓ અને આમ પ્રજાએ ઢાકા યુનિવર્સિટી વિસ્તારમાં મોટી રેલી અને જાહેરસભા યોજી અને કલમ ૧૪૪નો સરેઆમ ભંગ કર્યો. પોલીસે આ જનસમૂહ પર અત્યાચાર ગુજાર્યો. માનવ મેદની પર ગોળીબાર કર્યો. રફીક, જબ્બાર, સલામ, બરકત અને શરીફ નામના યુવાનો ગોળીબારનો ભોગ બન્યા અને શહાદત વહોરી. આખરે સરકારે ઝુકવું પડ્યું અને બંગાળી ભાષાને અધિકૃત રીતે રાજ્યભાષાનો દરજ્જો પ્રાપ્ત થયો. ત્યારથી શરૂ થઈ આ દિવસ તે સમયના પૂર્વ પાકિસ્તાન અને હાલના બાંગ્લાદેશમાં ગૌરવ સાથે ઉજવવામાં આવે છે અને માતૃભાષાને બચાવી લેનાર શહીદોને યાદ કરવામાં આવે છે.

સમસ્યાનો સરળ ઉકેલ

એક દિવસ એક માણસ સામયિક વાંચી રહ્યો હતો. ત્યારે તેની નાની દીકરી વારે વારે આવીને પિતાને તંગ કરી રહી હતી. પિતાને ધ્યાનથી વાંચન કરવા દેતી નહોતી. પોતાની આ નાનકડી ચુલબુલી દીકરીને થોડો સમય કોઈ કામમાં વ્યસ્ત રાખવા પિતાએ તરકીબ વિચારી. પેલા

સામયિકમાંથી એક પાનું જેની પર વિશ્વનો નકશો છાપેલો હતો તે પાનું ફાડ્યું અને નકશાના નાના નાના ટુકડાં કરી દીધા અને પુત્રીને આપતાં કહ્યું, "જા, બીજા રૂમમાં બેસી આ નકશો આખો ગોઠવી લાવ." પિતાને એમ હતું કે નાના નાના ટુકડામાં વિભાજીત નકશો ગોઠવવામાં પુત્રીને ઘણો સમય લાગશે. પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે થોડીક ક્ષણોમાં પેલી કિશોરી નકશો બરોબર ગોઠવીને લઈ આવી. જ્યારે પિતાએ પૃચ્છા કરી કે આટલી જલ્દી તે કેવી રીતે નકશો ગોઠવી લાવી, ત્યારે પુત્રી ગર્વભેર બોલી, "પપ્પા, જે કાગળ પર દુનિયાનો નકશો છે એ જ કાગળની પાછળ એક માણસનો ચહેરો દોરેલો છે. એટલે મેં તો ચહેરાનું ચિત્ર આસાનીથી ગોઠવી દીધું. એટલે દુનિયાનો નકશો પણ વ્યવસ્થિત ગોઠવાઈ ગયો." આટલું બોલી નાનકડી છોકરી બહાર રમવા ભાગી ગઈ.



સાર : આપણા બધા જ અનુભવો અને ઘટનાઓનાં બે પાસાં હોય છે. એટલે જ્યારે જ્યારે કોઈ મુશ્કેલી આવે ત્યારે ત્યારે એ પરિસ્થિતિને અલગ અંદાજથી, જુદા જ દ્રષ્ટિકોણથી જોવી જોઈએ... જરૂરથી કોઈક આસાન હલ મળી આવશે.

## સંત જોન દે બ્રિતો

સંત જોન દે બ્રિતો પોર્ટુગીઝ રાજ ઘરાના સાથે સંકળાયેલ પ્રતિષ્ઠિત કુટુંબનું ફરજંદ હતા. તેમના પિતા સાલ્વાડોર બ્રિતો બ્રાઝીલ ખાતેની પોર્ટુગીઝ વસાહતમાં વાઈસરોય સાથે કાર્યરત હતા. જોન બ્રિતો ૧૬૬૨માં ઈસુસંઘમાં જોડાયા અને વિખ્યાત કોઈમ્બ્રા યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ૧૬૭૩માં તેઓ દક્ષિણ ભારતના મદુરાઈ(હાલ તમિલનાડુ રાજ્ય) ખાતે મિશન કાર્ય અર્થે પધાર્યા. અહીં તેમણે ખ્રિસ્તીધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો. તેમણે ભારતીય નામકરણ પણ સ્વીકાર કર્યું. મદુરાઈના તે સમયના સ્થાનિક મારવાર રાજ્યની સરકારે તેમને ૧૬૮૪માં કારાવાસમાં બંદી બનાવ્યા હતા. ત્યારબાદ તેમને તડીપાર કરવામાં આવતાં ૧૬૮૭માં તેઓ લિસ્બન ગયા. અહીં તેઓ નવા મિશનરી તેડાં માટે યુવાનોને પ્રોત્સાહિત કરતા. ત્યાંના રાજા પેદ્રો દ્વિતીય જોન દે બ્રિતોને લિસ્બનમાં જ રોકી રાખવા માંગતા હતા પરંતુ જોન તો ૧૬૯૦માં જ લિસ્બન છોડી નવા યુવા મિશનરીઓ સાથે મદુરાઈ પરત ફર્યા.



ભારતની સ્થાનિક પરંપરા અને સંસ્કૃતિને અપનાવતાં જોન બ્રિતોએ સ્થાનિક ભાષા શીખી અને પહેરવેશમાં પણ ભગવો ઝભ્ભો અપનાવ્યો. સાથે સાથે માંસાહારનો ત્યાગ કરી ભારતીય ખોરાક ખાતા. આમ વાણી અને વર્તનમાં સામ્ય દર્શાવતી રીતભાત સાથે જોન દે બ્રિતોએ સ્થાનિક લોકોમાં કેથોલિક ખ્રિસ્તી શ્રદ્ધાના બીજ રોપ્યાં.

જોન દે બ્રિતોના સંદેશની મદુરાઈના રાજકુંવર થડીયાથેવર પર ઊંડી અસર પડી. આ રાજકુંવરને ઘણી પત્નીઓ હતી. તેણે એક સિવાય બીજી બધી પત્નીઓને છોડી દેવા નક્કી કર્યું. ત્યારે મોટો પ્રશ્ન ઉભો થયો કારણ તેની એક પત્ની પાડોશી રાજ્યના રાજવીની ભત્રીજી હતી. આ રાજા સેથુપટ્ટીએ જોન દે બ્રિતો સામે જંગ માંડ્યો અને ખ્રિસ્તી પ્રજા પર જુલમ ગુજારવાનું શરૂ કર્યું. રાજા સેથુપટ્ટીએ જોન દે બ્રિતો અને તેમના સહાયકોને બંદી બનાવી પોતાના પાટનગર રામનંદ લઈ ગયો. ત્યારબાદ તેમને ઉત્તર તરફ લગભગ ત્રીસેક માઈલ દૂરના સમુદ્ર કિનારાના સ્થળ ઓરિયુર ખાતે લઈ જવામાં આવ્યા અને અહીં ૪ ફેબ્રુઆરી ૧૬૯૩ના રોજ તેમનો વધ કરવામાં આવ્યો.

પોપ પિયુષ નવમાએ ૨૧ ઓગસ્ટ ૧૮૫૩ના રોજ જોન દે બ્રિતોને પાવન ઘોષિત કર્યા અને પોપ પિયુષ બારમાએ ૨૨ જૂન ૧૯૪૭ના દિવસે સંત ઘોષિત કર્યા.

માતા ધર્મસભા પ્રતિવર્ષ ૪ ફેબ્રુઆરીના દિવસે સંત જોન દે બ્રિતોનું પર્વ મનાવે છે.

## મિત્રતા

યુદ્ધમેદાનમાં એક સૈનિકે પોતાના ઘવાયેલ સાથીને સરહદ પરથી છાવણીમાં લઈ આવવાની મંજૂરી માંગી.

કપ્તાને કહ્યું, "એનો કોઈ મતલબ નથી. તારો મિત્ર તો ક્યારનોય મૃત્યુ પામ્યો હશે."

પરંતુ પેલો સૈનિક તો સરહદે ગયો અને પેલા ઘવાયેલ સૈનિકને પોતાની પીઠ પર ઊંચકી લઈ આવ્યો.

તેનું મૃત શરીર જોઈ કપ્તાન બોલ્યો, ''મેં તને નહોતું કહ્યું? જો તારો સાથી સૈનિક તો મરી ગયેલ છે.''

આંખમાં આંસુ સાથે પેલો સૈનિક બોલ્યો, ''ના સર, હું જ્યારે તેની પાસે પહોંચ્યો ત્યારે મારા આ મિત્રએ મને જોયો, મારી આંખમાં આંખ મિલાવી, તેના ચહેરા પર એક સ્મિત ફરક્યું, તેના હોઠ ફફડ્યા અને તેના મુખે અંતિમ શબ્દો સરી પડ્યા - ''દોસ્ત, મને ખાતરી હતી, તુ જરૂર આવશે.'' આ શબ્દો સાથે તેણે મારા ખોળામાં અંતિમ શ્વાસ લીધો.''

સાર : સાચો મિત્ર તમારી હરઘડીમાં તમારી સાથે પડછાયાની માફક ઉભો રહે છે.

## સુભાષિતો :

સાચો મિત્ર તમારી બધી સુખદ ઘટના જાણતો હોય છે, કારણ સર્વ સુઃખદ પળનો તે સાક્ષી હોય છે.


સાચો મિત્ર તમારી બડાઈ તમારી પીઠ પાછળ કરે પરંતુ તમારી ભૂલો તમારા મોં પર જણાવે.

સારા મિત્રો આકાશના તારા જેવા હોય છે - તેઓ હંમેશા દેખાતા નથી પરંતુ તમને ખાતરી હોય છે કે તેઓ જરૂર હાજર હોય છે.

સાચો મિત્ર સંબંધી કરતાં પણ અધિક હોય છે.

સારો મિત્ર મળવો મુશ્કેલ હોય, તેને છોડવો તો કઠિન હોય અને તેને ભૂલી જવો તો નામુમકીન.

બુદ્ધિ કસો.




તમારી સમગ્ર તાકાત અજમાવો.

If
2 + 3 = 8
3 + 7 = 27
4 + 5 = 32
5 + 8 = 60
6 + 7 = 72
Then
7 + 8 = ??

| | | | | |
|---|---|---|---|---|
| 1 | + | 5 | = | 12 |
| 2 | + | 10 | = | 24 |
| 3 | + | 15 | = | 36 |
| 5 | + | 25 | = | ?? |

અહીં આપેલ ચિત્રમાં રંગપૂરણી કરો.




એક કિશોર તેના પિતા સાથે જંગલમાં પસાર થઈ રહ્યો હતો. જંગલની સાંકડી કેડી પર બાપ-દીકરો વાતો કરતાં કરતાં આગળ વધી રહ્યા હતા. થોડે આગળ જતાં જંગલની એ કેડી પર વૃક્ષનું થડ આડું પડેલું નજરે પડ્યું.

થડને જોઈ પુત્રએ પિતાને પૂછ્યું, "બાપુજી, તમને શું લાગે છે? શું હું આ થડ હટાવી શકીશ?"

તેના પિતાએ જવાબ આપ્યો, "જરૂર, જો તું તારી બધી તાકાત વાપરે તો..."

પેલા કિશોરે તેની બધી તાકાત લગાડી પરંતુ થડ જરાય ખસ્યું નહિ. નિરાશ થઈ તે બોલ્યો,"બાપુજી, આ થડ તો બહુ ભારે છે.મારાથી તો જરાય ખસતું નથી."

"તું ફરી પ્રયત્ન કરી જો. તારી બધી તાકાત વાપર." પિતાએ તેને પ્રોત્સાહન આપતાં કહ્યું.

પિતાની વાત માની પુત્રએ ફરી કોશિશ કરી પરંતુ વૃક્ષનું થડ જરાય ખસ્યું નહિ.

"બાપુજી, મારાથી તો આ થડ હલતુંય નથી." પુત્ર બોલ્યો.

અંતે પિતાએ કહ્યું, "મારા વ્હાલા દીકરા, મેં તને બધી તાકાત વાપરવા કહ્યું હતું. પરંતુ તે તો મારી મદદ માંગી જ નહિ."

સાર : જ્યારે જરૂર હોય ત્યારે મદદ માંગવામાં જ શાણપણ ગણાય. એકતામાં બહુ જ શક્તિ હોય છે.

વ્હાલાં કિશોરમિત્રો, જ્યારે અભ્યાસમાં તમને કોઈ મુશ્કેલી જણાય તો તમારા શિક્ષકોની મદદ માંગવામાં કોઈ સંકોચ રાખશો નહિ. બીજા શબ્દોમાં કહું તો તમારા ગુરુજનોની જ્ઞાન શક્તિની મદદ લેજો.

## ચિંતન પુષ્પ :

દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહિ પણ દિલમાં શું હતું એ જોવાનું છે. - ફાધર વાલેસ(રણજિતરામ સુવર્ણ ચંદ્રક વિજેતા પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર અને ઈસુસંઘી સ્પેનિશ મિશનરી ધર્મગુરુ)

- રાજેશ ક્રિશ્ચિયન

(M) ૯૪૨૬૫ ૮૪૦૨૮

e-mail : rajesh.christian@yahoo.co.in

# ૫૦મા જન્મદિવસની શુભકામનાઓ



## નિર્મળાબેન સદ્‌ગુણભાઈ જાદવ

**જન્મ તારીખ :** ૧૦-૦૨-૧૯૬૭ ★ **જન્મસ્થળ:** બોરસદ




વ્હાલાં નિરુમમ્મી,

જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક અભિનંદન.
દિવ્યદયાની અસીમ કૃપા હંમેશાં આપ પર બની રહે... જો ને...,
મમ્મા તમારા નામના અર્થમાં જ અમારું બાળપણ, જુવાની અને જીવન ઊભરી આવે છે...

"હે, સૂરજ થંભી જા ઘડીભર...
તારા કિરણોને ઔર ધગધગતા કર...
આજના નીરુમમ્મીના જન્મદિવસે...
તેમનાં સપનાઓને વધુ ઝળહળતાં કર...

**નિ : નિ**સ્વાર્થ પ્રેમ સાથે ડેડીના જે રહ્યાં...
**ર્મ :** ક**ર્મ** સારાં કર્યાં તો અમો તેમને મળ્યાં...
**ળા :** બળ થી કળ થી કામ લઈ અમને ઉછેર્યાં...
**મ : મ**નથી,દિલથી જેણે મક્કમ નિર્ણયો કર્યા...
**મ્મી : મમ્મી** એજ. જેણે મમતાનું મીંઢળ બાંધી અમને દોર્યાં...

જીર્ણશીર્ણ કરી અમારાં સપનાનાં ઘર તેમણે બનાવ્યાં...
આપી દે સૂરજની શક્તિ, દે તેમને સારી તંદુરસ્તી
'મા' અમારીને કરીએ આજ વંદન કોટી કોટી...



**તમારા કુટુંબીજનો**
**સ્વ. સદ્‌ગુણભાઈ એસ. જાદવ**
**સુમિત એસ. જાદવ**
**અર્પણ - સોનિકા - અંશિકા**
**તમારી લાડલી (અંશુ)**
*૧૧૧, પાવનપાર્ક, વડોદરા*
*૧૭, બાલાજીનગર, વડોદરા*

# પ્રેમનું પર્વ

✍ ડેવિડ પીટર ક્રિશ્ચિયન (મુંબઈ)

જગતામાં પ્રેમપર્વોની સંખ્યા સૌથી વધુ છે. વેલેન્ટાઈન ડે, ફ્રેન્ડશીપ ડે, રક્ષાબંધન, મધર્સ ડે, ફાધર્સ ડે, પેરેન્ટસ ડે, નૂતન વર્ષ, બર્થ ડે, મેરેજ એનિવરસરી, અને ગેટ ટુ ગેધર જેવા વિવિધ પ્રસંગો અને પર્વો ખાસ કરીને પ્રેમ વહેંચવાના અને પ્રેમ પામવાના પર્વો છે. માનવ સંબંધ પ્રેમ સભર બને એ માટે વર્ષભર આપણે વિવિધ પ્રેમપર્વોની ઉજવણી કરતા રહીએ છીએ. કેટલાક દેશમાં વેલેન્ટાઈન ડે પર્વની ઉજવણી ધર્મ વિરુધ્ધ મનાય છે. પણ ભારત ઉત્સવ પ્રેમી દેશ છે. અહીં બધા તહેવાર સર્વ ધર્મ સમભાવથી ઉજવાય છે.

"પોથી પઢ પઢ જગ મુઆ પંડિત હુઆ ન કોઈ,
ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોય."

વિશ્વમાં ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે જેણે ઢાઈ અક્ષરની દુનિયાને ન જાણી હોય કે ન માણી હોય. પ્રેમ થાય છે ત્યારે એની ખૂશ્બુ ચારે કોર ફેલાઈ જાય છે. પરંતુ આ ઢાઈ અક્ષરનો પ્રેમ શબ્દ સદીઓથી ઘૂંટાતો આવ્યો છે, ચૂથાતો આવ્યો છે.

વિશ્વમાં ખુશીઓ અને લાગણી ફેલાવવાનો વેલેન્ટાઈન્સ ડે યુવાન હૈયામાં ઉઠતા કોમળ તરંગોને સ્પર્શવાનો અણમોલ દિવસ સંત વેલેન્ટાઈનની રક્તરંજિત શહાદતાને લીધે શ્રધ્ધાંજલિ સમર્પિત કરવાનો મહાન દિવસ વેલેન્ટાઈન્સ ડે એટલે પ્રેમના એકરારનો દિવસ. પ્રેમ એટલે કે.... પ્રેમ એટલે શું? એની વ્યાખ્યા શું? એ તો બહુ ઉંડાણનો વિષય છે. પ્રેમની પરિભાષા મુશ્કેલ છે. પ્રભુ ઈસુએ પ્રેમની પરિભાષા આપી છે.

ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે. પ્રભુનો પ્રેમ અનંત અને અપાર છે. માતાના પ્રેમથી પણ અધિક્તર ચડિયાતો છે. પ્રેમથી પ્રેરાઈને તેણે આપણો ઉદ્ધાર કરવા પોતાના પુત્રને મોકલ્યો છે. ઈશ્વર અને ઈસુ પરનો પ્રેમ માનવબંધુ ઉપરના પ્રેમ દ્વારા જ વ્યક્ત થવો જોઈએ એ ઈસુના ઉપદેશનો મુખ્ય મુદ્દો છે. વળી એ પ્રેમ શબ્દોનો ન રહેવો જોઈએ, બલ્કે માનવબંધુની સેવામાં, વિશેષ કરીને ભીડમાં આવી પડેલા બંધુની સેવામાં વ્યક્ત થવો જોઈએ. 'પ્રેમ પરમ ધર્મ' વિશે ઈસુ શુભસંદેશ(માથ્થી ૨૨:૩૪-૪૦)માં જણાવે છે. વળી કરિંથવાસીઓને - આપણને સંત પાઉલે પત્ર (૧ કરિંથ ૧૩:૧-૧૩)માં 'પ્રેમ એજ સર્વોત્તમ માર્ગ' દર્શાવ્યો છે.

કોઈ પણ સંબંધમાં જ્યારે પ્રેમ ન હોય ત્યારે જે કાંઈ વ્યવહારો થાય છે એ શુષ્ક, ઉપરછલ્લા અને પલાખાંવાળા હોય છે. પ્રેમ વિહોણા સંબંધોમાં સામેના પાત્રને નિચોવી નાંખવાની વૃત્તિ હોય છે. જ્યારે પ્રેમ સભર સંબંધમાં પોતાની જાતને નિચોવી દેવાની તમન્ના અને તરસ હોય છે. પ્રેમનગરનો પંથ એમ ને એમ ન મળે, સર્વ સમર્પણ કરવાની હિંમત અને તાકાત હોવી જોઈએ. પ્રભુ ઈસુએ માનવમાત્રને પ્રેમનો સંદેશ આપ્યો છે. પાડોશી પર આત્મવત્ પ્રેમ કર એ એમણે આપેલો દિવ્ય જીવનમંત્ર છે જે લોકો પોતાના પરિવારને પ્રેમ નથી કરી શકતા એ લોકો પોતાના પાડોશીને કેવી રીતે પ્રેમ કરી શકશે? નથી ઓળખતા અને ઓળખતા હોય તો પણ નથી ઓળખતાનો ઢોંગ કરતા હોય છે. જ્યાં આવા દંભી લોકોનું ટોળું જમા થયું હોય ત્યાં ક્યારેક શાંતિ, સંપ કે પ્રેમ સ્થાપિત ન થઈ શકે. કેટલાક લોકો પોતાના અહંકારને પોષવા વેલેન્ટાઈન ડે જેવા ધાર્મિક-સામાજિક શુભ પ્રસંગોનો વિરોધ કરીને ચારે તરફ અંધાધુંધી ફેલાવી કુરુશ્રેત્ર બનાવી દે છે.

જ્યારે આજે યુવાન પેઢી આંધળા થઈને આંધળુકિયા કરતા હોય છે. શારીરિક આકર્ષણ એજ પ્રેમ બની જાય છે. આનું પરિણામ એ આવે છે કે પ્રેમમાં પડેલા બે જણને પરસ્પર માટે મોહ થાય છે તકલાદી આડંબર-વાસના યુક્ત આકર્ષણમાં પ્રેમ, લાગણી, દર્દ કે આત્મીયતાનો આંશ પણ હોતો નથી. તેથી આ મોહ ક્યારેય ક્રૂરતામાં પરિણમે એવું પણ બને છે. આઈ લવ યુ કહ્યા કરતી વ્યક્તિ મોહાંધ હોય છે, ત્યારે કોઈ ક્ષુલ્લક કારણસરપોતાની પ્રિય વ્યક્તિ પર શંકા લાવી પરસ્પર યુવક-યુવતી એકબીજાની હત્યા કરી દે છે અથવા કરાવી દે છે. જ્યારે આવા પ્રેમમાં પછડાટ ખાય છે, ત્યારે પ્રેમી પંખીડાં ગંદા આક્ષેપો કરે છે, હિંસક બની જાય છે. ક્યારેક આવેશમાં આત્મહત્યા પણ કરી લે છે.

ત્રીજી સદીમાં ૧૪ ની ફેબ્રુઆરીએ પ્રેમને કાજે શહીદી વહોરનાર સંત વેલેન્ટાઈનની યાદમાં પોતાના વહાલાંને પ્રેમ કરીને શુભેચ્છા પાઠવવાનો રિવાજ પડ્યો. ધીમે ધીમે વિશ્વમાં પ્રેમપર્વના નામે પ્રચલિત થઈ ગયો. સંત વેલેન્ટાઈન પ્રભુના વિરલા ભક્ત પરોપકારી આત્મા દીન દુ:ખીયાનો બેલી એવા પુણ્યાત્માના સત્કાર્યો, જિંદાદિલ કુરબાનીઓ, દિવ્ય જ્ઞાન તપસ્યા અને નમ્રતામાંથી આપણે કંઈક શીખીને આત્માને સર્વ શક્તિમાન ઈશ્વર તરફ વાળીએ. તે સમયે રોમમાં તેમના સત્કાર્યો અને દીન દુ:ખીયા પ્રત્યેની સૌમ્યતા પ્રેમ અને કરુણાને લઈને લોકો તેમને સંત તરીકે બિરદાવતા હતા. આપણે ઈતિહાસ કે ધાર્મિક પરંપરાઓની આંટી ઘૂટીઓ માં પડવું નથી. બસ એટલું યાદ રાખવું જોઈએ કે સાચો પ્રેમ અને જ્ઞાન જ્યાંથી મળે અને જે સ્વરૂપે મળે તેનું અભિવાદન કરવું જોઈએ. માનવીની શાશ્વત પ્યાસ જો કોઈ હોય તો એ પ્રેમની છે. જેને જીવનમાં કોઈનો સાચો પ્રેમ નથી મળ્યો તેનું જીવન અભિશાપ બની જાય છે.

લવેરિયા-ફવેરિયા તો ફિલ્મી વાતો છે. પ્રભુઈસુની પ્રેમ, ક્ષમા અને દયાના હાર્દ એવા ખ્રિસ્તી ધર્મના ભક્તોએ વેલેન્ટાઈન ડે-પ્રેમ પર્વનું હાર્દિક સ્વાગત કરવું જોઈએ. લોકો ગમે તેવા વાદ-વિવાદો ઉભા કરે આખરે તો સત્યનો જય જયકાર કરવાનો છે. આપણું કે અન્યનું શ્રેય-અહિત ન થતું હોય, આપણા સંસ્કારો નૈતિક અને આધ્યાત્મિક શ્રધ્ધા અને મૂલ્યોનું હ્રાસ ન થતો હોય તો પછી વેલેન્ટાઈન જેવા પ્રેમ પર્વનું શુભ અવસરનું અનુસરણ કરવું માનવ ધર્મનું ઉમદા-શ્રેષ્ઠ આચરણ છે. ચાલો, ખૂબ જ મોડું થાય તે પહેલા આપણે આપણા મિત્રો, સ્નેહીઓ તેમજ સગાં-વહાલાઓને કહી દઈએ હેપી વેલેન્ટાઈન ડે. જય ઈસુ.... ●



# જતું કરીએ...

✍ શૈલેષ રાઠોડ 'અભિધેય'

*લેખક અને પત્રકાર, નડિયાદ*

છેલ્લા ઘણા સમયથી એક ચર્ચા સતત સાંભળવા મળે છે કે હવેનાં લગ્નો બહુ લાંબો સમય ચાલતાં નથી. કેથલિક સમાજની એક વિશેષતા એ છે કે તે લગ્નપૂર્વે ફરજિયાત યુવક યવતીને લગ્ન શિબિરમાં લગ્ન પછીની સમસ્યાઓ-જાતીય શિક્ષણ અને તબીબી જ્ઞાન-વ્યવહારિક સમજ, પારિવારિક માર્ગદર્શન આપે છે, છતાંય છૂટાછેડાનુ પ્રમાણ ઉત્તરોતર વધી રહ્યુ છે.

લગ્ન સમયે લગ્નની ઉંમર સાથે આ સંબંધ બાંધવાની પરિપક્વતા હોવી તેટલી જ જરૂરી છે. લગ્નપૂર્વે પતિપત્ની અલગઅલગ વ્યક્તિત્વ, વિચારસરણી અને જીવનશૈલી ધરાવે છે. લગ્ન પછી સહજીવન શરૂ થાય ત્યારે વિચારસરણીમાં તાલમેલ ન આવે એટલે પ્રશ્નો શરૂ થાય છે. સાચુ કહુ તો પ્રશ્નો હોતા નથી પણ વિચારસરણીનો પરસ્પર સ્વીકાર ન થતાં નાની વાત પ્રશ્નનું સ્વરૂપ ધારણ કરે છે.

મોટાભાગના કિસ્સાઓમાં માતાપિતા જ જવાબદાર જોવા મળે છે. લગ્ન પછી પતિપત્નીના સંબંધોમા માતાપિતાની વધુ પડતી સામેલગીરી અને ગેરમાર્ગે દોરતી દોરવણી વધુ જવાબદાર હોય છે. માતાપિતા ઈચ્છે તો લગ્ન વિચ્છેદને કુનેહ વાપરી અટકાવી શકે છે. બંને બાજુથી દોરી ખેંચશો તો મહેનત વ્યર્થ. દોરી ગમે ત્યારે તૂટશે જ. બન્ને છેડા છોડી દોરીને ઢીલી મૂકી દો, દોરી પૂરુ આયુષ્ય ભોગવશે.

બીજા કારણ તરીકે અવિશ્વાસ અને અનૈતિક સંબંધ જોવા મળે છે. પતિ કે પત્નીને ન ગમતાં સંબંધો ચાલુ રહેવાથી તિરાડ પડે છે.ત્રીજા મહત્ત્વના કારણમાં પતિપત્નીનો સ્વભાવ આવે છે. સારા, સાચા લોકોનો સંપર્ક-સત્સંગ અને વાંચન સ્વભાવને બદલી શકે. ચોથુ મહત્ત્વનુ કારણ અસંતોષ.પત્ની કે પતિ તરફથી અન્યાય થાય છે કે બીજા જેવો પ્રેમ નથી મળતો તેવી ગ્રંથિ કે અસંતોષ છૂટાછેડા સુધી પહોંચી જાય છે. જતું કરવાની ભાવના અને જે મળ્યું છે તેને માણવાની ઈચ્છા તેનો ઉપાય છે.

મુકુલ ચોક્સીનું આ મુક્તક લગ્ન વિશેનુ એક આખું પુસ્તક ન કહી શકે એવી વાત કહી દે છે.

કિસ્સો કેવો સરસ મઝાનો છે,બેઉ વ્યક્તિ સુખી થવાનો છે,
પલ્લુ તારી તરફ નમ્યાનો તને,મુજને આનંદ ઉંચે ગયાનો છે.

લગ્નજીવન બાદ જતું કર્યા પછી સફળ થયાનો આનંદ થવો તે ઉત્તમતાની નિશાની. એક દ્રષ્ટાંત જોઈએ - એક યુવકે તેની પ્રેમિકા સાથે ખૂબ ભવ્ય રીતે લગ્ન કર્યાં. ઘણાં બધાં સગાં તથા મિત્રો તેમના લગ્ન માણવા આવ્યાં હતાં. વર અને કન્યા તેમના લગ્નના પોશાકમાં ખૂબ જ સુંદર લાગતાં હતાં. દરેક જણ તેમને જોઈને કહી શકતુ હતુ કે તેમનો પ્રેમ સાચો છે.

થોડાક મહિનાઓ બાદ, પત્ની એના પતિ સમક્ષ એક પ્રસ્તાવ લઈને આવી -

"મેં થોડાક સમય પહેલાં એક મેગેઝિનમાં વાંચ્યુ કે આપણે લગ્નજીવન કેવી રીતે મજબૂત કરી શકીએ?"

પત્નીએ કહ્યુ, "આપણે બંને એકબીજા પ્રત્યેની અણગમતી ટેવોની યાદી બનાવીશું, ત્યારબાદ આપણે સાથે મળીને એ કુટેવો સુધારવાનો પ્રયાસ કરીશું જેથી આપણું લગ્નજીવન વધુ સારી રીતે જીવી શકીએ."

પતિએ વાત માની અને બંને જણા ઘરના અલગ અલગ ઓરડામાં જઈ યાદી બનાવવા લાગ્યાં. તેઓ બાકીનો પૂરો દિવસ તેના પર વિચાર કરીને કાગળમાં લખવા લાગ્યાં. બીજી સવારે બંને નાસ્તો કરતી વખતે નક્કી કર્યું કે હવે આપણે બન્નેની યાદી જોઈએ. પત્નીએ કહ્યુ કે પહેલા તેણીએ બનાવેલી યાદી વાંચશે. ખરેખર તેણીએ બનાવેલ યાદી પૂરાં ત્રણ પાનાઓથી ભરાઈ રહી હતી.

જેવું તેણે યાદી વાંચવાનું શરૂ કર્યુ કે તેનુ ધ્યાન ગયું કે તેના પતિની આંખમાંથી આંસુ નીકળતા હતાં. એટલે તેણે પૂછ્યુ કે, "શું થયું?" એમા એના પતિએ જવાબ આપ્યો કે, "કંઈ નથી થયું, તુ વાંચન ચાલુ રાખ." એટલે પત્નીએ પતિના કહ્યા મુજબ વાંચવાનુ આગળ વધારી ત્રણેય પાનાં વાંચી નાખ્યા અને યાદી ટેબલ પર મૂકી દીધી. "હવે તમે તમારી બનાવેલી યાદી વાંચો અને પછી આપણે એના પર ચર્ચા કરીશું." પતિએ એકદમ શાંત થઈને કહ્યુ, "મારી યાદીમાં કશું જ નથી, મને લાગે છે કે તુ જેવી છે તેવી જ મારા માટે સંપૂર્ણ છે. મને મારા માટે કરીને તારી કોઈ ટેવ બદલાવી નથી. તું ખૂબ જ પ્રેમાળ અને સુંદર છે તો શા માટે હું તને મારા ખાતર બદલું?"

પત્ની તેના પતિની પ્રામાણિકતાથી ખૂબ જ લાગણીશીલ થઈ ગઈ અને પતિના તેના પ્રત્યેના ખૂબ ઊંડા પ્રેમ તથા તેને સ્વીકારવાની ભાવના જોઈ ખૂબ જ રડવા લાગી.

અપેક્ષાઓ જ પ્રશ્નનું ઘર છે. એકબીજાને ગમતાં રહીએ-મળતાં રહીએ-સ્વીકારતાં રહીએ-અનુકુળ થતાં રહીએ તો-પ્રશ્નો આપોઆપ ગાયબ થઈ જશે. આપણને જેટલુ મળ્યુ છે તેમાં સંતોષ માની લેવો જોઈએ. ઉપરાંત જે નથી મળ્યુ તેની ફરિયાદ કદી ન કરીએ. આપણે જેટલી આશાઓ વધારે રાખીશું એટલા જ આપણે દુઃખી થઈશું. એક મંત્ર યાદ રાખીએ કે જીવનમાં સુખી થવા પ્રશ્નો ઉભા ન થવા દેવા અને ઈચ્છાઓ અલ્પ પ્રમાણમાં રાખવી. ●



# એરિયલ

✍ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન

કવિ, લેખક, વડોદરા

એરિયલ સાત વર્ષની હતી ત્યારથી જ તે પોતાના દાદા સ્ટીફન સાથે વહેલી સવારે ફરવા જતી. પૌત્રી અને દાદાનો આ રોજનો ક્રમ હતો. વહેલી સવારના ખુશનુમા વાતાવરણમાં કુદરતના ખોળે દાદા સ્ટીફન સાથે મોર્નિંગ વોક કરતાં એરિયલને ખૂબ મઝા આવતી હતી.

સૂર્યોદય પહેલાં સુરખિભરી ગુલાબી ઝાંય, આકાશનાં વાદળોને જ્યારે જ્યારે અદ્‌ભૂત રંગોમાં ઝબોળી દેતી ત્યારે એ દશ્ય જોઈને એરિયલ રોમાંચિત બની જતી. આકાશને ચુમતાં સૂર્યનાં કોમળ કિરણોની આભામાં ત્યારે એરિયલ પણ એવી દૈદિપ્યમાન થઈ ખીલી ઊઠતી કે જાણે કોઈ પ્રફુલ્લિત ગુલાબ! તેની આસપાસ ઉડતાં રંગબેરંગી પતંગિયાં જોઈને એનેય ઉડવાનુ મન થઈ આવતું.ક્યારેક આ બધાની નકલ કરતી એરિયલ પોતાના નાજુક હાથ હવામા ફેલાવીને ઉડવાનો અભિનય પણ કરતી.

એરિયલની આવી નિર્દોષ બાળલીલા જોઈને દાદા સ્ટીફન તો એવા હરખાઈ જતા કે એમને ય પોતાનું બચપણ યાદ આવી જતુ! એરિયલની સાથે એય પોતાના હાથ ફેલાવી પંખી સમું ઉડતા ને ઠેકતા! પછી તો વિવિધ પંખીડાંના અવાજની નકલ કરીને, "કુઉ...ઉ...કુઉ...ઉ, ટેંહુક... ટેં...હુક, ઘૂ...ઘૂ...ઘૂ..." જેવા પંખી સ્વરો હવામાં રમતા મેલી પછીથી ચકલી, કાગડો, કૂકડાના ધ્વનિમાં : "ચીં...ચીં... ચીં...!કા...કા...કા...!કૂકડે...કૂક" કરી મેલી એરિયલના મનને ખુશ કરી દેતા.

માનવ પણ કુદરતનું એક અભિન્ન અંગ છે એવું વૈશ્વિક જ્ઞાન આપી કુદરત સાથેનું તાદાત્મ્ય સમજાવી એકરસ કરી દેતા. દાદા સ્ટીફનના મુખેથી રોજબરોજ આવી વાતો સાંભળીને તેના દિલમાં દાદા પ્રત્યે નિર્મળ અહોભાવ જાગી ઉઠતો. પછીતો 'वसुधैव कुटुंबकम्' મંત્ર બનીને એરિયલના રોમેરોમમાં એવો પ્રસરી ગયો કે જાણે ફૂલ અને ફોરમનુ ઐક્ય એનામાં વસી ગયું ન હોય!

પણ... હસતી રમતી આવી ભલીભોળી એરિયલની જિંદગી કદાચ નિયતિને મંજૂર નહીં હોય! નિયતિએ એરિયલને એવા ઊંચા દુઃખના ડુંગરે બેસાડી દીધી કે એની નજર સામે ઋતુએ ઋતુએ પલટાતી પ્રકૃતિનો ભવ્ય શણગાર એ જોઈ શકતી નહોતી. ભલે! વિશાળ ફલક ધરાવતી સૃષ્ટિ, એરિયલની નજર સામે ભવ્ય સૌંદર્યો અને આશ્ચર્યો સાથે ઊભી હોય પણ છવાયેલા ગાઢ અંધકાર સિવાય એને કંઈ જ નજરમાં આવતું નહોતુ! બેબસ બનેલી બાલિકા મનમાંને મનમાં હીજરાયા કરતી હતી. ક્ષણે ક્ષણે, અહીં-તહીં, બધે કુદરતનુ જે અમિમય પાન કરતી હતી એ દ્રષ્ટિ ખોવાઈ ગઈ હતી!

એની નજરમાં આકાશ અને અવનિ એકરૂપ બની જતાં અંધકારની છાલકો વાગી વાગીને પીડા આપી રહ્યા હતાં. એરિયલ માટે બધું જ એકસમાન બની ગયુ હતુ. ધરતીને ભરપેટે ભીંજવીને ચોમાસાના ચાર મહિના ક્યા રસ્તેથી ચાલ્યા ગયા એનો ખ્યાલ ધરતીના જીવોને ભલે રહ્યો હોય કે ના રહ્યો હોય. પણ સર્પની જેમ સૂ...સૂ...સૂ... કરતો ઠંડા પવનોનો ફૂંફાડો સૌ કોઈ અનુભવી રહ્યાં હતાં. ગાત્રો થીજાવી દેતી હિમાલયથી વહી આવતી શીતલહેરથી સકલ જીવો ઠૂઠવાઈ રહ્યા હતા.

ભલે, ગમે તે હોય! પણ ઠંડીના ચમકારા વચ્ચેય આવેલો અવસર, કાલ મળે કે ન મળે એવું વિચારીને ક્રિ'સમસ કિલ્લોલ ઘેર ઘેર ટહૂકી રહ્યો હતો!

એમાંય માણસો સાથે સહભાગી થવાનું વિચારીને વગર વિઝાએ કે પાસપોર્ટની પરવા કર્યા વગર જાણે પોતાનો જન્મસિધ્ધ હક્ક છે એવું માનીને દૂર દૂરના દેશાવરથી ઈન્ડિયાનો આનંદ માણવા પંખીડાં ય ઉતરી આવ્યાં હતાં! તોય સાત સમંદર પાર કર્યાનો થાક ભલે, એમની પાંખમાં હતો.પણ કોઈ જાતનું ગુમાન એમની આંખમાં વર્તાતુ નો'તુ! પણ માણસની આંખમાં જન્મથી જ અડ્ડો જમાવી બેઠેલું ક્ષુલ્લક ગુમાન સાપોલિયાંની જેમ જરૂર સળવળ્યા કરતું હતું! "જ્યાં જળ ત્યાં સ્થળ" એવો જેનો સમજભર્યો જીવનવ્યવહાર છે એવાં તમામ પ્રકારનાં પરદેશી પંખી પરસ્પર પ્રેમ અને સંઘભાવનામાં વિહરી રહ્યાં હતાં.

અલબેલા અને સુમધુર કલરવોએ તો, પવનદૂત સાથે ક્યારનો ય પ્રેમ સંદેશ મોકલાવી એરિયલને પોતાના આગમનની જાણ કરી દીધી હતી! એરિયલને સંદેશો તો મળી જ ગયો હતો. પવનદૂતે એરિયલને સંભળાવ્યુ કેઃ

"એરિયલ! અમે તો સૌ આવી પૂગ્યાં. દુર દુરનુ અમારું વતન છોડીને તને મળવા! તંબૂ તાણ્યા વિનાના જળવિસ્તારમાં! છતાંય, હજી લગી તું અમને મળવાય ન આવી? તને જોવા અમારી આંખ ઇંતેજાર કરી રહી છે. દોડી આવ, એરિયલ! ઉરના ઉલ્લાશે તુ દોડી આવ! નળસરોવર કાંઠે તો અમારો પંખી મેળો ભરાયો છે."

પરદેશી પંખી આવ્યાની વધામણીમાં એરિયલ એને જોવાના વિચારોમાં જ ખોવાઈ જવા લાગી. એક દિવસ એ દાદા સ્ટીફન પાસે દોડી જઈ ઉમંગથી કહેવા લાગીઃ

"દાદા! ચાલોને આપણે નળ સરોવર જોવા જઈએ? તમે મમ્મી-પપ્પાને સમજાવજો. મને નળ સરોવર જોવાની ઈચ્છા બહુ જ થાય છે. વળી પેલાં જાતજાતના રંગબેરંગી પરદેશી પંખીડાં તો જાણે મારી રાહ જોતાં હોય એવુ મને લાગ્યા કરે છે. પ્લીઝ દાદાજી! નાતાલની ભેટ રૂપે તમે મારુ કહ્યુ માનશોને?"

અને એ ઘડી કોઈપણ અગમનિગમની જાણ કર્યા વગર જ આવી ગઈ. ઘરમાં પ્રવાસ માટેની તમામ તૈયારીઓ થઈ ચૂકી હતી. એરિયલનાં અરમાનો પૂર્ણ કરવા કે એના અંતરના ઓરતા અધૂરા રાખવા? એની જાણ કોઈને નહોતી! પોતાની કાર લઈને સૌ નીકળી પડ્યાં અણજાણી દુનિયાને જાણવા માણવાની સફરે! ન દીઠેલી ભોમકાના પંથે તેમની

ગાડી પાણીના રેલાની જેમ દોડી રહી હતી. ત્યાં જ હાઈવે ઉપર અચાનક વળાંક લેતી એક ગોઝારી ટ્રકે, કારને એવી હડફેટે લીધી કે ફૂટબોલ ઉછળે તેમ ગાડી ઉછળીને નજીકના એક ઊંડા ખાડામાં ખાબકી.

આક્રંદ અને મરણચીસોના બેબસ પડઘા સાંભળીને દિશાઓ ય કંપી ઉઠી! આસપાસ રહેતાં ભલાં લોકો બચાવ માચે દોડી આવ્યા તો ખરાં પણ દ્રશ્ય જોતાં જ હબકી ગયાં. નાનકડી એરિયલ સિવાય તમામનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. બેભાન બનેલી એરિયલને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી. હોસ્પિટલમાં એરિયલએ જ્યારે આંખ ખોલીને જોયું તો તેને અંધકાર સિવાય કશું જ દેખાયુ નહીં. તેણે પોતાની આંખ સામે છવાઈ ગયેલા અધંકારને દૂર હડસેલવા પ્રયાસ કર્યો. એકવાર, બેવાર, ત્રણવાર... પછી તો વારંવાર પ્રયાસ કર્યો પણ બધું વ્યર્થ! એની આંખમાથી ખરી પડેલો પ્રકાશ તો ખરતા તારાની જેમ છેલ્લો તેજલિસોટો ઝબકાવી ક્યાકનોય અલોપ થઈ ગયો હતો! તે ચિલ્લાઈ ઊઠીઃ

મને કેમ કંઈ જ દેખાતું નથી? ઓ...મમ્મી-પપ્પા... દાદા! આક્રંદ કરતું તેનું હૃદય પ્રશ્નોની ઝડી વરસાવતુ હોસ્પિટલનાં સૌ કોઈને હચમચાવી રહ્યુ હતુ. વેદનાભરેલી બૂમો સાંભળીને એરિયલની પાસે ન આવ્યા એના વ્હાલસોયા દાદા કે ન આવ્યાં એનાં મમ્મી-પપ્પા. પણ એરિયલનાં આક્રંદ સાંભળીને વીંધાઈ ગયેલી માયાળુ નર્સ લ્યુશી તેના પલંગ પાસે આવતા જ બોલી ઊઠીઃ

"બેટા! ધીરજ રાખ. ભગવાન સૌ સારાવાનાં કરશે. ક્રૂસ ઉપર પ્રભુ ઈસુએ વેઠેલી અસહ્ય વેદનાની તો તને ખબર છે ને? પોતાની વ્હાલસોયી જનેતા તથા એક શિષ્યની સામે જ પોતાનો પ્રાણ છોડીને મૃત્યુ પામતા ઈસુની મહાવ્યથા કેટલી ભયંકર હતી! હું સમજી શકુ છું તારી અસહાય વ્યથાને! ભલી થા બાલિકા! હું હંમેશા તારી સાથે રહીશ. તું જોઈ શકતી નથી પણ હું તારી આંખ બનીશ. વળી દુનિયામાં ઘણી એવી આંખો હશે જેના થકી તુ જરૂર જોઈ શકીશ. હિંમત ના હાર મારી લાડલી!"

આટલાં આશ્વાસનો આપવા છતાંય એરિયલ નિરાશાની ઘોર ગર્તામાં ડૂબી ગઈ ત્યારે સિસ્ટર લ્યુશીએ હોસ્પિટલમાં જ એરિયલના જીવનનો આધાર બનવાનું મનોમન નક્કી કરી લીધું.

સિસ્ટર લ્યુશીના ઘેર રહીને એરિયલ મોટી થવા લાગી. માળીની માવજતથી કોઈ ફૂલવેલ વધતી રહે તેમ એરિયલ પણ જ્ઞાન અને ઉંમરમાં વધતી ગઈ. એક દિવસ તેણે લ્યુશીને કહ્યુંઃ

"મારી પાસે ચર્મચક્ષુ નથી પણ પ્રજ્ઞાચક્ષુ તો છે ને? હું પણ અંધજનોની જેમ જીવન જીવવાની ખાસ તાલીમ લેવા ઈચ્છુ છુ."

એરિયલની વાત સાંભળતા જ લ્યુશી હરખાઈ ઊઠી. પછી તો ઉત્તમ કહી શકાય એવી એક અંધશાળામાં ભણવા માટે એરિયલને મૂકી દીધી. જ્યાં તાલીમ લઈ એ આત્મનિર્ભર બની શકે.

જ્યારે એરિયલ કળીમાંથી પૂર્ણફૂલ બની ગઈ ત્યારે એને લાયક પતિ પસંદ કરી રંગેચંગે એનાં લગ્ન કરાવી દીધાં.

આજે એ જ એરિયલ પોતાના પતિ જસ્ટીન સાથે ડિસેમ્બર બેસતાં જ નળ સરોવરની રમ્યતા માણતી નૌકા વિહાર કરી રહી છે. વિદેશી પંખીડાનો મધુરો કલરવ એના રોમરોમ નળસરોવરમાં ઊઠતી લહરોની જેમ લહેરાઈ રહ્યો છે. અચાનક એક રળિયામણુ ગાન સાંભળતા જ એના કાન સતેજ થયા. નાવડીમાં લગોલગ બેઠેલો પતિ સરોવરમા ચારો ચરતાં, અહી-તહીં ઊડાઊડ કરતાં પક્ષીઓની ઓળખ આપી રહ્યો હતો ત્યાં જ એરિયલ ટહૂકી ઊઠીઃ

"આ મધુરો કંઠ ક્યાંથી સંભળાઈ રહ્યો છે?"

"એ તો દૂર સરોવર કાંઠે ટહેલતો મોર ટહુકી રહ્યો છે પ્રિયે!" આટલુ બોલી જસ્ટીન અટકી ગયો. પણ નાચતા મયુરનો પીંછકલાપ જોઈ હર્ષાવેશમાં ભાવવિભોર થઈ ઉદ્ગાર કાઢ્યોઃ "અહા! કેવો રળિયામણી એનો પીંછકલાપ છે! જો...! જો...! એરિયલ! ટહુકા કરતી વખતે તો એની બંકિમ ગ્રીવા કેવા વળાંક લઈ રહી છે! એની રળિયામણી લાગતી ભૂરીભૂરી ગ્રીવા અને એના માથે શોભી રહેલી કલગી અને..."

બોલતાં બોલતાં એના પતિએ વાક્યને વચ્ચે જ અધૂરું મૂકી વિચારવા લાગ્યોઃ

"અરે! હું તો જોઈ શકું છું, પણ એરિયલની આંખ હવે ક્યાં જોઈ શકે છે? બાપડી! એને ન જોઈ શકવાનુ કેટલુ બધું દુઃખ થતું હશે? ને હું એનો કશોયે ખ્યાલ રાખ્યા વગર બસ, જીભનુ ગાડું હંકાર્યે જ રાખુ છુ?" પછી એ ખિન્ન થઈ ગયો અને મૂંઝવણ અનુભવવા લાગ્યો.

પોતાના પતિની આંખ દ્વારા જ સૌંદર્યનો લ્હાવો લેતી એરિયલે જસ્ટીનને બોલતો અટકી જતાં પૂછી બેઠીઃ

"જસ્ટીન, કેમ અટકી ગયો તું?"

એરિયલે પૂછેલા પ્રશ્નનો જવાબ ન મળતાં તે જાણે કે નજરો નજર મોરને જોઈ રહી હોય એમ આશ્ચર્યના ઉદ્ગાર કાઢ્યા.

"ઓહ! કેવો સુંદર મોર! કળા કરી થનગનતો મયુર કોને જોવો ના ગમે?"

એરિયલના ઉમંગી બોલ સાંભળતાની સાથે જ એનો પતિ કોઈ ફૂલ ખીલ્યો વાસંતી છોડ સમો મ્હોરી ઊઠ્યો.

દૂર સરોવર કિનારે ટહુકી રહેલા મોરલાની આંખમાં જાણે કે આ દંપતીનુ પ્રેમદ્રશ્ય ઝીલાઈ ગયું હોય તેમ મોરલો ય રંગીલી અદામાં પીંચ્છકલાપ પ્રસારી થૈ થૈ નાચી ઊઠ્યો!

પ્રત્યક્ષ જોઈ ન શકવા છતાં એરિયલ કેવી રીતે પ્રકૃતિનો આનંદ માણી શકે એવા શુભભાવે તેનો પતિ સજાગ બનીને વર્તી રહ્યો હતો.

છતાંય એરિયલ વચમાં એવા પ્રશ્નોનો વરસાદ વરસાવી દેતી કે... જસ્ટીનને ય એનો જવાબ આપવો ભોંયભારે પડી જતો.

દૃષ્ટિ ગુમાવ્યા પછીયે એરિયલની પ્રકૃતિદર્શનની તરસ તો એવી ને એવી જ પ્યાસી હતી.એરિયલ ક્યારેય એકલી પડી જતી ત્યારે દાદા સ્ટીફન સાથે વીતેલુ એનું શૈશવ યાદ આવી જતાં જ એ ગ્લાનિમાં સરી જતી. આજે જ્યારે પોતાના પતિ સાથે નૌકાવિહાર કરી રહી હતી ત્યારે જળ,સ્થળ અને વ્યોમ સાથે સકલ પ્રકૃતિ એને સલામ કરી રહી હતી. ●

# સાચો મિત્ર

✍ **બ્રધર પ્રિતેશ દેવાંશી**

*સેંટ જોસેફ સેમિનરી, નડિયાદ.*

રાત્રે જમ્યા પછી હું અને મારો મિત્ર આંટો મારવા જઈએ. આ અમારો નિત્યક્રમ. આ દરમિયાન ગપ્પાં મારવાં એ અમારુ કામ. જાતજાતનાં ગપ્પાઓમાં ઘણીવાર ગંભીર ચર્ચા પણ થઈ જતી. ઊંડાણપૂર્વક વિચારતાં અમુક પ્રશ્નો પણ ઉદ્‌ભવતા. અમે મથામણ કરતા તેના જવાબ મેળવવાની. કોઈવાર પ્રશ્નોના જવાબ મળતા, કોઈવાર નહિ. આવાં ગપ્પાઓમાંથી કોઈવાર અમૂલ્ય વિચાર રત્નો જડી જતાં. મારો એક મિત્ર તો આવાં ગપ્પાઓને આજકાલ 'અગત્યનાં ગપ્પાં' કહે છે.

એક રાત્રે આ જ રીતે હું અને મારો મિત્ર આંટો મારવા નીકળેલા. અમે દેવળ નજીક પહોચ્યા હોઈશું અને તેના પપ્પાનો ફોન આવ્યો. તે ફોન પર વળગ્યો એટલે મને થયું, 'લાવ ને ત્યાં સુધી દેવળમાં જતો આવું.' આમેય થોડા દિવસ પછી મારે પરીક્ષા હતી એટલે ભગવાનને મળવા તો જવાનું જ હતું. આપણે પણ ખરા સ્વાર્થી છીએ નંઈ...? તકલીફ આવે, મુશ્કેલી આવે, કોઈ જરૂરિયાત ઊભી થાય એટલે દોડવાનું સીધું ભગવાનના શરણમાં. જઈને એમના ચરણે પડી જવાનું. વાહ રે દુનિયા...!

દેવળના અર્ધખુલ્લા દરવાજામાંથી અંદર પ્રવેશીને છેક પાછળ મૂકેલી ખુરશી ઉપર હું બેઠો. પ્રીત સંસ્કારની બરાબર સામે લગભગ સાઠ વર્ષના એક કાકા ઘૂંટણિયે પડીને, હાથ ફેલાવીને પ્રાર્થના કરતા હતા. જાણે કોઈની જોડે વાત ન કરતા હોય! આંખો બંધ કરીને હું પ્રાર્થના કરવા લાગ્યો. ત્રણ ચાર મિનિટ પછી મેં આંખો ખોલી ત્યારે પેલા કાકા મારી બાજુમાં ઊભેલા. ધીમા સ્વરમાં તેમણે મને પૂછ્યું, "બેટા, દરવાજો બંધ કરીને ચાવી ફાધરને આપી દઈશ ને...?" "હું પણ નીકળું જ છું." તેમ કહી હું ઊભો થયો અને તેમની સાથે જ બહાર નીકળ્યો. દરવાજો બંધ કરતા કરતાં કાકાએ મને કહ્યું, "I was talking to my friend. હું મારા મિત્ર સાથે વાત કરતો હતો." મને કાંઈ જવાબ વાળવાનું ન સૂઝયું એટલે હળવું સ્મિત આપીને મેં મારો રસ્તો પકડ્યો.

ઘર તરફ પાછા વળતાં મેં મિત્રને પૂછ્યું, "સાચી મિત્રતા કોને કહેવાય?" તેણે ફટાક દઈને જવાબ આપ્યો,"તારા સુખમાં મારું સુખ અને તારા દુઃખમાં મારું દુઃખ. એ જ મિત્રતા અને એ જ સાચી." આવા મિત્રને ૧૦ માંથી ૧૦ ગુણ આપવા જોઈએ. જવાબ અંગે વધું વિચારતાં મને લાગ્યું કે લાગણીઓની દ્રષ્ટિએ જોઈએ તો તેનો જવાબ એકદમ સાચો જ છે. પરંતુ આ જવાબ મને થોડો અધૂરો લાગ્યો. દુઃખમાં દુઃખ અનુભવે તે બરાબર, પરંતુ દુઃખમાંથી બહાર ન કાઢી શકે તેને મિત્રતાની મર્યાદા ગણવી જોઈએ. દુન્યવી બધી મૈત્રીને આ મર્યાદા લગભગ નડતી જ હોય છે. કારણ ઘણી વાર આપણી સમસ્યા કે દુઃખો એવાં હોય છે કે જેના કોઈ ઉકેલ મિત્રો પાસે હોતાં નથી. તો પછી આવાં બધાં દુઃખ-દર્દમાંથી બહાર કાઢીને જીવનનો સાચો રસ્તો બતાવનાર મિત્ર કોણ? સાચું જીવન આપી શકે, તેવો મિત્ર કોણ?

મિત્રતાની આ પળોજણે રાત્રે સૂતી વખતે પણ મારો પીછો ન છોડ્યો. ત્યારે મને પેલા કાકાના શબ્દો યાદ આવ્યા, "I was talking to my friend." અર્થાત્ 'હું મારા મિત્ર સાથ વાતચીત કરતો હતો. આ કેવી મિત્રતા? શું ઈશ્વર સાથે મિત્રતા કરી શકાય? શું ઈશ્વર જ સાચો મિત્ર? કાકાના શબ્દોમાં એક ગૂઢ રહસ્ય છુપાયેલું હતું.

સાચો મિત્ર એજ કહેવાય જેની સાથે આપણે બધી જ અંગત વાતો કરી શકીએ. બધી જ ચર્ચા કરી શકીએ. જેની પાસે આપણા બધા જ પ્રશ્નોના જવાબ હોય. જે આપણા સુખ-દુઃખમાં સાથે રહે એટલું જ નહિ પરંતુ દુઃખમાંથી બહાર નીકળવાનો રસ્તો પણ ચીંધે. અને તે રસ્તે આપણો હાથ પકડીને ચાલે પણ ખરો! એવો કોઈ જ દુન્યવી મિત્ર મળવો અશક્ય છે જે આ બધી બાબતોમાં ખરો ઊતરે! પરંતુ હા, એવો મિત્ર છે ખરો. એવો એક માત્ર મિત્ર એટલે આપણો ઈશ્વર!

મારો એક બ્રાહ્મણ મિત્ર, પરશુરામનો ભક્ત. એક વાર મને કહે, "જો ભાઈ, જિંદગી છે તો સમસ્યાઓ તો રહેવાની જ! આપણે સહન કરવું પડે. છૂટકો જ નથી." મેં કહ્યું, "શા માટે? હું માનું છું કે સમસ્યાઓ તો રહેવાની જ. પરંતુ, સહન શા માટે કરવું પડે? મારી પાસે એક એવો પરમમિત્ર છે કે જેણે મારા માટે ઘણું બધું સહન કરી લીધું છે. કારણ મને જીવન મળે અને ભરપટ્ટે મળે. હવે મારે તો આ જીવન માણવાનું જ છે. મારો એ પરમમિત્ર બધી સમસ્યાઓમાં મારી પડખે જ હોય છે અને તેમાંથી મને ઉગારે પણ છે. મારો આ પરમમિત્ર એટલે મારો જીવંત ઈશ્વર. તે કદી મને ભૂલ્યો નથી અને ભૂલશે પણ નહિ. કારણ બાઈબલમાં કહેવામાં આવ્યું છે કે, 'એક મા કદાચ પોતાના બાળકને ભૂલી જશે, પણ હું તને નહિ ભૂલું.' જેની સાથે આવો પરમમિત્ર હોય તેણે ભલા સમસ્યાઓથી ડરવાની શી જરૂર?"

સાચા દિલથી કરેલી દરેક રજૂઆત, વિનંતિ આપણો મિત્ર - ઈશ્વર સાંભળે છે અને તેનો યોગ્ય પ્રત્યુત્તર પણ આપે છે. તો ચાલો આ નવા વર્ષમાં કંઈક એવું કરીએ કે આપણી અને ઈશ્વર વચ્ચે સંવાદ સધાય. આપણી મિત્રતા વધુ મજબૂત બને અને આપણી બધી જ વાતો આપણે તેને કહી શકીએ. જ્યારે આપણે દિલ ખોલીને તેની સમક્ષ નિખાલસ રજૂઆત કરતા થઈશું, ત્યારે તેના તરફથી જવાબ મળવાનું પણ ચાલું થશે અને આપણે પણ કહી શકીશું. ●


**તૃતીય પુણ્યતિથિ**

**સ્વ. ફુલ્કેરિયાબેન(બોની) જોસેફભાઈ પરમાર**

જન્મ: ૮-૬-૧૯૪૦ ★ અવસાન: ૩-૨-૨૦૧૪

"હું જ પુનરુત્થાન છું, હું જ જીવન છું."
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. જોસેફભાઈ જે. પરમાર તથા સમગ્ર પરિવાર**
*શ્રદ્ધાદીપ સોસાયટી, મરીયમપુરા, પેટલાદ*



# પુસ્તક પરિચય




દયા સાગર પ્રભુના પરિચયથીમાંડીપ્રાયશ્ચિતસંસ્કાર, ખ્રિસ્તયજ્ઞ, પવિત્રશાસ્ત્રના ઉદાહરણો, પ્રભુઈસુનુ જીવન, માતા મરિયમનુ જીવન, ભક્તિ યાત્રા અને મધર થેરેસાના જીવનના સ્પર્શે-સ્પર્શે પ્રભુની દયાની અતિ થી ઈતિ ને એક તાંતણે સર્જક ગૂંથી શક્યા છે અને તે પણ રસિક રીતે. આ બધા હદયસ્પર્શી પ્રકરણોને અંતે છેલ્લા પ્રકરણમા સર્જકે નિચોડ રૂપે અર્ક વહાવ્યો છે અને આપણને દયા વર્ષમા 'દયાના પ્રેષિત' બનવાનુ સીધુ આહ્વાન કરે છે.

પ્રભુ દયાનો સ્પર્શ પામવો હોય તો 'દયાનો સ્પર્શ' વાગોળવુ જ પડે, પ્રસ્તાવના લખવા મેં વાંચ્યું છે, માટે કહુ છું, વાંચનાર કદી હતાશ નહી જ થાય, પ્રભુને નજીકથી ઓળખી પામી શકવાનો માર્ગ છે - 'દયાનો સ્પર્શ' *– ફ્રાન્સિસ ડાયર્સા(પ્રસ્તાવનામાથી સાભાર)*

'દયાનો સ્પર્શ' પુસ્તકમા પ્રકરણે પ્રકરણે અને વિશેષ કરીને પ્રાયશ્ચિત સંસ્કાર અને ખ્રિસ્તયજ્ઞ - પ્રેમ અને દયાનો યજ્ઞ- માં ભક્તજન પશ્ચાતાપ કરી, પ્રભુ પ્રત્યે પાછો ફરી, ઈશ્વર અને માનવબંધુ સાથે સમાધાન કરી - પાપક્ષમા અને પુણ્યકર્મો દ્વારા ઈશ્વરની દિવ્ય દયાનો સ્પર્શ કેવી રીતે અનુભવી શકે તે બાઈબલના જાણીતા દ્રષ્ટાંતો, વચનો, સંતોના જીવનો વગેરે દ્વારા સુંદર રીતે સમજાવવામાં આવ્યુ છે.

ઈશ્વર તો માનવજાત ઉપર પોતાની દિવ્યદયા વરસાવવા સદા તત્પર હોય જ છે અને પ્રથમ પગલુ પણ એજ ભરે છે. જાખ્ખી અને પતિતા સ્ત્રીના દ્રષ્ટાંતોમા એ જોવા મળે છે. આપણે તો પશ્ચાતાપી દિલે પ્રભુ તરફ પાછા ફરવાની અને પ્રભુને પ્રત્યુતર આપવાની જરૂર હોય છે.

આપણા પાવનપિતા મહાશ્રી પોપ ફ્રાન્સિસે ૮ ડિસેમ્બર ૨૦૧૫ થી દયાનુ વર્ષ જાહેર કરી, પરમપિતા પરમેશ્વર આપણાં પ્રત્યે જેવા દયાળુ છે, એવા આપણને પણ આપણા દીન-દુઃખી માનવબંધુ પ્રત્યે દયાળુ બનવા આહવાન કર્યુ છે. ત્યારે પ્રસંગને અનુરૂપ જ રેવ. ફાધર આમ્બ્રોસ ડાભી દ્વારા 'દયાનો સ્પર્શ' પુસ્તક ધર્મજનોને મળ્યુ છે. આ પુસ્તક એના પ્રત્યેક વાચકને પશ્ચાતાપી દિલે ઈશ્વર તરફ પાછા ફરી એની દિવ્યદયાનો સ્પર્શ અનુભવવામાં જરૂર સહાયરૂપ બનશે. અને દયાનો સ્પર્શ વાચકને દયાનો પ્રેષિત બનાવી તેની જીવનયાત્રા સફળ બનાવશે.

*વિલિયમ ગાબ્રિયેલ પરમાર કેટેકીસ્ટ - માજી આચાર્ય*
*નિર્મળ મિરિયમ પ્રા. શાળા, નડીઆદ. પ્રતિભાવમાથી સાભાર*

૧લી માર્ચના રોજ ઈસુસંઘી લોયેલા પ્રેસ દ્વારા એક પુસ્તક પ્રકાશીત કરવામાં આવેલ છે. જે પુસ્તકનું નામ 'ડિયર પોપ ફ્રાન્સિસ.' આ પુસ્તકમાં વિશ્વભરના જુદાંજુદાં ૩૦ બાળકોના પ્રશ્નો અને વડાધર્મગુરૂશ્રી દ્વારા તેના પ્રત્યુત્તરનો સમાવેશ કરવામાં આવેલ છે.

ગતવર્ષે અમેરિકાના ઈસુસંઘી પ્રકાશન કેન્દ્ર દ્વારા આ વિચાર મૂકવામાં આવ્યો જેનો હકારાત્મક પ્રતિભાવ મળ્યો અને વિશ્વભરના ઈસુસંઘી દ્વારા ૬ થી ૧૨ના બાળકોને ચિત્રો દોરીને મોકલવા માટે પણ પ્રોત્સાહીત કરવામાં આવ્યા.આ પ્રશ્નો વડાધર્મગુરૂશ્રીને આપવામાં આવેલ તેના પ્રત્યુત્તર તથા ચિત્રો એ સર્વેને આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યાં છે.

આ સ્પર્ધામાં ૨૬ દેશોના ૧૪ ભાષાઓના પણ એકત્રિત કરવામાં આવેલ છે. પુસ્તકના સંપાદકશ્રી ફાધર પોલ કેમ્પબેલના અધ્યક્ષપણાંમાં એક સમિતિ બનાવવામાં આવી હતી. જેમાં પ્રશ્નોને યોગ્યતા મુજબ પસંદ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ પ્રશ્નો વડાધર્મગુરૂશ્રીને આપવામાં આવેલ.

ભારત તરફથી ઝારખંડ રાજયની ૧૨ વર્ષની માનસી એકાએ આ હરિફાઈમાં ભાગ લઈ ભારતનું નામ ઉજાગર કરેલ છે. ચિત્રકલામાં તેણીએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. ૧૪ બાળકો જેઓ આગામી દિવસોમાં વડાધર્મગુરૂશ્રીને રૂબરૂ મળનાર છે તેમાં તેણીનો સમાવેશ થયેલ છે.

ફાધર કેમ્પબેલે આ પુસ્તકના સંદર્ભમાં કહ્યુ હતુ કે આ પુસ્તકમાં એક બાબતો ઉલ્લેખ છે કે, ''નાના બાળકોના પ્રશ્નો મોટા હોય છે.''પુસ્તકમાં પ્રશ્નો નાના બાળકોના છે, પરંતુ ગંભીર છે. વડાધર્મગુરૂશ્રીએ કહ્યુ હતું કે, આ પ્રશ્નોના જવાબ આપવા અત્યંત કઠિન છે. ફાધર કેમ્પબેલે ઉમેર્યુ હતુ કે, એક પ્રશ્નોના પ્રત્યુત્તરમાં એક વાત સ્પષ્ટ થઈ છે કે વિશ્વના શોષિત,ગરીબ,પીડિત દુઃખી બાળકો પ્રત્યે વડાધર્મગુરૂશ્રીને સહાનુભૂતિ છે. અમેરિકાના વિલિયમ નામના બાળકે વડાધર્મગુરૂશ્રીને એક પ્રશ્ન પૂછ્યો હતો કે જો તમે એક ચમત્કાર કરી શકો એમ હોઉ તો કયો ચમત્કાર કરશો?

પ્રત્યુત્તરમાં તેમણે કહ્યુ કે 'જે બાળકો દુઃખી છે તેમના દુઃખને હું રોકી શકુ! આ જવાબ દર્શાવે છે કે વડાધર્મગુરૂશ્રીને દુઃખી બાળકો પ્રત્યે કેવી લાગણી છે! કેવી સહાનુભૂતિ છે! આ પુસ્તક પ્રકાશનનો હેતુ દુઃખ સહન કરતા બાળકોને આશાનો એક રસ્તો દર્શાવવાનો છે.

જે લોકો દુઃખી અને પીડાજનક સ્થિતિમાં છે તેવાં બાળકો,યુવાનો અને બધાજ લોકો સુધી વડાધર્મગુરૂશ્રી પહોંચવા ઈચ્છે છેઃ વડાધર્મગુરૂશ્રી દુઃખનું રહસ્ય જાણતા નથી પણ ઈસુએ આપણા માટે જે દુઃખો વેઠ્યાં છે અને આજ વિશ્વાસ આપણને આશા અને દિલાસો આપે છે.

*– અનુસંધાન પેજ નં.૩૮ પર જુઓ...*



# દેવળમાં જવાનું પ્રયોજન

✍ અમિત ચૌહાણ (વલાસણ)

અમેરિકાના લાસ વેગાસમાં જાસ્મિન નામની એક યુવતી સોમથી શુક્ર તેની જોબમાં વ્યસ્ત રહે છે પણ પ્રત્યેક રવિવારે ચર્ચમાં જવાની એક સારી આદત તેણે કેળવી છે. મમ્મીપપ્પાની એકની એક દીકરી રવિવારની કાગડોળે રાહ જુએ છે. રવિવારની આહ્‌લાદક સવારે, ઘરથી એકાદ કિલોમીટર દૂર ચર્ચમાં તે અવશ્ય જાય છે. એક દિવસ તેનાં મમ્મીએ પૂછ્યું : ''બેટા દર રવિવારે તુ શા માટે દેવળમાં જાય છે?'' જાસ્મિને સસ્મિત જવાબ વાળ્યો, ''મમ્મી પ્રભુને રૂબરૂ મળવા અને પ્રભુવાણી સાંભળવા હું રવિવારે દેવળમાં જઉં છું?''

આપણે દેવળમાં કેમ જઈએ છીએ? એવો સીધો જ પ્રશ્ન પૂછવામાં આવે તો પ્રત્યેક ખ્રિસ્તીજનનો જવાબ લગભગ એક જ હોઈ શકે : ''પ્રાર્થના કરવા.'' કદાચ કોઈ દલીલ કરે કે, પ્રાર્થના તો ઘરમાં, વેદી આગળ ઊભા રહીને કે સામે બેસીને પણ કરી શકાય! તો પછી આપણો દેવળમાં જવાનો શો ઊદ્દેશ? તમે અને હું દેવળમાં કેમ જઈએ છીએ? અબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ મોટાભાગે પ્રાર્થના કરવાના ઉદ્દેશથી જ દેવળમાં જાય છે, પરંતુ તેમની પ્રાર્થના(માંગણી) ભિન્ન હોઈ શકે છે!

એક વિધ્યાર્થી સોમથી શનિ અભ્યાસમાં વ્યસ્ત હોય છે, એવી જ રીતે કોઈપણ યુવાન કે ગૃહસ્થ પોતાના અભ્યાસ કે કામકાજમાં રોકાયેલા હોય છે પણ રવિવારે તેમના પગ દેવળ તરફ પ્રયાણ કરે છે. આપણે ત્યાં અમેરિકા જેવું નથી કે જ્યાં સોમથી શુક્ર તનતોડ મહેનત કરો અને શનિ-રવિ એન્જોય કરો. આપણે ત્યાં આનંદ કરવા માટે અક માત્ર રવિવાર જ હોય છે. એટલે સોમ થી શનિ ધંધારોજગારમાં વ્યસ્ત રહી, રવિવારથી શરૂઆત દેવળથી કરીએ છીએ અને બાકીનો સમય પરિવાર સાથે ગાળીએ છીએ.

અઠવાડિયા દરમિયાન પ્રભુએ વરસાવેલા અનેક ઉપકારો માટે આપણે પ્રભુનો આભાર માનીએ છીએ. પહેલું વરદાન, પ્રભુ આપણને રોજ નવું જીવન આપે છે. દરરોજ આપણા જીવનમાં એક નવો સૂરજ ઉગે છે. આપણા નોકરી-કામકાજનાં સ્થળે કે ઘરમાં હળીમળીને રહીએ છીએ. એ પણ પ્રભુની કૃપાનું સામર્થ્ય જ છે ને! સોમથી શનિ વ્યસ્ત રહેનારો હું શારીરિક-માનસિક રીતે થાકી ગયેલો હોઉં છું, આ દિવસોમાં દેવળમાં જવાનો મેળ પડતો નથી એટલે રવિવારની સવારે હું અવશ્ય દેવળમાં પહોંચી જાઉં છું.

ત્રણેય શાસ્ત્રપાઠના અંતે પુરોહિત પ્રભુવાણીને સરળ રીતે શ્રદ્ધાળુઓ આગળ સમજાવે છે. ક્યારેક એમાં નવીનતા હોય કે વિશેષ બાબત હોય તો આ સદ્‌વિચારોને હું કાગળમાં ઉતારુ છું. રવિવારના ખ્રિસ્તયજ્ઞ બાદ શ્રદ્ધાળુઓ એકબીજાને મળે છે, ત્યારે કેવો સુખદ અનુભવ આપણ સૌને થાય છે! સભાપુરોહિત પણ પોતાના ધર્મવિભાગના ધર્મજનોને મળે છે, સેવાપ્રવૃતિ અંગે વાતચીત કરે છે, એક અઠવાડિયા બાદ ફરી મળવાના ઈરાદા સાથે ઘરસંસારમાં જોતરાઈએ છીએ. આમ એકંદરે 'હું કેથોલિક છું. પ્રભુમાં મને શ્રદ્ધા છે' એવો એક સુંદર ભાવ સૌને- બાળકોને, યુવાન-યુવતીઓને પછી મોટેરાંઓને દેવળ તરફ દોરી લાવે છે. પ્રભુના અગણિત કૃપાદાનો માટે આભાર માનતાં, અનેકવિધ યાચનાઓ પણ પ્રભુને ચરણે ધરીએ છીએ. બાઈબલમાં વ્યક્તિગત પ્રાર્થનાના ઘણાં પ્રસંગ આપણી આગળ છે. વળી ધર્મસભાના આરંભ(પ્રષિતોના ચરિતો)થી આજદિન સુધી, વ્યક્તિગત પ્રાર્થના તેમજ સામૂહકિ પ્રાર્થનાને ઉત્તેજન મળ્યુ છે. વાર તહેવાર કે રવિવારનો ખ્રિસ્તયજ્ઞ, પરંપરાગત સામૂહિક પ્રાર્થનાની ઊમદા પ્રથા આપણી પાસે છે. પ્રભુનો દિવ્ય અનુભવ પ્રાપ્ત કરવા પ્રત્યેક રવિવાર આપણને આમંત્રણ પાઠવે છે. ● મો :- ૯૬૩૬૬૦૭૮૧૫

## 'દૂત'ના ગ્રાહકો માટે અગત્યની સૂચના

**શું આપે 'દૂત' ૨૦૧૭નું લવાજમ ભર્યું છે? શું 'દૂત'ના સ્વયંસેવક આપને ત્યાં 'દૂત'નું લવાજમ માટે અવારનવાર આવે છે? સત્વરે 'દૂત'નું લવાજમ આપના સ્વયંસેવકને અથવા 'દૂત' કાર્યાલયમાં ભરવા વિનંતી. એકાદ મહિના પછી 'દૂત' મળવાનો બંધ થશે.**

**'દૂત' પ્રકાશક, ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**

*અનુસંધાન પેજ ૩૭ પરથી ચાલું...*

'જો તમને વડાધર્મગુરુશ્રી ફ્રાન્સિસને પ્રશ્ન પૂછવાનો મોકો મળે તો તમે કયો પ્રશ્ન પૂછશો? બાળકોને પણ મોટેરાંઓ જેવા પ્રશ્ન અને મુંઝવણ હોય છે, પણ તેમના અંતરતલમાં પડેલ પ્રશ્ન કરવાની તેમને ભાગ્યે જ તક મળે છે. 'ડિયર પોપ ફ્રાન્સિસ'માં વડાધર્મગુરુશ્રીએ બાળકોને તક આપી છે અને બાળકોએ તેમના પરિસરમાંથી પૂછેલા પ્રશ્નોના પ્રસન્નતાથી પ્રત્યુત્તર વાળ્યા છે જેમાં વડાધર્મગુરુશ્રી ની આધ્યાત્મિક ઉંચાઈ સર થઈ છે. કેટલાક રમુજી છે, કેટલાક હૃદય દ્રવી નાંખે તેવા છે. પરંતુ આ બધાજ પ્રશ્ન બાળકોના છે, જેઓ પ્રભુના બિનશરતી પ્રેમને ઓળખવા અને અનુસરવા ઝંખે છે.'

*(પુસ્તકના પ્રથમ પૃષ્ઠ પરથી ભાવાનુવાદ) – તંત્રીશ્રી*

આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર પ્રા. રેમંડ પરમાર, રાજેશ ક્રિશ્ચિયન અને બકુલ મેકવાને કર્યું છે. ગુજરાત સાહિત્ય પ્રકાશ દ્વારા જાન્યુઆરી, ૨૦૧૭માં તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે.



# નમ્ર પરમસુખી

✍ મથુર વસાવા

મ.શિ. સેંટ જોસેફ સ્કૂલ, ઉના.

માનવી પાસે બ્રાન્ડેડ કપડાં, બૂટ અને ઘડિયાળ હોય છે પણ બ્રાન્ડેડ વ્યવહાર હોતો નથી. માનવીનો વ્યવહાર એક સમાજ સામે આયનો છે. વ્યવહારથી માનવીનું જીવન બદલાય છે. જે માનવીનું વર્તન સારું હોય તે માનવી પાસેથી જીવન જીવવાની પ્રેરણા મળતી હોય છે. સારા વ્યવહારથી મિત્રતા ટકતી હોય છે. ખોટા વ્યવહારથી સંબંધો તૂટતા હોય છે. કોઈ વ્યક્તિ, બીજી વ્યક્તિ પર ગુસ્સો ઠાલવી દે ત્યારે દુનિયામાં એવી નમ્ર વ્યક્તિ પણ જીવતી હોય છે જે સામે બોલવાને બદલે નમ્ર બની જતી હોય છે. ગુસ્સો કાબૂમાં રાખે છે. નમ્ર માનવીનું મહત્ત્વ વ્યવહારમાં હોય છે. માનવીના સારા વ્યવહારથી સામેની વ્યક્તિનુ હૃદય પરિવર્તન થતું હોય છે. ગુજરાતીમાં એક કહેવત છે 'નમે તે સૌને ગમે.' એકબીજા સાથે ખરાબ વ્યવહાર કરવાથી, તે માનવીની છબી ખરાબ થતી હોય છે. દુનિયામાં ગેરવર્તણૂક કરવાથી ક્યાં કોઈનું ભલું થયું છે ? નમ્ર વ્યક્તિના મરણ પછી પણ નામ અખંડ રહેતું હોય છે. તે વ્યક્તિની યાદ સદાકાળ વહેતી હોય છે. ગુજરાતીમાં એક મુક્તકમાં કહ્યું છે.

'નમતાથી સૌ રીઝે, નમતાને બહુ માન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.'

પ્રસ્તુત પંક્તિઓમાં કવિએ નમ્રતાનો મહિમા સમજાવ્યો છે. નમ્ર વ્યક્તિનું જે સ્થાન હોય છે, તે સ્થાન અભિમાની વ્યક્તિને પ્રાપ્ત થતું નથી. નમ્ર વ્યક્તિના જીવનના રસ્તામાં ઘણા સંકટો આવતાં હોય છે પણ તે કદી હાર માનતી નથી, સફળતા મળતી રહેતી હોય છે. જે અક્કડ હોય તે વ્યક્તિને કોઈ આદર આપતું નથી તેને હૃદયથી કોઈ માન આપતું નથી.

જ્યારે નમ્ર અને વ્યવહારું વ્યક્તિને સૌ નમતા હોય છે.જે માનવી બધું જ મારું મારું કરે છે તે માનવી અભિમાનના ડુંગર પર ચઢીને જીવતો હોય છે. લોકો વચ્ચે અભિમાનથી જીવતો હોય છે. અભિમાની વ્યક્તિ મારું જીવન પાડોશીઓ જુએ તેમ દેખાડો કરીને જીવતો હોય છે. જ્યારે નમ્ર વ્યક્તિનો સ્વભાવ જ કહી દે છે કે તે વ્યવહારિક છે. પોતાના કરતાં પડોશીની સમસ્યા જાણી અને તેનો ઉકેલ લાવતો હોય છે.

એક જાતકકથામાં કપિલવસ્તુ અને કોલિગ્રામના રહેવાસીઓની વાત કરવામાં આવી છે. કપિલવસ્તુ અને કોલિગ્રમ વચ્ચે રોહિણી નદી વહે છે. નદી પર એક બંધ બાંધવામાં આવ્યો છે તે બંધના પાણી ખેતીના ઉપયોગ માટે લેતાં, એક વાર એવું બન્યું કે ઉનાળામાં પાણીનો પ્રવાહ પાતળો થઈ ગયો, પરિસ્થિતિ એવી વિકટ બની ગઈ કે બન્ને ગ્રામવાસીઓ પાણી મળી રહે તેવો આગ્રહ રાખે છે, પણ બન્ને ગ્રામવાસીઓને પાણી પૂરું પડે તેમ નથી. પરિણામે બન્ને ગામના લોકો વચ્ચે ઝઘડો થાય છે અને છેવટે યુદ્ધમાં પરિણમે છે. આથી ભગવાન બુદ્ધ ત્યાં જાય છે અને સમજાવે છે, 'સમાધાનમાં જ સૌનું સુખ રહેલું છે.' જો બન્ને ગામના લોકો નમ્ર ના થયા હોત તો યુદ્ધના ભણકારા થયા હોત અને સેંકડો લોકો ઘવાયા અને મૃત્યુ પામ્યા હોત. ઉપદેશને બન્ને પક્ષ સમજ્યા તેમજ બન્ને બાજુ સૌ નમ્ર બની ગયા તેથી યુદ્ધ પણ ટળી ગયું.

લગભગ તેર કલાકની મુસાફરી બાદ અમે વહેલી પરોઢે અંકલેશ્વર બસ સ્ટેશને ઊતર્યાં. આંખોમાં હજુ નીંદરનું મોજું આવ્યા કરતું હતું. સ્ટેશને અમે બસની ઈંતેજારી કરી રહ્યા હતાં. સ્ટેશનમાં અમને એક બે સગી યુવાન બહેનોનું નાનકડું યુદ્ધ જોવા મળ્યું. નાની બહેન સામે મોટી બહેન આંગળી ચીંધીને મોટે મોટેથી વાત કરે. આંગળી તેની આંખ નજીક પહોંચી જાય ત્યારે લોકોને એમ થાય કે મોટી બહેનની આંગળી નાની બહેનની આંખમાં ઘૂસી જશે! લોકોનું ટોળું બન્ને બહેનોની આસપાસ ભેગું થઈ ગયું હતું. લોકો જાણે કોઈ ફિલ્મનું શુટિંગ ચાલતું હોય તેમ જોવા લાગ્યાં. મોટા બહેનનો ગુસ્સાનો પારો ઊંચે ચઢવા લાગ્યો. નાની બહેનને મોટા બહેને જોરદાર દસેક તમાચા ગાલ પર ચોળી દીધા. મોટી બહેનનો ક્રોધ અને તમાચા મારવાથી પણ નાની બહેને ઉગ્ર વિરોધ ના કર્યો. નમ્ર બનીને રહી. મોટો ઝઘડો થતાં ટળી ગયો. ઝઘડાનું મૂળ કારણ અમે જાણી ના શક્યા પણ ટૂંકમાં મારો કહેવાનો અર્થ કે, જ્યારે નાની વ્યક્તિ ક્યારેક નમ્ર બને ત્યારે મોટી વ્યક્તિએ તેનો લાભ લઈ તેના પર જુલમ ન ગુજારવો જોઈએ.

જે વ્યક્તિ વ્યવહારમાં સારો હોય અને નમીને જીવે તેનામાં દયાનો સ્રોત જોવા મળે છે. દયાળુ વ્યક્તિમાં પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ મેળવવાની ઝંખના હોતી નથી. દયાથી અન્યના દુઃખ દૂર થતાં હોય છે. પૈસાનું દાન કરતાં દયાનું દાન સૌથી ચડિયાતું માનવામાં આવે છે. આથી જ પંક્તિમાં સમજાવ્યું છે :

'દયાને દાન એ બેમાં, દાન થકી ચડે,
દાન દીધું, લીધું ભૂલ્યાં, દયા સ્રોત, સદા વહે'

ખરા અર્થમાં દાન કરતાં દયાને શ્રેષ્ઠ માનવામાં આવે છે. કોઈને દાન આપીએ તો તે દાન સમય વીતતાં ભૂલી જવાય છે. જ્યારે કોઈના પર ઉપકાર કર્યો હોય તે ક્યારેય ભૂલશે નહિ. દાનમાં અમુક પ્રકારનો સંબંધ બંધાય છે, દાનમાં કાચા ધાગાનો સંબંધ બંધાતો હોય છે. ક્યારેક એવું પણ બનતું હોય છે. દાન આપનારમાં અહંકાર ઉત્પન્ન થતો હોય છે. દાન પૈસાદાર વ્યક્તિ જ આપી શકે છે. જ્યારે દયા તો કોઈ પણ વ્યક્તિ દાખવી શકે છે. દયાનો દીપ હંમેશા જિંદગીમાં અજવાળતો હોય છે. ગ્રામ કે શહેરમાં નમ્ર બનીને જીવવાથી શાંતિ પ્રસરતી હોય છે. નમ્ર બનીને ન જીવે ત્યારે ગામ કે શહેરમાં ઝઘડાનો જન્મ થતો હોય છે.

જો જીવનમાં વ્યવહાર સારો હોય તો સત્કર્મો થશે અને જીવન સદ્‌ગુણોથી ભર્યું ભર્યું થઈ જાય છે. જીવનમાં નમ્ર ભાવથી જીવન જીવે તો ફાધર વર્ગીસ પોલના શબ્દોમાં કહીએ તો મઘમઘતું જીવન અચૂક બની જાય છે અને બાઈબલમાં પણ ભગવાન ઈસુએ કહ્યું છે, ''નમ્ર પરમસુખી છે, તેઓ ધરતીના ધણી થશે.'' ●



# પરમસખા દુઃખ

✍ રાજેશ ચૌહાણ (આણંદ)

રાહી મનવા દુઃખકી ચિંતા ક્યું સતાતી હૈ,
દુઃખ તો અપના સાથી હૈ

દુઃખ એ આપણા જીવનનો પરમમિત્ર છે. આપણા જીવનમાં દરેક દુઃખ આપણા કલ્યાણના હેતુથી જ યોજાયેલું હોય છે, પરંતુ અજ્ઞાની બનીને આપણે દુઃખનાં રોદણાં રડીએ છીએ. કોઈએ સાચું જ કહ્યું છે કે કુંભારરૂપી પ્રભુ દુઃખરૂપી ટપલાં મારી આપણા આ જીવનરૂપી ઘડાને ઘડે છે અને જગતના બજારમાં આપણી યોગ્યતા વધારે છે. પાનખર પછી જ વસંત આવતી હોય છે. દુઃખ આપણા જીવનનું સરવૈયું છે. દુઃખ તાવ જેવું આકરું તો છે જ પણ કડવી દવા જ આપણો તાવ ઉતારશે. જેમ હથોડી અને ટાંકણાના ઘા પડ્યા વિના સુંદર મૂર્તિ બનતી નથી, નીંભાડે શેકાયા વગર, તાપમાં તપ્યા વગર ઘડો પાકો બનતો નથી તેમ દુઃખ વિના આપણું જીવન પણ સુંદર બનતું નથી. લીલા રંગની મહેંદી પથ્થર પર પીસાઈ-પીસાઈને, ઘુંટાઈને લાલ થાય છે, તેમ માનવ જ્યારે દુઃખોની તાવણીમાંથી પસાર થાય છે ત્યારે જ તેનું વ્યક્તિત્વ ખીલી ઉઠે છે. દુઃખ વેઠ્યા પછી સુખ મળે તે વધુ મીઠું હોય છે.

સંસારમાં દરેક માનવ સુખની ઈચ્છા રાખે છે અને દુઃખથી દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેનાથી વિપરીત સંત આલ્ફોન્સા પ્રાર્થના કર્યા કરતાં કે હે પ્રભુ મને દુઃખ આપ અને તેમણે બધાં જ દુઃખોને હસતે મુખે સ્વીકાર્યા અને આ દુઃખોએ જ તેમને સંત બનાવ્યાં. બાઈબલમાં આપણે વાંચીએ છીએ તે મુજબ યોબ એક પુણ્યશાળી પુરુષ છે, છતાં એને માથે એક પછી એક દુઃખ ઉતરે છે. માલ મિલકત, સંતાનો - બધું ગુમાવ્યા પછી પોતે એક ભયંકર રોગનો ભોગ બને છે. ત્યારે યોબ તે માટે ભગવાનનો દોષ કાઢતો નથી અને કહે છે કે “હું ખાલી હાથે આવ્યો હતો, માતાના ગર્ભમાંથી જનમ્યો ત્યારે અને જ્યાંથી આવ્યો ત્યાં પાછો જવાનો પણ ખાલી હાથે. ભગવાને આપ્યું અને ભગવાને પાછું લઈ લીધું. જે કાંઈ ગુજર્યું છે તે ભગવાનની ઈચ્છાથી ગુજર્યું છે. ભગવાનનું ભલું થાજો.”(યોબ ૧:૨૦-૨૧) વળી તે એમ પણ કહે છે કે “ઈશ્વર જ્યારે સુખ આપે છે ત્યારે આપણે એનો તરત જ સ્વીકાર કરીએ છીએ, પછી એ જ્યારે દુઃખ આપે ત્યારે આપણે એનો કેવી રીતે અસ્વીકાર કરી શકીએ?”(યોબ ૨:૧૦) અને અંતે યોબનો ભાગ્યોદય થાય છે અને તે પહેલાં કરતાં વધુ સમૃદ્ધિ પામે છે.

હકીમ લુકમાન નામના એક વિદ્વાન તેમની યુવાવસ્થામાં એક ધનાઢ્યને ત્યાં ગુલામ હતા. એક દિવસ તેમના માલિકને કાકડી ખાવાની ઈચ્છા થઈ. લુકમાને બજારમાંથી કાકડી લાવીને માલિકને આપી. માલિકે કાકડીનો કટકો મોમાં મૂક્યો. કાકડી કડવી હોવાથી તે કાકડી લુકમાનને આપતાં કહ્યું, “આ કાકડી તું ખાઈ જા.” લુકમાન શાંતિથી આખી કાકડી ખાઈ ગયા. ત્યારે માલિકે પૂછ્યું, “અરે! તને કાકડી જરા પણ કડવી ના લાગી?” લુકમાને જવાબ આપ્યો, “માલિક તમે રોજ મને સ્વાદિષ્ટ વાનગીઓ ખાવા આપો છો. એકાદ દિવસ કોઈ કડવી વસ્તુ આપો તો તે વસ્તુનો મારે આનંદપૂર્વક સ્વીકાર કરવો જોઈએ.” માલિકને તરત જ એક મહાન સત્ય સમજાયું. તેઓએ કહ્યું, “તેં મને એક નવી જીવનદ્રષ્ટિ આપી. તેના બદલામાં હું તને મુક્ત કરું છું.” દયાળુ પરમાત્મા આપણને જીવનમાં અનેક સુખ સગવડો આપે છે. કોઈ વખત થોડું દુઃખ મોકલે તો એ દુઃખનો આપણે સહર્ષ સ્વીકાર કરવો જ રહ્યો. ‘હું જ પ્રકાશ સર્જું છું અને હું જ અંધકાર પેદા કરું છું. સુખદુઃખ એ મારી જ સરજત છે. હું પ્રભુ આ બધું કરું છું.’(યશાયા ૪૫:૬) એટલે જ ભક્ત કવિ નરસિંહ મહેતાએ કહ્યું છે કે,

“સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈના નવ ટળે, રઘુનાથનાં જડિયા.”

દુઃખ પણ પરમાત્માની કલ્યાણકારી યોજનાનો ભાગ છે. ‘તે તમારી શક્તિ બહારની કસોટી નહિ થવા દે. કસોટીની સાથે તે તમને બહાર નીકળવાનો માર્ગ પણ બતાવશે અને તમને ટકી રહેવાનું બળ આપશે.’(૧ કરિન્થ ૧૦:૧૩) જીવનમાં દુઃખનું પણ વિધાયક મૂલ્ય છે. દુઃખ પરમાત્મા તરફથી આપણને મળેલું વરદાન છે. જો આપણા જીવનમાં દુઃખ હોય જ નહિ તો આપણે તંદ્રામાં સરી પડીએ છીએ. દુઃખ માનવીને શું આપે છે? જાગૃતિ આપે છે, જીવનવિકાસની પ્રેરણા આપે છે. ‘કસોટીમાં જે ટકી રહે છે તે પરમસુખી છે.’(યાકોબ ૧:૧૨) પ્રભુને ના કહો કે મારું દુઃખ વિકટ છે, પણ દુઃખને કહો કે મારો પ્રભુ મારી નિકટ છે!

આ સંસારમાં મોટાભાગે ત્રણ પ્રકારના દુઃખી માણસો જોવા મળે છે. (૧) જેઓ બીજાના દુઃખે દુઃખી છે. (૨) જેઓ પોતાના દુઃખે દુઃખી છે. (૩) જેઓ બીજાના સુખે દુઃખી છે.

પ્રથમ નંબરના માણસો ઉત્તમ છે, બીજા નંબરના માણસો મધ્યમ છે અને ત્રીજા નંબરના માણસો અધમ છે. આ જગતમાં કેટલાક માણસો એવા હોય છે જેઓ બીજાના દુઃખને જોઈ શકતા નથી. બીજા દુઃખી માણસોને જોયા પછી એમનું અંતર રડી ઉઠતું હોય છે. બીજા નંબરના દુઃખી માણસો તો આ જગતમાં હાલતાને ચાલતા જોવા મળે છે. કોઈને રોગનું દુઃખ છે, તો કોઈને ગરીબીનું દુઃખ છે.કોઈને પત્નીનું દુઃખ છે, કોઈને સંતાનનું દુઃખ છે, કોઈને પરિવારનું દુઃખ છે. જાતજાતના ને ભાતભાતનાં દુઃખોથી આ માણસો દુઃખી છે. સહુ પોતાના દુઃખોને રડતા હોય છે. હવે રહી ત્રીજા નંબરના માણસોની વાત. આ માણસો બીજાના સુખને, બીજાની પ્રગતિને, બીજાની ઉન્નતિને ક્યારેય સહન કરી શકતા નથી. બીજાની સુખશાંતિ જોઈ તેઓ અંતરમાં બળી બળીને ખાક થઈ જતા હોય છે. આ તમામના મૂળમાં ઈર્ષ્યા, અદેખાઈ અને બીજાને નીચા પાડવાની વૃત્તિ છે. કોઈનાથી દાઝી જવું એના કરતાં કોઈનાથી રાજી થવું બહેતર છે. કોઈના સુખમાં નિમિત્ત બનો પણ ભાગીદાર નહિ અને કોઈના દુઃખમાં ભાગીદાર બનો પણ નિમિત્ત નહિ. તેથી જ કવિ જલન માતરીએ યથાર્થ કહ્યું છે કે,

“કોઈની એબ જોવા વેડફો ના તેજ આંખોનું,
કે એણે આંખો આપી છે સારું દેખવા માટે.”

માણસને પૂછવામાં આવે કે તારે સુખી થવું છે કે દુઃખી? તો જવાબ એ જ મળશે કે મારે સુખી થવું છે. આ સંસારમાં કોઈને દુઃખી થવાની

ઈચ્છા જ નથી તે છતાં કેટલાંક જીવો જ એવાં હોય છે, એમનો સ્વભાવ જ એવો હોય છે કે તેઓ હાથે કરીને દુ:ખી થતા હોય છે. સુખનાં સાધનો વચ્ચે પણ તેઓ દુ:ખી થતાં હોય છે.એમને દુ:ખી બનતાં કોઈ અટકાવી શકતું નથી. મૂરખ માણસ એક જ દુ:ખનો ત્રણ વાર અનુભવ કરે છે, ૧. દુ:ખ આવવાનું છે એની કલ્પના કરીને, ૨. દુ:ખ ખરેખર આવી પડે ત્યારે એ વેઠીને અને ૩. દુ:ખ ચાલ્યુ જાય પછી એને વાગોળીને.

જેને સુખી થવું હોય તેણે પોતાનો અભિગમ બદલી નાખવો જોઈએ. જેઓ હકારાત્મક વલણ ધરાવે છે તેઓ બે દુ:ખની વચ્ચેથી પણ સુખને શોધી કાઢે છે. એ 'બે દિવસ વચ્ચે રાત'ને જોતો નથી પણ 'બે રાત વચ્ચે દિવસ'ને જોતો હોય છે. વધારે સુખી થવા માટે 'જાદુઈ ચાવી'ની જરૂર નથી પણ 'ચાવી જવાની'જરૂર છે. સુખી થવાથી ચેન પડતું નથી અને વધારે સુખી થવાની ચિંતામાં સમય વિતે છે. સુખી વધારે કોને કરવા છે? શરીરને, સામાવાળાને, આપણા મનને કે બીજાની આગળ 'રોલો' પાડવા સુખી થવું છે? વધારે સુખી થવા ઓછાં દુ:ખી થવાની જરૂર છે. આ જગતમાં સુખી કોણ? આ પ્રશ્નનો જવાબ વિચારતા જઈએ તો બધા દુ:ખી છે. એક સાધન સંપન્ન માણસ બીજા દુ:ખીની સરખામણીએ સુખી લાગે પણ એ જ સુખી પોતાના કરતાં વધુ સુખીની અપેક્ષાએ દુ:ખી હોય છે. કોઈએ સાચું જ કહ્યું છે,

"સુખિયા ઢુંઢન મૈ ચલા સુખિયા મિલા ન કોઈ,
જિસ કે આગે દુ:ખ રહું વહ પહેલા ઉઠતા રોઈ"

આમ જોઈએ તો દુ:ખ વિનાના સુખની કોઈ કિંમત નથી. એ સુખનું શું મહત્ત્વ જે થોડીઘણી વેદના અનુભવ્યા વિના જ મળતું હોય? નવ મહિના કાળી વેદના સહન કર્યા પછી જન્મેલું સંતાન માતાની તમામ વેદનાને ભૂલાવી દે છે. ભયંકર તાપ પડ્યા પછી વરસતો વરસાદ કેવો મજાનો લાગે છે. દિવસના તાપ પછી રાતે પડતી ચાંદની કેવી શીતલતા આપે છે. ખંડાલાના બોગદામાંથી પસાર થયા વિના લોનાવાલાની નયનરમ્ય પહાડી પર પણ ક્યાં પહોંચી શકાય છે? જેમ દુનિયામાં દિવસ અને રાત, જીવન અને મૃત્યુ, અમૃત અને ઝેર, દવા અને દર્દ તેમ સુખ અને દુ:ખ તો રહેવાનાં જ. માણસને સુખ પચાવતાં આવડવું જોઈએ અને દુ:ખ સામે હિંમતથી લડતાં પણ આવડતું હોવું જોઈએ. સુખમાં છકી ના જવું અને દુ:ખમાં ડગી ના જવું. બીજી રીતે વિચારીએ તો માનવજીવનમાં દુ:ખની આવશ્યકતા છે. સુખમાં છકી ના જવાય માટે કેટલાક લોકો પ્રભુ પાસે દુ:ખની માંગણી કરતા હોય છે. Every disappointment is God's appointment.આજના દુ:ખમાં જ સુખની આશા સમાયેલી છે. મહાભારતમાં એક સરસ પ્રસંગ આવે છે. યુદ્ધ પૂર્ણ થયા બાદ શ્રીકૃષ્ણ પાંડવો પાસેથી વિદાય થતાં પહેલાં કશું માંગવા કહે છે ત્યારે માતા કુન્તા માંગે છે કે "હે પ્રભુ અમને હંમેશા દુ:ખ જ આપજો કારણ કે અમોએ અમારા દુ:ખના સમયે હંમેશા તમોને જ યાદ કર્યા છે અને હરપળે તમોએ આવી અમારી રક્ષા કરી છે. અમોને દર્શન આપ્યાં છે. તેથી ડગલે ને પગલે ભલે દુ:ખ આવે, જેથી અમો તમારી ભક્તિ કર્યા કરીએ અને તમારા શરણે રહી શકીએ." આ વાતને જ એક શાયરે એક શેરમાં કહી છે,

'ઝહિદ' મને રહેવા દે તબાહીભર્યા ઘરમાં,
મસ્જિદથી વધારે અહીં આવે છે ખુદા યાદ.

આપણા જીવનમાં કોઈ ઘટના બને એટલે તેને સીધી જ કમ્પ્યુટર સિસ્ટમ સાથે જોડીને વિચારવું જોઈએ. કમ્પ્યુટર પર આપણે કોઈ કામ કરીએ અને એ પ્રોગ્રામ સીધો બંધ કરીએ ત્યારે કમ્પ્યુટર સવાલ કરે છે કે, 'ડુ યુ વોન્ટ ટુ સેવ ચેન્જીસ?' આપણે યસ કરીએ તો જ એ સેવ થાય છે. આપણે જિંદગીની કેટલી ઘટના પછી દિલને પૂછીએ છીએ કે, 'ડુ યુ વોન્ટ ટુ સેવ?' જો સેવ કરવા જેવી ન લાગે અને તેને જવા દઈએ તો જિંદગીનું અડધું સુખ આપોઆપ મળી જશે. આપણને તો બધું સંઘરવાની આદત પડી ગઈ છે. કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' કહે છે તેમ,

"હોય સુખ કે દુ:ખ વધાવી લે સહજ,
કોઈ ક્યાં કાયમ રોકાતાં હોય છે?"

બીજી બધી વાત બાજુ પર રાખી..... છેલ્લે એક વાત પર આવીએ..... આ જગતમાં કોઈ કોઈને સુખી કરતુ નથી અને કોઈ કોઈને દુ:ખી કરતુ નથી. આપણા સુખ દુ:ખ માટે ખુદ આપણે જ જવાબદાર છીએ. સુખનો આધાર ખુદના એટલે કે પોતાના પર છે. તમારા સિવાય તમને કોઈ સુખી કરી શકે નહિ. જો સુખી થવું હોય તો સુખની જેમ દુ:ખનો પણ સ્વીકાર કરીએ. મને અતિપ્રિય એક ફિલ્મગીતની એક પંક્તિથી આ લેખનું સમાપન કરું છું.

"ગમ ઔર ખુશીમે ફર્ક ન મહેસુસ હો જહાં,
મૈં દિલ કો ઉસ મુકામ પે લાતા ચલા ગયા." ●

## કેથોલિક ચર્ચના પ્રવક્તા



'લાંબા સમયથી કેથોલિક ચર્ચ- ગુજરાત માટે કોઈ પ્રવક્તાની શોધ આરંભી હતી. વિવિધ સ્તરે સંપર્ક કર્યા બાદ કેથોલિક ચર્ચ- ગુજરાતના પ્રવક્તા તરીકે હું ફાધર ડૉ. વિનાયક જાદવ એસ.જે.ની નિમણૂક કરું છું. ફાધર ડૉ. વિનાયકને અભિનંદન આપતાં, પ્રાર્થના કરીએ જેથી આ નવી જવાબદારી- પ્રેષિતિક કાર્ય સફળતા પૂર્વક પાર પાડે.'

*– આર્ચબિશપ થોમસ મેકવાન, ધર્માચાર્યનિવાસ, ગાંધીનગર મહાધર્મપ્રાંત, ગાંધીનગર.*

સેંટઝેવિયર્સ કોલેજ, અમદાવાદમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત, 'દૂત'ના માનદ્તંત્રી તથા 'આદિલોક'ના પ્રકાશક તથા મુદ્રકની જવાબદારી વહન કરતા ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.ની કેથલિક ચર્ચ ગુજરાતના પ્રવકર્તાની નિમણૂક માટે અભિનંદન અને શુભેચ્છા. *– 'દૂત' પરિવાર*



# પંચાયતી રાજ

✍ શૈલેષ ક્રિસ્ટી

*સહતંત્રી 'દૂત'*

પંચાયતી રાજ મુખ્યત્વે દક્ષિણ એશિયાના ભારત, પાકિસ્તાન અને નેપાળ જેવા દેશોમાં કાર્યરત એક રાજકીય પ્રથા છે. પંચાયતી શબ્દ પંચ + આયાત ઉપરથી બનેલ છે. પંચ એટલે પાંચ વડીલોનો સમૂહ તથા આયાત શબ્દ વિધાનસભામાંથી લેવામાં આવેલ છે. જ્યારે રાજ એટલે શાસન ચલાવવું એવો અર્થ થાય છે. આમ પંચાયતી રાજ એટલે સ્થાનિક લોકો દ્વારા પાંચ વડીલોના સમૂહને પસંદ કરવામાં આવે છે, જે શાસન ચલાવે છે. તેને પંચાયત કહેવામાં આવે છે.

આઝાદીના સમયે લગભગ ૯૦% લોકો ગામડામાં વસતા હતા. ૭૦ થી ૮૦% લોકો નિરક્ષર હતા. દેશના વિકાસ માટે ગામડાનો વિકાસ જરૂરી હતો. વળી મોટાભાગનાં ગામ ખેતી ઉપર આધારિત હતા. આમ દરેક ગામડાનો વિકાસ પોતાના જ લોકો દ્વારા કરી શકાય અને આર્થિક, સામાજિક, અર્થવ્યવસ્થાના સંદર્ભમાં પોતાના ગામના પ્રશ્નો પોતાની રીતે હલ કરી શકાય તે હેતુથી મહાત્મા ગાંધીએ આઝાદીકાળથી જ પંચાયતી રાજની હિમાયત કરી હતી.

**પંચાયતી રાજનાં મૂળ :** ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો સિંધુ નદીના પ્રદેશમાં એક પછી એક અનેક આર્યકુળો પોતાના પશુઓના ચારાની શોધમાં રહેતાં હતાં. ધીમે ધીમે પોતાનાં પશુઓના ઘાસચારા અને જીવનનિર્વાહ માટે આર્યો ખેતી કરે છે. ધીમે ધીમે આર્યોની ટોળી વચ્ચે સંઘર્ષ થાય છે. આથી કેટલીક ટોળીઓ ગંગાના મેદાનોમાં સ્થળાંતર કરે છે. આ ટોળીઓને 'જનપદ' કહેવામાં આવતી હતી.

'જન' એટલે લોકો. 'પદ' એટલે જ્યાં સ્થિર થયાં તે. 'જનપદ'માં મોટાભાગે એક જ કુળના લોકો વસવાટ કરતા હતા. કુળના વડાને 'કુળપતિ' તરીકે ઓળખાતા હતા. કુળપતિ કુળના હિત માટે નિર્ણયો કરતાં હતા. સમય વીતતાં એક કુળના આર્યોમાં, બીજા કુળના આર્યોને કે ભારતમાં વસતા મૂળ નિવાસી લોકોનો સમાવેશ 'જનપદ'માં થવા લાગ્યો. આમ સમય વીતતાં જનપદ ગામ બન્યુ અને ગ્રામસભાની શરૂઆત થઈ તેને પંચાયતી રાજના મૂળ ગણી શકાય.

આઝાદી બાદ સને ૧૯૫૧માં પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆત થઈ. જેમાં ખેતી અને ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. સને ૧૯૫૬માં બીજી પંચવર્ષીય યોજનાની શરૂઆત થઈ જેમાં મહેસુલી ખર્ચની જોગવાઈ માટે ગૃહમંત્રી શ્રી ગોવિંદ વલ્લભ પંતની અધ્યક્ષતામાં અનેક જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવી આ સમિતિઓ પૈકી એક સમિતિ સામુદાયિક વિકાસ માટે અને રાષ્ટ્રીય વિસ્તરણ દ્વારા ગ્રામ વિકાસ હતી.

આ સમિતિના અધ્યક્ષ શ્રી બળવંતરાય મહેતા હતા. સને ૧૯૫૬ માં સમિતિની રચના થઈ જેણે ૧૯૫૭માં પોતાની ભલામણો રજૂ કરી જેમાં

૧. ત્રિસ્તરીય પંચાયતોની રચના કરવી.
૨. ગ્રામ વિકાસની યોજનાઓ પંચાયત હસ્તક અને ૧૦૦% ખર્ચની જોગવાઈ
૩. પંચાયતોને કરવેરા ઉઘરાવવાની સત્તા મુખ્ય હતી.

બળવંતરાય મહેતાની સમિતિની ભલામણોને આધારે શ્રી જવાહરલાલ નહેરુએ સૌ પ્રથમ રાજસ્થાનના નાગોર જિલ્લામાં તા. ૨-૧૦-૧૯૫૯ના રોજ પંચાયત રાજની શરૂઆત કરી હતી. જેના પરિણામે આજે નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ અને કેન્દ્રશાસિત પ્રદેશને બાદ કરતાં સમગ્ર ભારતમાં પંચાયતી રાજ પ્રથા અમલમાં આવેલ છે.

ગુજરાતના સંદર્ભમાં જોતાં સને ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. સ્થાપનાના બે જ મહિનામાં ગૃહમંત્રીશ્રી રસિકલાલ પરીખની અધ્યક્ષતામાં ૧૫ સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી જે સમિતિનું નામ 'લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિ'. આ સમિતિની ભલામણોના આધારે ગુજરાત પંચાયત અધિનિયમ૧૯૬૧ ઘડવામાં આવ્યો. ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાનો મુખ્ય હેતુ ગાંધીજીના આદર્શ મુજબ ગ્રામોધ્ધારની સાથે સાથે જુદા જુદા વર્ગોના લોકોના અધિકારોનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાનો હતો.

આ ધારા મુજબ

૧. મહિલા, અનુસુચિતજાતિ, અનુસુચિતજનજાતિમાટેઅનામત
૨. ત્રણેય સ્તર પર સામાજિક ન્યાય સમિતિ
૩. ત્રણેય સ્તર પર સીધી ચૂંટણી
૪. સરપંચની મતદાતા દ્વારા સીધી ચૂંટણી
૫. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે

### ગુજરાતમાં પંચાયતીરાજની વિશેષતા

- સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય એક એવું રાજ્ય છે જ્યાં નિયમિત દર પાંચ વર્ષે લોકશાહી ઢબે ચૂંટણીઓ થાય છે.
- સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યમાં જ સૌ પ્રથમ હરિજન જેવા નબળા લોકોના કલ્યાણ માટે સામાજિક ન્યાય સમિતિની રચના કરવામાં આવેલ છે. એટલું જ નહિ સામાજિક ન્યાય સમિતિને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.
- પંચાયતોનો વહીવટ સારી રીતે ચાલે અને લોકાભિમુખ બની રહે તે હેતુથી રાજ્યમાં શ્રેષ્ઠ ગ્રામ પંચાયતની હરિફાઈ યોજવામાં આવે છે.
- કેટલાંક ગામડાંઓમાં સ્થાનિક રાજકીય કાવાદાવાથી દુર રહીને ગ્રામ્ય હિતને ધ્યાનમાં રાખીને સમરસ પંચાયત થાય છે તે હકારાત્મક બળ છે.
- ગુજરાતમાં મહેસુલી આવકની પુરેપુરી રકમ પંચાયતને ફાળવવામાં આવે છે.

- સ્થાનિક પંચાયતી રાજના નેતાઓને રાષ્ટ્રીય રાજકારણમાં મહત્ત્વનું ચાલક બળ ગણવામાં આવે છે. આથી જ વિધાનસભા અને સંસદસભાના સભ્યો પંચાયતી રાજ માટે બંધારણીય ૭૩માં સુધારો કરી બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો. પંચાયતી રાજ ધારામાં ૭૩મા સુધારાની અગત્યની બાબતો આ મુજબ છે.

૧. ૧૫૦૦૦ સુધીની વસ્તી માટે ગ્રામ પંચાયત અને એથી ઉપરની વસ્તી માટે નગરપાલિકા

૨. મતાધિકાર માટે ૧૮ વર્ષે નક્કી કરવામાં આવ્યો જ્યારે સભ્યપદ માટે ૨૧ વર્ષ

૩. વીસ લાખથી ઉપરની વસ્તીવાળા રાજ્યના ત્રિસ્તરીય અને વીસ લાખથી ઓછી વસ્તી ધરાવતા રાજ્યમાં દ્રિસ્તરીય પંચાયતી રાજ

૪. મહિલા માટે ૧/૩ બેઠકોનો અમલ

૫. અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે વસ્તીના ધોરણે અનામતની જોગવાઈ

૬. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૧૦% અનામતની જોગવાઈ

૭. મુદત-૫ વર્ષ અને રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચુંટણી પ્રક્રિયા

૮. અનુસુચિત વિસ્તારો માટે અલગ પ્રબંધ.●

## સ્મરણાંજલિ



**સ્વ. માઈકલ કાનીસ પરમાર**
જન્મ : ૨૦-૦૮-૧૯૩૧
અવસાન : ૦૫-૦૧-૨૦૧૦



**સ્વ. મરિયમ માઈકલ પરમાર**
જન્મ : ૦૬-૧૨-૧૯૩૩
અવસાન : ૦૫-૦૨-૨૦૧૪

સ્મિત ફરકાવતા તમે તો ચાલ્યાં ગયાં.
તમારી યાદમાં અમે તો આંસુ વહાવતાં રહ્યાં.
આંખો હજી નિહાળે છે તમને, અંતર હજી પોકારે છે તમને,
સ્મરણ થાય છે જ્યારે તમારું, મન મૂકીને રડાવે છે અમને.

"છતાં એક મીઠું આશ્વાસન છે આલોકે,
પુનરુત્થાનની પ્રભાતે મળશું પરલોકે."

**સમગ્ર માઈકલ પરિવાર**
*આરાધના સોસાયટી, પેટલાદ*

## પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ

**સ્વ. વિલ્યમભાઈ એમ. મેકવાન**
જન્મઃ ૧૫-૦૬-૧૯૩૫
અવસાનઃ ૨૬-૧૨-૨૦૧૬



જીવનભર પરિશ્રમ કરી, પરિવારને સમૃદ્ધ બનાવી, સૌને સુખ અને શાંતિ આપતા ગયા. આપની ઉદારતા, લાગણીશીલ, મિલનસાર, શાંત અને સાલસ સ્વભાવ, કૌટુંબિક ભાવના, નિખાલસતા, મૂકસ્નેહ, પ્રબળ પુરુષાર્થ, પ્રભુ પરમેશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધા, સહનશીલતા અને શાણપણ જેવા ગુણો સદા અમારા હૈયામાં અખંડ રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ હૃદયપૂર્વકની પ્રાર્થના.

**લિ. નિર્મળા જે. મેકવાન તથા પરિવાર - વડોદરા**
**માર્થાબેન વી. મેકવાન તથા પરિવાર - ડભાણ**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. સીમોનભાઈ યાકુબભાઈ મેકવાન**
જન્મઃ ૧૯-૦૪-૧૯૫૦
અવસાનઃ ૦૬-૦૨-૨૦૧૬



આપની અણધારી વિદાયને હજુ અમારું મન માનવા તૈયાર નથી. એક પણ એવી પળ વીતી નથી કે અમને તમારી યાદ આવી ન હોય.

પપ્પા, આપ અમારી મધ્યે નથી છતાં અમારી આંખો હજી પણ તમને "શ્રદ્ધા"માં શોધે છે. આપની છાયા હવે અમને ક્યાંય નહિ મળે તે વિચારતા જ આંખો ભીંજાઈ જાય છે.

પરમકૃપાળુ પરમપિતા આપના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના સહ.

**આપની યાદમાં દુઃખીત પરિવાર**
**પુષ્પાબેન એસ. મેકવાન, સ્મિતાબેન જે. ચૌહાણ**
**સપનાબેન એ. મેકવાન, સુજલ, આન્સુ, સ્વ. સ્ટીવન**
*ખ્રિસ્તી ફળિયું, વડોદ*

# પાંચમી વાર્ષિક પુણ્યતિથિ

**"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."**



## સ્વ. મણીબેન મંગળભાઈ પરમાર

### સ્વર્ગગમન: ૨૧-૦૨-૨૦૧૨


**પૂજ્ય મા,**

જીવનભર સખત પરિશ્રમ કરી, ખૂબ જ દુઃખો સહન કરી, દુઃખોથી જરા પણ ડર્યા સિવાય શૂન્યમાંથી સર્જન કરી પરિવારને તમામ રીતે સમૃદ્ધ બનાવી, સૌને સુખ અને શાંતિ આપતાં ગયાં. આપની ઉદારતા, લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના, નિખાલસતા, સહનશીલતા હૈયામાં અખંડ રહેશે. આપે આપેલ પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય મહેંકતી રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને કાયમ પરમ શાંતિ અર્પે એજ હૃદયપૂર્વકની પ્રાર્થના.

**લિ. રમેશભાઈ એમ. પરમાર**
**(નાયબ નિયામક (નિવૃત્ત) સામા. ન્યાય અને અધિ. વિભાગ, ગુજરાત સરકાર)**
**નૂતનબેન રમેશભાઈ પરમાર**
**જિજ્ઞાસુ, ઉન્નતિ-પ્રકાશ**
*૧૧, નિલગીરી પાર્ક સોસાયટી, નવજીવન કોલોની પાસે, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરિયા, આણંદ*

# પ્રથમ શ્રદ્ધાંજલિ ત્રીસમી શ્રદ્ધાંજલિ







**સ્વ. ડાહીબેન શિવાભાઈ પરમાર**
જન્મ: ૧૨-૧૨-૧૯૨૫
અવસાન: ૦૬-૦૨-૨૦૧૬

**સ્વ. શિવાભાઈ હિરાભાઈ પરમાર**
જન્મ: ૨૧-૧૦-૧૯૨૪
અવસાન: ૨૮-૦૨-૧૯૮૭

અમે કોને કહીશું 'માબાપુ' હવે?
તમ વિના સર્વ ખાલી લાગે, લીલીવાડી મૂકીને ગયા.
દુઃખનો દરિયો વેઠીને અમને સુખનાં સાગરમાં તરતા મૂકી ગયા.

અંતર હજુ પોકારે છે માબાપુ તમને. હજુ તો "બાપુ શબ્દ અમારા દિલમાંથી વિસરાયો નથી ત્યાં અચાનક આપ 'મા' અમોને છોડી ચાલ્યાં ગયાં.

વ્હાલા બાપુ, તમે જીવનભર સખત પરિશ્રમ કરી પરિવારને સમૃદ્ધ બનાવ્યો. તમારા આશિષથી અમ સૌને સુખશાંતિ આપતા ગયા.

વ્હાલી મા, હજી આંખો નિહાળે છે તમને. 'હૈયું હજી પોકારે તમને.' જ્યારે જ્યારે સ્મરણ થાય છે તમારું, ત્યારે ત્યારે હૈયું રડાવે છે અમને. મન હજી માનતું નથી તમારી વિદાયને, હરપળ યાદ આવે છે તમારી, આંસુ કદી સુકાશે નહિ, જિંદગીભર ભુલાશે નહિ, યાદ અમી ભરી તમારી!

મા-બાપુજી પ્રેમ એ જ અમારું પુણ્ય. ફરી મળીશું પુનરૂત્થાનની પ્રભાતે એ જ છે દિલની પ્રાર્થના. પરમેશ્વરપિતા આપના આત્માને શાંતિ આપે, એ જ અભ્યર્થના.

**લિ. અશોકભાઈ શિવાભાઈ પરમાર, સરોજબેન અશોકભાઈ પરમાર તથા સમગ્ર પરિવાર**
*નિર્મલનગર સોસાયટી, ગામડી-આણંદ*

# સ્મરણાંજલિ



## સ્વ. શ્રી રમેશ વાઘેલા
## ફેબ્રુઆરી ૨, ૧૯૫૦ – ફેબ્રુઆરી ૮, ૨૦૧૪

જીવન બીજ છે. પ્રેમ, સ્નેહ, સંવેદના, સમજણ એમાંથી અંકુરિત થતું મુલાયમ મોહક ફૂલ છે. હાસ્ય, આનંદ, સંતોષ, સુખની અનુભૂતિ એની સુગંધ છે. જે ભરપૂર જીવે છે, એમને મોતનો એટલો ડર રહેતો નથી અને એમના પરિવારને એમના મૃત્યુ પછી એટલો અફસોસ, વસવસો થતો નથી. કશી અધૂરપ લાગતી નથી. રમેશજી ભરપૂર જીવ્યા છે.

એ ખરું કે મોત હસ્તીને મિટાવી દે છે. અસ્તિત્ત્વનો કણ કણ વિખરાવી દે છે પણ આપણી પાસે સ્મૃતિશેષ જે બચે છે તે યાદો રહે છે. વ્યક્તિ સ્મરણમાં, સપનામાં, અહેસાસમાં, સંવેદનામાં આપણી આસપાસ જીવતી રહે છે. રમેશજી સતત અમારી સાથે અમારી મધ્યે જીવે છે.

| | |
|---|---|
| કેવલ ટાવર્સ | **શ્રીમતી આગ્નેસ રમેશ વાઘેલા** |
| આણંદ | **તથા પરિવાર** |

# તૃત્તીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ


આંખો ભીની કરી ગયા તમે,
યાદ યાદમાં વાત કરી ગયા તમે,
જીવનમાં ખાલીપો કરી ગયા તમે,
જીવન જીવવાનું શીખવી ગયા તમે,
જિંદગીમાં અહેસાસ બની રહી ગયા તમે,

જોતજોતામાં ત્રણ વરસ વીતી ગયાં,
પળના વિલંબ કર્યા વિના,
આંખમાં આંસુ છલકાવી, હૃદયમાં સન્નાટો
પ્રસરાવી, જીવનમાં
ખાલીપો મૂકી ચાલ્યા ગયા તમે પ્રભુ ધામમાં.

તમારો ઉદાર અને દયાળુ સ્વભાવ,
વાણી વર્તનમાં મીઠાશ, હાસ્યમધુર ચહેરો
બધાનાં દિલમાં રહી ગયાં, તમે આપેલ
પ્રેમ અને સંસ્કારની મહેંક સદાય
મહેંકતી રહેશે અમારા જીવનમાં.

તમે અધૂરી આશ સાથે આ દુનિયા છોડી ચાલ્યા
ગયા પ્રભુધામ. તમારી અમૂલ્ય ખોટ સાલશે
દરેક પ્રસંગમાં એ ખોટ પૂરાશે નહીં, પણ ઈશ્વરની
મરજી અમ સહુએ સ્વીકારવી જ રહી.

અમારા જીવનના સમયચક્રને ફરી ચલાવવા
ઈશ્વર થકી આશીર્વાદ સદા વરસાવતા રહેજો.
પુનરુત્થાનની પ્રભાતમાં ઈશ્વર સંગ ફરી મળીશું.
ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.



**સ્વ. શશીકાન્ત ત્રિકમભાઈ વાઘેલા**

જન્મ : ૧૪-૦૫-૧૯૬૦

અવસાન : ૨૨-૦૨-૨૦૧૪

**લિ. સુશીલાબેન શશીકાન્ત વાઘેલા**
**તથા સમગ્ર પરિવાર -**
*વંદનાપાર્ક સોસાયટી, મરીયમપુરા-પેટલાદ*

## પ્રથમ માસિક પુણ્યતિથિ



**સ્વ. અંજલી દિનેશ મેકવાન**
**(ધો.૧૨ સંત જોસેફ શાળા, વડોદરા)**

જન્મઃ ૨૨-૦૮-૨૦૦૦

અવસાનઃ ૧૯-૧૨-૨૦૧૬

આનંદના મર્મ સાથે અંજલી, ભગવાન ઈસુનો જન્મદિવસ મનાવવા માટે બાળઈસુનું તેડું તે સ્વીકાર્યું. અને સ્નાનસંસ્કાર, ખ્રિસ્તપ્રસાદ અને બળસંસ્કાર લઈ આ પૃથ્વી પરનું ૧૬ વર્ષનું ટૂંકું જીવન વિતાવી ખોવાઈ ગઈ. અમો માતા-પિતા તને શોધીએ છીએ. પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**આભારઃ** *અમારી દીકરીના દુઃખદ અવસાન પ્રસંગે અમારી પડખે રહી સાથ, સહકાર અને દિલાસો આપ્યો છે. તે બદલ ફાધરો, સિસ્ટરો, શિષ્યગણ, વિદ્યાર્થીમિત્રો, સગાંસ્નેહીઓ, ટી.પી.૧૩ પરિવારનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.*

**લિ. દુઃખી માતા-પિતા**
**દિનેશભાઈ ઉકાભાઈ મેકવાન, કરૂણાબેન દિનેશભાઈ મેકવાન (ભૂમેલ)**
*U.M.C. ૨/૨૪, ટી.પી.૧૩, વડોદરા*

## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સાબીનાબેન ફ્રાન્સિસભાઈ પરમાર**

જન્મઃ ૦૭-૧૦-૧૯૬૦

અવસાનઃ ૦૭-૦૨-૨૦૧૫

પ્રિય સાબીના,

તારી અણધારી વસમી વિદાયને બે વર્ષ વહી ગયાં તોયે અમારું મન માનવા તૈયાર નથી. હરરોજ કુટુંબમાં તારી મોટી ખોટ પડી છે. તને અંજલિ આપતાં, તારી સાથે વિતાવેલાં સંઘર્ષમય વર્ષો, તારા પ્રેમ, હૂંફ અને લાગણીશીલ સ્વભાવ એવી તારી સ્મૃતિ અમારા હૈયામાં ઊભરાય છે. સુખ તથા દુઃખમાં અમને જે સાથ આપ્યો. એ આભાર માનવો પણ ઓછો પડે છે. પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

**લિ. એજ તારી યાદમાં**
**ફ્રાન્સિસ સીમોન પરમાર, તારી દીકરીઓ : શ્વેતા અને અંકિતા**
**તથા સમસ્ત પરિવાર - વડોદ**

## તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. વિમળાબેન જે. મેકવાન**

જન્મઃ ૦૫-૦૧-૧૯૪૮

અવસાનઃ ૨૫-૦૨-૨૦૧૪

વ્હાલી મમ્મી,

અમો આપનાં ઋણી છીએ. અમો ભાઈ-બહેન માટે તમોએ ઘણું બધું કર્યું હતું. તમે અમને મોટાં કરવા અને સફળ બનાવવા માટે તમારું સર્વસ્વ હોમી દીધું. તમે માત્ર અમારા માટે જ જીવ્યાં. તમારું જીવન તો જીવ્યાં જ નહીં. તમે પ્રત્યેક વ્યક્તિ માટે ખૂબ જ પ્રેમાળ હતાં. અન્ય વ્યક્તિ માટે કશુંક કરી છૂટવાનું તમોએ જ અમને શીખવ્યું હતું. તમારું જીવન સતત પ્રાર્થનામય અને પવિત્ર હતું. પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. મેકવાન જોન આપીયાન તથા સમગ્ર દુઃખી પરિવાર**
*"પવિત્રકુંજ", રંગાઈપુરા, પેટલાદ*

## શ્રદ્ધાંજલિ



**સ્વ. સ્મૃતિ સંજય મેકવાન**

જન્મઃ ૦૫-૧૦-૧૯૭૮

અવસાનઃ ૦૬-૦૨-૨૦૧૧

અંજલિ આપતાં શબ્દો ખૂટે છે, શ્રદ્ધાંજલિ આપતાં પુષ્પો ખૂટે છે

પ્રિય લાડલી સ્મૃતિ,
તમે સાથ છોડીને ચાલ્યાં ગયાં
પણ યાદ તમારી ભૂલાતી નથી
અંતર વલોવાઈ આંખો ભરાઈ
અમ આંખ કદી સુકાતી નથી
ભર યૌવનમાં સૂર્યાસ્ત થયો
હસતો ચહેરો ક્યાં વિલીન થયો
પ્રભુ રાખ તું ગોદમાં લાડલીને
સ્મૃતિ આશિષ દે પરિવારને
પુનરૂત્થાનની પ્રભાતે મળીશું
એજ આશાએ શ્રદ્ધાંજલિ.

**તારી યાદમાં અને પ્રાર્થનામાં**
**અશોકકુમાર તિમોથી વાઘેલા**
**અને સમસ્ત પરિવાર - ગાંધીનગર**

# ધર્મવસુધા

## વિકલાંગ બાળકો માટે કેન્દ્ર

**કેમરૂનઃ**આફ્રિકન દેશોમાં સૌથી વધુ વિકલાંગ બાળકોની ઘટના કેમરૂનમાં જોવા મળેલ છે. યુનિસેફ સંસ્થાના અનુમાન મુજબ ૨ થી ૯ વર્ષનાં ૨૩ ％ બાળકો માનસિક અને શારીરિક વિકલાંગતા સાથે જીવે છે. મેલેરિયા, કુષ્ટ રોગ તથા કુપોષણ જેવા રોગના કારણે આવી વિકલાંગતા જન્મે છે. ૩૫ વર્ષ પહેલાં દક્ષિણ કેમરૂનમાં એક સામાજિક સંગઠન 'દોકિતા ઓનલુસે' ઘણા કેન્દ્રોની સ્થાપના કરી હતી, જેમાં સંગ મેલના નામના સ્થળે 'ફોયર દે એસપેરાંસ' નામનું કેન્દ્ર છે, જ્યાં પ્રતિવર્ષે ૬૦૦૦થી વધુ વિકલાંગ બાળકો તથા યુવાઓની સારવાર કરવામાં આવે છે. તેમને દવાઓ આપવામાં આવે છે અને તેમના પુનઃવસનની વ્યવસ્થા કરવામાં આવે છે.

સિસ્ટર લાઉરા પિગુઆરાએ જણાવ્યું હતું કે આવાં કેન્દ્રો વિકલાંગ માટે અગત્યનાં અને આશાનાં કેન્દ્ર સાબિત થયેલ છે. 'ફોયર દે એસપેરાંસ'ના સમર્થનમાં દોકિતા ઓનલુસે એક ચળવળની શરૂઆત કરી હતી. '૨૮મી જાન્યુઆરી સુધી બધા સરખા' અંતર્ગત નાંણા એકત્ર કરવામાં આવેલ અને આ નાણાંથી ફિઝ્યોથેરાપી માટે નવા સાધનો ખરીદવા, કૃત્રિમ અંગ અને પ્રયોગશાળા માટે, તેમજ બાળકોના પ્રાથમિક શિક્ષણ માટે તેમજ સામાજિક પરિયોજનાઓ ચલાવવા માટે આ નાણાંનો ઉપયોગ કરવામાં આવશે.

માનસિક અને શારીરિક વિકલાંગો માટે આર્થિક અને સાંસ્કૃતિક દઢીકરણ માટે આ નાણાંનો ઉપયોગ કરવામાં આવે છે.

*— વેટિકન રેડિયો દ્વારા*

## ગરીબોની સેવા માટે પ્રસંશા

**કોલામ્બો(શ્રીલંકા):** ૩૦ મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ શ્રીલંકન પ્રેસિડેન્ટ મૈત્રીપાલા શ્રીસેનાએ પોતાના નિવાસસ્થાને ફેડરેશન ઓફ એશિયન બિશપ્સ કોન્ફરન્સ(FABC) ના પ્રતિનિધિઓને મુલાકાત આપી હતી અને છેલ્લા દાયકામાં યુદ્ધથી અસરગ્રસ્ત પ્રદેશમાં જરૂરિયાતમંદ પ્રત્યેની તેમની સેવાનાં ભરપૂર વખાણ કર્યા હતાં.

"આપે ફેડરેશનની અગિયારમી સામાન્ય સભા માટે શ્રીલંકાની પસંદગી કરી તે આવકારવાદાયક બાબત છે, શ્રીલંકાની ધર્મસભા ગરીબોની સહાયતામાં અગ્રેસર છે તે સૌ કોઈ પણે છે. મેં થોડા અઠવાડિયાં પહેલાં જ 'ગરીબી હટાવો-૨૦૧૭ વર્ષ' જાહેર કર્યું છે." આ સામાન્ય સભામાં ૧૪૦ ધર્માધ્યક્ષશ્રીઓ, કાર્ડિનલ તેમજ પુરોહિતગણે એશિયન ધર્મસભામાં પારિવારિક મૂલ્ય, જરૂરિયાતમંદની ધર્મસભા તથા દયાવાન મિશન જેવા વિષયોની ચર્ચા વિચારણા કરી હતી. *– UCAN*

## અણુશક્તિ નાબુદી અભિયાન

**ટોકિયો(જાપાન):** ૧૧ નવેમ્બર,૨૦૧૬ના રોજ ફુકુશિમા દાઈચિ ન્યુક્લીયર ડિઝાસ્ટરની દુર્ઘટનાના બરાબર સાડા પાંચ વર્ષ બાદ બિશપ કોન્ફરન્સ ઓફ જાપાન દ્વારા સમગ્ર વિશ્વમાંથી અણુશક્તિ નાબુદી અભિયાનની પહેલ કરવામાં આવી હતી. 'અણુ ઊર્જા ઉત્પાદન પર નાકાબંધીઃ કેથોલિક જાપાનીસ ધર્મસભાની હાકલ' સંકલ્પપત્રની ઘોષણા દ્વારા અણુશક્તિ નિઃસ્ત્રીકરણની દિશાનાં આગેકૂચ કરી હતી. આ જ દિવસે જાપાનીસ વડાપ્રધાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને અણુઉર્જા ઉત્પાદન તકનીકી ભારતમાં નિકાસ કરશે તેવા કરાર પર, બન્ને સરકારના સહી સિક્કા કરવામાં આવ્યા હતા.

'ધરતી આપણું ઘર', ની માન્યતા સ્વીકારનારાઓ અમે સૌ હાથ જોડીને, સંકલ્પ કરીને, અણુ ઉર્જા ઉત્પાદન કાર્યક્રમને નાબૂદ કરવા વફાદારીપૂર્વક ઘોષણા કરીએ છીએ. વિશ્વવ્યાપી માતા ધર્મસભાને આ અંગે ટહેલ નાખીએ છીએ. ફુકુશિમા અણુ ઉત્પાદન કેન્દ્રને કારણે થયેલ નુકસાનનો અનુભવ જાપાનીસ પ્રજાને થયો છે, એટલે અનુભવમાંથી પદાર્થપાઠ મેળવીને એકલપંથે આગળ આવીને પણ સમગ્ર દુનિયાવાસીઓને અણુ ઉર્જા ઉત્પાદન કેન્દ્ર, કેટલાં જોખમકારક છે તેની જાણકારી આપી તેને નેસ્તનાબુદ કરવા વિનંતિ કરીએ છીએ. જાપાનીસ કોન્ફરન્સે આ નિવેદનપત્ર સંદેશ પોતાની વેબસાઈટ પર અંગ્રેજી, જર્મન તથા કોરિયન ભાષામાં રજૂ કર્યો છે. સંદેશમાં જાપાનીસ સરકારના અણુઉર્જા વિસ્તરણ કાર્યક્રમને પણ વખોડી કાઢ્યો છે.

ઓક્ટોબર-૨૦૧૬ માં કોન્ફરન્સ દ્વારા પ્રકાશિત ૨૯૦ પાનનાં વિરોધમાં તત્વજ્ઞાન આધારિત મુદ્દાઓને રજૂ કરવામાં આવ્યા છે. ૨૨નવેમ્બર, ૨૦૧૧માં ૭.૪ માત્રાનો ધરતીકંપ અને તેના કારણે આવેલ ત્સુનામીએ જાપાનના રહેણાંક વિસ્તારોને કાટમાળમાં ફેરવી નાખ્યા હતા, એ અનુભવની યાદ હજુ પણ કંપાવે એવી છે. અણુકેન્દ્રમાં જો ભંગાણ પડ્યું હોત તો અંદાજે ૭૦૦થી વધારે લોકો મોતને શરણ થયા હોત.

*— સૌજન્ય UCAN*

**તપઋતુની સાધના માટે શુભેચ્છા**
**:: આરંભ ::**
**૧ માર્ચ, ૨૦૧૭, ભસ્મ બુધવાર**


### દ્વિતીય પુણ્યતિથિ



**સ્વ. મેકવાન ફિલિપભાઈ જોસેફભાઈ**
જન્મ: ૧૨-૧૧-૧૯૪૧ ★ અવસાન: ૭-૨-૨૦૧૫

"હું જ પુનરૂત્થાન છું, હું જ જીવન છું."
પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. મેકવાન માગરેટબેન ફિલિપભાઈ તથા પરિવાર**
*સૂર્યનગર સોસાયટી, આણંદ*

### તૃતીય પુણ્યતિથિ



**સ્વ. પરમાર રામાભાઈ ટીસાભાઈ**
જન્મ: ૧૦-૧૦-૧૯૩૩ ★ અવસાન: ૨૦-૨-૨૦૧૪

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. લલિતાબેન (બબુબેન) રામાભાઈ પરમાર**
**તથા પરિવાર - મંજીપુરા**

# ધર્મભારતી

## કારિતાસ-કેન્સર અભિયાન

**નવી દિલ્હી** -કારિતાસ મૂળ લેટિન શબ્દ છે. કેથોલિક રીલિફ ડેવલોપમેન્ટ એન્ડ સોશ્યલ સર્વિસ ઓર્ગેનાઈઝેશન-કારિતાસ નામે પ્રચલિત છે. 'પડોશી પ્રત્યે માનવસહજ અનુકંપા' સંસ્થાનો મુદ્રાલેખ છે. જરૂરિયાતમંદને સરળતાથી સહાય, આંતરરાષ્ટ્રીય વિકાસ અને સમાજસેવાના ધ્યેયને સમર્પિત સંસ્થાનો આરંભ ૯ નવેમ્બર ૧૮૯૭માં લોરેન્સ વર્થમેન દ્વારા કરવામાં આવ્યો હતો. તેનું કાર્યક્ષેત્ર સમગ્ર વિશ્વ છે અને સંસ્થાનું વડુ કાર્યાલય વેટિકન ખાતે છે. વિશ્વવ્યાપી સંગઠન કારિતાસની ભારતીય શાખાએ કેન્સર પીડિત લોકોને મદદમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. કારિતાસ ઈન્ડિયાના કાર્યકારી નિર્દેશક ફાધર ફ્રેડરિક ડિસોઝાએ જણાવ્યું કે જીવનપરિપૂર્ણ બને, જીવનનું રક્ષણ કરવા તથા જીવન મૂલ્યોને પોષણ મળે તે હેતુથી આ તપઋતુમાં ભૂખમરો તથા ખાસ કરીને કેન્સરના રોગ અંગે વિશેષ અભિયાન ચલાવવામાં આવશે. આ અભિયાનનો મુદ્રાલેખ 'જીવન પ્રત્યે હા તથા કેન્સરને ના' તેવો રહેશે.

ભારતમાં ૨૫ લાખ લોકો કેન્સરનો ભોગ બન્યા છે. જેમાં દર વર્ષે ૭ લાખ લોકોનો ઉમેરો થાય છે તથા નેશનલ કેન્સર નોંધણી પ્રોગ્રામ મુજબ ૫,૫૬,૪૦૦ લોકો કેન્સરથી મૃત્યુ પામ્યા છે.ફાધર ડિસોઝાએ જણાવ્યું હતું કે કરિતાસ ઈન્ડિયા દ્વારા કેરલ રાજ્યમાં ૮મી માર્ચ ૨૦૧૪થી 'આશા કિરણમ્ કેન્સર અભિયાન' શરૂ કરવામાં આવેલ છે જેમાં દર વર્ષે ૩૫૦૦૦ કેન્સરના દર્દીઓની નોંધણી થાય છે. આ અભિયાન પ્રગતિ કરી રહ્યું છે. તેમાં ૯૦૦ જેટલા સ્વયંસેવકો જોડાયા છે. જેમાં વિધાર્થીઓ, કલાકારો તથા જે લોકો કેન્સરના રોગમાં સ્વસ્થ થયેલ છે તેમનો સમાવેશ થાય છે. કેરલ બાદ તમિલનાડુ રાજ્યમાં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. ફાધર ડિસોઝાએ ઉમેર્યું હતું કે કેન્સર રોગ સામે કારિતાસ-ઈન્ડિયાનું આ અભિયાન પ્રેમની શક્તિ દર્શાવે છે. અભિયાનનો મુખ્ય હેતુ કેન્સર પ્રત્યે જાગ્રૃતિ લાવવાનો તથા કેન્સરના રોગનો તાત્કાલિક નિદાન કરવાનો તથા જીવન શૈલીમાં પરિવર્તન લાવવાનો છે.

*— વેટિકન ન્યૂઝ દ્વારા*

## વિશ્વ શાંતિ દિવસ

**મુંબઈ:** અહિંસાની છબીઓ એશિયાખંડમાં જોવા મળે છે. ભારતમાં મહાત્મા ગાંધી તથા સંત મધર થેરેસા અહિંસાની છબીને ઉજાગર કરે છે. તેમનાં અજોડ કાર્યો, ધર્મ અને સંસ્કૃતિની સીમાઓ પાર કરીને ઈશ્વરના પ્રેમની સાક્ષી પુરે છે. મુંબઈના ધર્માધ્યક્ષશ્રી તથા એશિયા ધર્માધ્યક્ષ સંમેલનના અધ્યક્ષ કાર્ડિનલ ગ્રેસિયસે ૫૦મા વિશ્વશાંતિ દિવસના પ્રસંગે ઉપર મુજબના શબ્દો કહ્યા હતા. વડાધર્મગુરુશ્રીએ શાંતિદિવસ-અહિંસા ઉપર આધારિત પત્ર પાઠવ્યો છે. જેમાં શાંતિ અને અહિંસાના દૂતો મહાત્મા ગાંધી, ખાન અબ્દુલ ગફાર તથા સંત મધર થેરેસાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વડાધર્મગુરુએ મહાત્મા ગાંધીજીનાં સંદર્ભમાં લખેલ છે કે તેઓ અહિંસાના પૂજારી હતા. ૨૦મી સદીમાં અહિંસાના સૌથી મોટા 'દૂત' હતા. દરેક ધર્મ અને જાતિના લોકોએ ગાંધીજીની આધ્યાત્મિક શક્તિને ઓળખીને તેને સહકાર આપ્યો છે.

કાર્ડિનલે ઉમેર્યું હતું કે બધા જ લોકોએ અહિંસાના માર્ગે પાછા વળવાની જરૂર છે તથા પ્રભુઈસુના સંદેશ તરફ પાછા ફરવાની જરૂર છે. મહાત્મા ગાંધીના જીવન ઉપર ગિરિપ્રવચનની ગાઢ અસર પડી હતી. ઈસુના ગિરિપ્રવચન આજે પણ આનંદથી ભરી દે છે. અહિંસા એ ફક્ત હિંસાનો અભાવ નથી. પરંતુ સહિષ્ણુતા, શાંતિ અને ક્ષમાની ભાવના છે. સમાજમાં શાંતિ, ન્યાય તથા હાંસિયામાં જીવતા લોકોને સન્માન આપવા માટે અહિંસા એક સાધન છે. મહાત્મા ગાંધીના અહિંસાના સંદેશની આજે સમગ્ર ભારત તથા વિશ્વને તાતી જરૂર છે.વડાધર્મગુરુએ સંત મધર થેરેસાને વર્તમાન સમયના 'દૂત' તરીકે ઉલ્લેખ કરેલ છે. સંત મધર થેરેસા જાતિ, ધર્મ, ભાષા અને સંસ્કૃતિની સીમાઓ પાર કરીને તેમના કાર્યો કરેલ છે. નગર બહાર રહેનાર ગરીબ લોકોને તેમણે મદદ કરી છે. કાર્ડિનલે ઉમેર્યું હતુ કે સંઘર્ષ અને મતભેદ હંમેશા રહે છે તેમજ અહિંસાની ભાવના શાંતિપૂર્ણ સંઘર્ષના સંકલ્પના માધ્યમથી સંઘર્ષનું નિરાકરણ કરવાની ઈચ્છા પેદા કરે છે. તેમણે કહ્યું હતું કે આ કાર્ય કઠિન છે પરંતુ આપણે આશાવાદી બનવું જોઈએ.*— વેટિકન ન્યુઝ દ્વારા*

## નોટબંધી-દાનમાં ઘટાડો

**એર્નાકૂલમ(કેરલ):** ૮નવેમ્બર, ૨૦૧૬ના રોજ જાહેર નોટબંધીને કારણે દક્ષિણ ભારતના કેટલાંક નગરોમાં-દેવળમાં એકાએક દાનમાં ઘટાડો નોંધાયો છે. સરકારની ઓચિંતી જાહેરાતના પગલે દક્ષિણ કેરલના એર્નાકૂલમ તથા કોટ્ટાયમ્ જિલ્લાઓના દેવળમાં દાનમાં ૪૦ % ઘટાડો જોવા મળ્યો છે. કેરળના કોર્મશિયલ નગર કોચીમાં રવિવારનું ધર્માદા ૩૦૦૦/- જેટલું નીચું ગયું છે. નાની નોટની અછતને કારણે દાનમાં ઘટાડો નોંધાયો છે. એમ ચંગનાચેરી આર્ચડાયોસીસના પ્રવક્તાએ જણાવ્યું હતું. "સામાન્યપણે રવિવારનું દાન ૭૦,૦૦૦/- ની આસપાસ હતું તે હવે માંડ ૪૮,૦૦૦/- જેટલું મળે છે, એમ તેમણે ઉમેર્યું હતું. મધ્યભારતના ભોપાલમાં પણ રવિવારનું દાન, ત્રીજા ભાગનું મળે છે." એમ ફાધર થોમસે જણાવ્યું હતું.

જો કે કેટલાંક વિસ્તારમાં નોટબંધીની અસર જોવા મળી નથી. દેશની રાજધાની દિલ્હી આર્ચડાયોસીસમાં કોઈ ઘટાડો નોંધાયો નથી. અત્યાર સુધી કોઈપણ ધર્મવિભાગે નોંધપાત્ર તફાવત થયાની જાણ કરી નથી. એમ પ્રવક્તા, ફાધર શવરી મૃત્યુએ જણાવ્યું હતું. સાગર(મધ્યપ્રદેશ) ધર્મપ્રાંત મોટાભાગે ગ્રામીણ વિસ્તાર હોવાથી નોટબંધીને કારણે રવિવારના દાનધર્માદા પર કોઈ અસર થઈ નથી એમ બિશપ એન્થોનીએ જણાવ્યું હતું. નોટબંધી પછી મિશન રવિવારના દાનમાં ધર્મજનોએ મોટી નોટ જમા કરી હતી. જે નોટબંધીની હકારાત્મક અસર હતી, પરંતુ સામાન્ય પ્રજા હાડમારી ભોગવે છે એમ ઝામ્બુઆના ફાધર રોકી શાહે પ્રતિભાવ આપ્યો હતો. 'આમારા લોકો ગરીબ છે, દાન સામાન્ય કરતાં પણ ઓછું મળે છે. તેઓ ભાગ્યે જ મોટી નોટ લાવે છે.'એવી વાત જમ્મુ-કાશ્મીરના ડાયોસીસન સોશ્યિલ સર્વિસના ડાયરેક્ટર ફાધર શાઈઝૂ ચાક્કોએ જણાવી હતી. *– UCAN*

# ધર્મગુર્જરી

## નાતાલ-નૂતનવર્ષ ઉજવણી

**ભૂમેલ(વડતાલ):** સતત ૨૨ વર્ષથી ‘જાગૃતિ બાળ પરિવાર’ અને યુવામિત્રોના સહયોગથી નાતાલ-નૂતન વર્ષની કેરલ સિંગિંગ, આનંદ મેળો, સાંસ્કૃતિક કાર્યક્રમ, રમતોત્સવ, ગરબા, ભજનમંડળી, સમૂહભોજન અને ખ્રિસ્તયજ્ઞ દ્વારા ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ‘બાળ પરિવારે’ ઈસુના જન્મનું જીવંત દૃશ્ય અને યુવામિત્રોએ ‘જાગ્યા ત્યાંથી સવાર’નાટક રજૂ કર્યું હતું. વડતાલ ધર્મવિભાગના સભાપુરોહિત રેવ. ફાધર માર્ટિન એસ.એફ.એક્ષ. અને સેંટ જોસેફ સેમિનરી નડિયાદના નિયામક ફાધર નિલેશ પરમારે અનુક્રમે નાતાલ તથા નૂતનવર્ષ નિમિત્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો.

નૂતન વર્ષની ઉજવણીમાં ‘બૂરાઈઓના પ્રતીકરૂપ’ ઓલ્ડમેન ૨૦૧૬નું દહન કરવામાં આવ્યું હતું.ઉજવણી નિમિત્તે કમ્યુનિટિ ડેવલોપમેન્ટ સેન્ટર(CDS) આણંદના સ્થાપક પ્રમુખ શ્રી મનોજ મેકવાન તથા સરદાર પટેલ યુનિવર્સિટીમાં અધ્યાપન કાર્ય કરતાં ડો. અલકાબેન મેકવાન હાજર રહ્યાં હતાં. તેમણે યુવાનોને વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં જોતરાઈને ઉજ્જવળ કારકિર્દી બનાવવા અનુરોધ કર્યો હતો. બી.બી.એન પ્રસ્તુત ‘માણસાઈની મહેક’ શોર્ટ ફિલ્મની રજૂઆતે સંદેશ પુરો પાડ્યો હતો. ફાધર ડૉ. વિનાયક જાદવ એસ.જે. ની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગામના બાળકો તથા યુવાનોએ એકજૂથ બની સમગ્ર ઉજવણીને સફળ બનાવી હતી.

*– ફ્રાન્સિસ પરમાર દ્વારા*

**ઉમરપાડાઃ** શ્રદ્ધાળુઓએ બાળઈસુના જન્મની પૂર્વ તૈયારી આગમનઋતુમાં ધર્મબોધ અને પ્રાયશ્ચિત સંસ્કાર દ્વારા કરી હતી. ઘેર ઘેર કેરોલ સિંગિંગ દ્વારા ઈસુના જન્મનો સંદેશ આપ્યો હતો. ખ્રિસ્તજયંતી જાગરણ નિમિત્તે સભાપુરોહિત ફાધર જુલિયસ પટેલે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો જેમાં ધર્મવિભાગનાં લગભગ તમામ ધર્મજનોએ ભાગ લીધો હતો અને ખ્રિસ્તયજ્ઞ બાદ ચા અને કેઈકની લિજ્જત માણી હતી. ખ્રિસ્તજયંતી પર્વનો ખ્રિસ્તયજ્ઞ ફાધર જોન ટોપ્પોએ અર્પણ કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ ધર્મવિભાગનાં ગામડાં તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ નાતાલ ઉજવણી નિમિત્તે રજૂ કર્યો હતો.

*– સૌજન્ય. Baroda Spot Light*

**ચકલાસી(નડિયાદ):** પ્રાથમિક શાળા રાંધરીમાં ૩૦ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ લિજીયન ઓફ મેરીના સભ્યગણ -શિવાભાઈ, હસમુખભાઈ, રમણભાઈ તથા જગપ્રકાશ સોસાયટીના બહેનોએ ઈસુજન્મના દૃશ્યની રજૂઆત કરી હતી. સાન્તાક્લાઝ (શિવાભાઈ) એ બાળકોમાં ચાકલેટ વહેંચી મનોરંજન પુરું પાડ્યું હતું. બાળકો, શાળાના ગુરુજનોએ સભ્યોનું સ્વાગત કર્યું હતું અને અલ્પાહાર દ્વારા પ્રેમ પ્રદર્શિત કર્યો હતો.

*– પ્રમુખશ્રી લિજીયન ઓફ મેરી દ્વારા*

**વડોદરાઃ** ઝેવિયર કેળવણી મંડળ સંચાલિત ઝેવિયર ગ્રીન સ્કૂલનો આરંભ બાર વર્ષ પહેલાં ઈસુસંઘી ફાધર જોલી નાડુંકુદીયેલ દ્વારા કરવામાં આવ્યો હતો, જેનો આશય અધવચ્ચે શિક્ષણ છોડી જનાર ગરીબ બાળકોને શિક્ષણ આપવાનો છે. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપન સ્કૂલિંગ સંલગ્ન સ્કૂલમાં બાલવાડીથી દસમા ધોરણ સુધીના ભાઈબહેનો અભ્યાસ કરે છે. શાળાની ત્રણ બેચમાંથી ઉતીર્ણ થયેલા વિધાર્થીઓ વિવિધ શાખાઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે.

૨૪ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ શાળામાં નાતાલની ઉજવણી કરવામાં આવી. શાળાના બાળકોએ ઈસુ જન્મની ઝાંખી સ્ટેજ પર કરાવી હતી. બાલવાડીના ડાન્સ ઉપરાંત વાલીઓ સાથે બપોરે ગરબાની રમઝટે નાતાલની ઉજવણી યાદગાર બની હતી. સંચાલક મંડળ, શાળાના કર્મચારીઓ, વિધાર્થીઓ તેમજ વાલીઓએ એક કુટુંબની ભાવનાથી ઉજવણી કરી હતી અને અરસપરસ શુભેચ્છાઓ પાઠવી હતી. *– આશિષ પરમાર દ્વારા*

**અમદાવાદઃ** સી.ટી.એમ. રામોલ ધર્મવિભાગના યુવાનોએ દેવળની સજાવટ એને ગભાણની રચના ઉત્સાહથી કરી હતી. ૨૮ ડિસેમ્બરના રોજ સમગ્ર ધર્મવિભાગના ધર્મજનો માટે વિવિધ રમતગમત, વિજેતાઓને ઈનામ વિતરણ અને ખ્રિસ્તયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૧મી રાત્રિએ આભાર માનતાં વિશેષ આરાધનાનું આયોજન કર્યું હતું. નવા વર્ષના ખ્રિસ્તયજ્ઞ બાદ શ્રી રમેશ ભરવાડ દ્વારા તમામ ધર્મજનોને મોંમીઠું કરાવ્યું હતું. *– પોલ વિલિયમ મેકવાન દ્વારા*

## માણસાઈની મહેંક

**ભૂમેલ(વડતાલ):** નાતાલ-૨૦૧૬ની ઉજવણી પ્રસંગે ભૂમેલ બ્રોડકાસ્ટિંગ નેટવર્ક(BBN) દ્વારા, નાતાલનો સંદેશ રજૂ કરતું એક લઘુચિત્ર(Short Film) ‘માણસાઈની મહેક’ પ્રથમવાર સોશ્યલ મીડિયા પર પ્રસારિત કરવામાં આવી. જેનું પ્રથમ પ્રસારણ ૨૪મી ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ આણંદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ઈસુસંઘ ગુજરાતના પૂર્વ પ્રાંતાધ્યક્ષ ફાધર ચંગનાશેરી, ‘દૂત’ના માનદ્ તંત્રી ફાધર ડો. વિનાયક જાદવ, સ્થાનિક ઈસુસંઘ પરિવાર તથા ધર્મજનો ઉપસ્થિત રહ્યા હતા. વળી આજ ફિલ્મ ખ્રિસ્તજયંતી જાગરણના ખ્રિસ્તયજ્ઞ દરમિયાન સેંટ ઝેવિયર્સ ચર્ચ આણંદ ખાતે પ્રદર્શિત કરવામાં આવી હતી.

જો ઈસુ આજે જન્મે તો તેમને જગ્યા મળે ખરી? આજે બાળઈસુને ક્યાં મળી શકીએ? જેવા સનાતન પ્રશ્નોને ફિલ્મમાં વાચા આપવામાં આવી છે. તેમાં સેલ્વીન મેકવાન, સેલિન દાવલા, વિપુલ સાધુ તથા અનિતા મેકવાને અભિનય આપ્યો છે. ફિલ્મના દિગ્દર્શક વિજય મેકવાન તથા કલાકારોને અભિનંદન. *– જયેશ મેકવાન દ્વારા*

## ક્રિકેટ ટુર્નામેન્ટ

**ઉમરેઠઃ** નાતાલ-નૂતનવર્ષની ઉજવણી નિમિત્તે સોસાયટી ઓફ વિન્સેન્ટ દે પોલ ઉમરેઠ અને ડોન બોસ્કો સોસાયટી કપડવંજ ના સંયુક્ત ઉપક્રમે ઉમરેઠ ડિનરીના યુવાન-યુવતીઓ માટે અનુક્રમે ડિવાઈન મર્સી ક્રિકેટ ટુર્નામેન્ટ અને મધર થેરેસા થ્રો બોલ ટુર્નામેન્ટનું આયોજન ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ સેંટ ઝેવિયર્સ પટાંગણ ઉમરેઠ ખાતે રાખ્યું હતું. મેચના દિવસે યુવાનોની ત્રણ ટીમ મેદાનમાં ઉતરી હતી. જેમાં ડિવાઈન મર્સી (જુનિયર ગ્રુપ) ઉમરેઠે, ડાકોર અને ઉમરેઠની ટીમને

પછાડી વિજેતા બની હતી. થ્રો બોલ ટુર્નામેન્ટ માત્ર ડાકોરની યુવતીઓ હાજર હતી જે મેચ રદ કરવી પડી હતી. ક્રિકેટ ટુર્નામેન્ટમાં બેસ્ટ બેટ્સમેન અને મેન ઓફ ધ સિરિઝ તરીકે સ્મિત મેકવાન, બેસ્ટ બોલર તરીકે પ્રસંન અને મેન ઓફ ધમેચ નિર્મલ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમને સંચાલકો તરફથી પ્રોત્સાહન ઈનામ રૂપે મંડળના પ્રતીકવાળાં ટીશર્ટ ભેટ આપવામાં આવ્યાં હતાં. ટુર્નામેન્ટનો આશય ખ્રિસ્તી યુવાન યુવતીઓને એકછત્ર નીચે લાવવાનો જ હતો. જે પ્રથમ પ્રયત્ને એટલો સફળ રહ્યો નથી! કેથોલિક સ્કૂલના વિધાર્થીઓ માટે 'ગુડવીલ સ્પોર્ટસ'નું આયોજન અમદાવાદ ધર્મપ્રાંત સ્તરે થાય છે, જો સ્કૂલિંગ પછીના યુવાન યુવતિઓ માટે કોઈપણ રમતની સ્પર્ધા નિમિત્તે યુવાસંગઠન માટે પ્રયાસ કરવામાં આવે તો બહેતર હશે.

*– મગનભાઈ પટેલિયા દ્વારા*

## ૨૯મો વાર્ષિકોત્સવ

**ઠાસરાઃ** સચ્ચિદાનંદ હાઈસ્કૂલના ૨૯મા વાર્ષિકોત્સવની ઉજવણી ૭ જાન્યુઆરી,૨૦૧૭ના રોજ શાનભેર કરવામાં આવી. જેનું ઉદ્‌ઘાટન ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે હાફિજી ઈસ્માઈલ અશરફ(મૌલાના જામા મસ્જિદ, ઠાસરા), નારાયણ આશ્રમ- અંબાવના મહંત સ્વામીશ્રી રાધારમણ દાસજી તથા અતિથિ વિશેષ તરીકે કાન્તિભાઈ પરમાર(જિલ્લા પંચાયત સદસ્ય, ખેડા જિલ્લો), શ્રી ભાવિનભાઈ પટેલ(ઉપપ્રમુખશ્રી, ઠાસરા નગરપાલિકા), ઉપરાંત મોટી સંખ્યામાં પુરોહિતગણ, સાધ્વીબહેનો, વાલીગણ ઉપસ્થિત રહ્યાં હતાં. મહાનુભાવોનું સન્માન પુષ્પગુચ્છ તથા શાલ અર્પણ દ્વારા કરવામાં આવ્યું હતુ.

શાળાના વિધાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં આદિવાસી, પંજાબી નૃત્યો તથા 'સરપ્રાઈઝ ગેઈમ' અને પિરામિડ રજૂ કર્યા હતાં. વર્ષ દરમિયાન વિશેષ સિધ્ધિ પ્રાપ્ત વિધાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતા. આચાર્યશ્રી ફાધર એસ. જસ્ટીન તથા ગુરુજનોએ શાળાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. વિવિધ ધર્મના પ્રતિનિધિઓની વાર્ષિકોત્સવમાં ઉપસ્થિતિ જોઈ મહાધર્માધ્યક્ષશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને સર્વધર્મ સમભાવ જાળવી રાખવા સંદેશ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી અલ્પેશભાઈ ખ્રિસ્તીએ કર્યું હતું. રાષ્ટ્રગીતના ગાન દ્વારા વાર્ષિકોત્સવ ઉજવણીનું સમાપન થયું હતું. *– સિ. પુષ્પા પટેલિયા દ્વારા*

## 'અમોરિયસ લેટેસિયા'પર સંગોષ્ઠિ

**નડિયાદઃ** ૧૦,૧૧ ડિસેમ્બર, ૨૦૧૬ના દિવસોમાં પાસ્ટરલ સેન્ટર ખાતે આ વર્ષે ધ વેસ્ટર્ન રીજિયન બિશપ્સ કાઉન્સિલ(WRBC) અને વેસ્ટર્ન રીજિયન કેથોલિક કાઉન્સિલ(WRCC)ની વાર્ષિક સભા મળી, જેમાં વડાધર્મગુરુ ફ્રાન્સિસના વૈશ્વિક પરિપત્ર અમોરિયસ લેટેસિયા' અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. સ્નેહાલય પરિવાર મુંબઈના મિ. ઓલ્વીન અને મિસિસ તુદી દાન્સિતે બેઠકનું સંચાલન કર્યું હતું. જેમાં 'અમોરિયસ લેટેસિયા'ના વિવિધ પાસાંની છણાંવટ ઉપરાંત ભારતમાં તેના અમલીકરણ અંગે વિચારણા કરવામાં આવી હતી. જૂથચર્ચા દરમિયાન પારિવારિક પ્રશ્નોની ગંભીર વિચારણા કરવામાં આવી હતી. ડાયોસીસના ફેમિલી લાઈફ સેલ દ્વારા ખ્રિસ્તી પારિવારિક જીવનને સમૃદ્ધ કરવાના સ્તુત્ય પગલાંની નોંધ સાથે આવનાર વર્ષ, માટે આયોજન પણ કર્યું હતું. નિર્મળ મિરિયમ દેવાલય- નડિયાદના વાર્ષિક તહેવારની ઉજવણી તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સદસ્યગણની હાજરી સૌને માટે પ્રેરક રહી હતી. પ્રત્યેક શ્રદ્ધાળુ માટે આ સંગોષ્ઠિ જીવનનો ચિરસ્મરણીય પ્રસંગ બની રહ્યો હતો. *– સૌજન્યઃ Baroda Spot Light*

## આત્મિક મહાયાત્રા

**ઉનાઈઃ** ૧૫.૦૧.૧૭ના રોજ દક્ષિણ ગુજરાતનું શિરમોર પવિત્ર દેવાલય 'સૃષ્ટિગાન મંદિર' ઉનાઈ ધામે દક્ષિણ ગુજરાત અને ઉનાઈ પેરિસ, પવિત્ર કુટુંબ મહાયાત્રનો તહેવાર સંપૂર્ણ ઈશ્વરીય સામર્થ્ય સહ ભવ્ય મહિમામય રીતે ઉજવાય ગયો, જેમાં બરડીપાડા, વ્યારા, માંડળ, પિંપરી(ડાંગ), ધરમપુર(ફુલવાડી), દઢવાડા, ઝંખવાવ અને ઉનાઈ પેરિસના સત્તાવીસ ધર્મમંડળીના ભક્તો ચારેબાજુથી ઉમટી પડ્યા હતા. આ મહાયાત્રાનો શુભારંભ ગુલાબમાળાની ભક્તિથી કરવામાં આવ્યો હતા. ત્યારબાદ મહા પરમપૂજા વિધિ અર્પણ કરવામાં આવી હતી. જે વિધિને આદિવાસી પરંપરાઓની સાંસ્કૃતિક ઝલકનો ઓપ આપી ઈશ્વરીય હાજરીની અનુભૂતિ કરાવનાર બનાવી હતી. આ મહાપરમપૂજાના મુખ્ય અતિથિ પુરોહિત ફાધર ડો. વિનાયક એસ.જે. હતા, જેમણે પવિત્ર કુટુંબ મહાયાત્રાના પ્રસંગે આત્મિક ભાથું પૂરું પાડ્યું હતું. જેમાં સાંપ્રત કુટુંબ અને વ્યવસ્થાને છિન્ન ભિન્ન થતી અટકાવવા કુટુંબના કેન્દ્રમાં પ્રભુ ઈસુને રાખી કુટુંબને સશક્ત બનાવવા આહવાન કર્યું હતું. કુટુંબ= શ્રધ્ધા +આચરણ + આગેવાનીનું સૂત્ર આપી સર્વ ભક્તોને ઈશ્વરીય કુટુંબની રચના કરવા ટહેલ નાખી હતી.

'યુવાવર્ષ'ની ઘોષણા એ મહાયાત્રાનું નજરાણું હતું. આ તહેવાર નિમિત્તે ઉનાઈ પેરિસે ૨૦૧૭ના વર્ષને 'યુવાવર્ષ' તરીકે જાહેર કર્યું છે. જે અંતર્ગત આ વર્ષ દરમિયાન ઉનાઈ પેરિસના નવયુવાનો પોતાના સ્વવિકાસ સાથે ધર્મમંડળીને સશક્ત અને સંગઠિત બનાવવા નેતૃત્વ લઈ શકે તે માટે વિવિધ વાર્ષિક યુવા ઉત્કર્ષ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. જેની મુખ્ય વિચારધારા 'Talent' છે.

દિવ્ય મહાપરમપૂજા બાદ માતા મરિયમ, જોસેફ અને બાળઈસુના પવિત્ર કુટુંબના સરઘસમાં સર્વભક્તો જોડાયા હતા. સરઘસના રૂપમાં સર્વ મુખ્ય દેવાલયમાં ભેગા થયા હતા જ્યાં ફાધર લૂઈસે દિવ્ય આરાધનાનું સંચાલન કરી ભક્તોને ઈશ્વરીય હાજરીનો દિવ્ય અનુભવ કરાવ્યો હતો. અંતમાં સર્વભક્તોએ પવિત્ર કુટુંબનાં દર્શન સાથે પુરોહિતગણ મારફતે આશીર્વાદ મેળવ્યા હતા.પવિત્ર કુટુંબ મહાયાત્રા તહેવારની ઉજવણી ઉનાઈ પેરિસની સર્વ ધર્મમંડળીઓ માટે આશીર્વાદરૂપ બની રહી. ભક્તોના આધ્યાત્મિક મૂળિયાં મજબૂત થતાં મંડળીના નેતૃત્વમાં સિંહફાળો આપ્યો છે, સાથે નવયુવાનો નવીન જવાબદારીઓ નિભાવવા અગ્રેસર બન્યા છે.

*– ગામીત જોન એસ.(પીઠદરા) દ્વારા*

“ઓ થાકેલાઓ અને ભારથી કચડાયેલાઓ તમે બધા મારી પાસે આવો હું તમને આરામ આપીશ.” (માથ્થી ૧૧:૨૮)

## તપઋતુ દરમિયાન ચિંતન શિબિર

# કરિશ્માઈ બાઈબલ અધિવેશન




**પ્રવક્તા :** ફા. ટૉમી અને ટીમ, બિલાસપુર ■ **તારીખ :** ૩૧ માર્ચ થી ૨ એપ્રિલ, ૨૦૧૭

**સ્થળ:** કેથોલિક ચર્ચ, ગામડી-આણંદ પટાંગણ ■ **સમય :** બપોરે ૨ થી સાંજના ૭.૩૦ સુધી

**તમારી સહભાગીતા એ જ અમારો આનંદ**

ઝેવિયર પરિવાર, ગામડી-આણંદ






‘ડિયર પોપ ફ્રાન્સિસ’ અંગ્રેજી પુસ્તકનો ગુજરાતી અનુવાદ, ગુજરાત સાહિત્ય પ્રકાશ - ગામડી આણંદ દ્વારા જાન્યુઆરી ૨૦૧૭માં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

પુસ્તકની કિંમત ૧૦૦/- છે.૨૦ કે તેથી વધારે નકલ મેળવનારને ૨૫% વળતર આપવામાં આવશે. પોસ્ટથી નકલ મેળવનારને વધારાના ૧૦૦/- ચૂકવવાના રહેશે.


**પ્રાપ્તિ સ્થાન:** ગુજરાત સાહિત્ય પ્રકાશ,આણંદ

**નોંધ :** ‘વહાલા પોપ ફ્રાન્સિસ’,

પુસ્તક પરિચય માટે : જુઓ પાન નંબર-૩૭

# સ્મરણાંજલિ... ભાવાંજલિ... પ્રેમાંજલિ...







"દિવ્ય તૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો...
દયામય! મંગલ મંદિર ખોલો,
દયામય! શિશુને ઉરમાં લો, લો."

## સ્વ. સ્મિથ નિસાર ક્રિશ્ચિયન

આગમન
૦૯-૦૪-૨૦૦૩

નિર્ગમન
૧૬-૧૧-૨૦૧૬

**સ્મિથ બેટા**, આવ્યો અને લઈ
આવ્યો 'સ્મિત' સર્વનાં હોઠ પર
અને તું ચાલ્યો ગયો દૂર બેટા,
અચાનક, ઉતાવળે સર્વનાં હોઠનું સ્મિત લઈને
સદાય માટે... દીકરા, બાપુ વગર
ન ચાલ્યું કે આમ અચાનક બાપુના
ખોળામાં રમવા, લાડ કરવા ચાલ્યો ગયો
સદાયને માટે...! બેટા, પ્રભુ ઈસુની સંગમાં,
બાપુની સંગાથમાં રહેવા માટે આટલો
અધીરો બન્યો કે ના જોયું તેં કોઈની સામે!
પરમપિતા તારા કોમળ આત્માને શાંતિથી
ભરી દે તેવી પ્રભુ ઈસુની અરજ...

બાપુ, આ શું થયું? કે તમે સ્મિથને બોલાવી લીધો. બાપુ સ્મિથને ખૂબ નાની ઉંમરમાં પરલોકે મોકલ્યો છે. ખૂબ સંભાળ રાખજો, ખૂબ લાડ કરાવજો અને પ્રેમથી ભીંજવી નાખજો, એ જ વિનંતી..

બેટા! love you and miss you a lot...

**તને ન મળી શકવાના રંજ સહ**
**તારી દુઃખી ફોઈ અને પરિવાર**

**ખાસ આભારઃ** *ફાધર વિન્સી, ફાધર ટોની (લીમડાપુરા) અને ફાધર ફ્રાન્સિસ રેક્સ (પેટલાદ).*

# ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"મને શોધશો નહિ, હું ઈશ્વરના ધામમાં છું."**

## સ્વ. લ્યુસિનાબેન મૂળજીભાઈ પરમાર

જન્મ: ૦૯-૦૮-૧૯૩૭

અવસાન: ૧૨-૦૨-૨૦૧૩



સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી!
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી!
આપની વિદાયને જોતજોતામાં ચાર વર્ષ વીતી ગયાં!
પળના વિલંબ વિના તમે પહોંચી ગયાં પ્રભુના ધામમાં.
અંકુરીત જીવનની અંજલિ આપીને
આસમાનમાં તારો તમે બની ગયાં.
આખી જિંદગી પરિશ્રમ કર્યો, કર્તવ્યનિષ્ઠ,
વ્યવહાર કુશળતા અને કુટુંબ પ્રત્યેનો
પ્રેમ તમે આપતાં ગયાં.
આપના સદ્‌ગુણો અમારો,
આદર્શ બની રહે એજ પ્રાર્થના.
કુટુંબની પ્રગતિનું પહેલું પગથિયું બનેલ
તમને અમારાં કોટિ કોટિ વંદન.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે
એજ અમારી પ્રાર્થના.

**લિ.**

**સ્વ. મૂળજીભાઈ (ઈમાનુએલ) દેવજીભાઈ પરમાર**

**તથા આપનો સમગ્ર પરિવાર અને આપનાં બાળકો**

| | |
|---|---|
| **ભાવનાબેન દેવદત્તભાઈ મોગરિયા (પુત્રી)** | **જિજ્ઞાસાબેન રાકેશભાઈ મેકવાન (પુત્રી)** |
| **બ્રાયન, બ્લેસી** | **સ્વપ્નીલ** |
| **ચાવડાપુરા, આણંદ** | **પેટલાદ** |

PAVAN HRUDAYA DOOT, February, 2017 No. of Pages 56 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17. Licensed to post without Prepayment Up to 31.12.2016
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

**આવો પધારો... કોરવી માતાના ધામે...**



"પ્રણામ! તારી ઉપર પ્રભુની કૃપા ઉતરી છે, પ્રભુ તારી સાથે છે." (લૂક ૧:૨૮)

# કોરવી માતાનાં સર્વ ભક્તજનોને જાહેર આમંત્રણ

કોરવી માતાની નવ દિવસની ભક્તિ, ગુલાબમાળાની ભક્તિ, ખ્રિસ્તયજ્ઞ અને રોગમુક્તિની પ્રાર્થના તા.૦૧-૦૨-૨૦૧૭ બુધવારથી ૦૯-૦૨-૨૦૧૭ ગુરૂવાર સુધી સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ સુધી રહેશે.

## તા.૧૦-૦૨-૨૦૧૭ શુક્રવારના રોજ કોરવી માતાના મેળાનો કાર્યક્રમ

★ ખ્રિસ્તયજ્ઞ : સવારે ૭.૦૦ કલાકે
★ ખ્રિસ્તયજ્ઞ : સવારે ૯.૦૦ કલાકે
★ ગુલાબમાળની ભક્તિ સવારે ૧૧.૩૦ કલાકે
★ મહાખ્રિસ્તયજ્ઞ : બપોરે ૧૨.૦૦ કલાકે
★ ખ્રિસ્તયજ્ઞ : સાંજે ૪.૩૦ કલાકે

**નોંધઃ** ૧) દર રવિવારે ૧૧.૦૦ વાગે ખ્રિસ્તયજ્ઞ રહેશે.
૨) દર મહિનાના પૂનમની રાત્રે ૯.૦૦ થી ૧૧.૦૦ સુધી કોરવી માતાના ધામમાં ગુલાબમાળાની ભક્તિ, ખ્રિસ્તયજ્ઞ, આરાધના, અને રોગમુક્તિની પ્રાર્થના થાય છે.



## કોરવી માતાના ભક્તિ મેળામાં સર્વ ભક્તજનોને ભાવભીનું આમંત્રણ

**દેડિયાપાડા ધર્મવિભાગના ફાધર, સિસ્ટર અને સર્વ ધર્મજનો**

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan